Tuesday 01, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૯૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### વાપી મનપાની સામાન્ય સભામાં અનેક વિકાસના કામો મંજુર

## બલીઠા અન્ડબ્રીજ અને ચલાનો સર્વિસ રોડ પહોળો કરાશે





**પાણી-સેનિટેશન માટે સરકારી જમીનથી લઈ સર્વિસ રોડ પહોળો કરવા સુધીના નિર્ણયો લેવાયા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની મહત્વપૂર્ણ બેઠક આજે તારીખ ૩૧ ઓગસ્ટ અને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને મોરારજી દેસાઈ શોપિંગ સેન્ટરના બીજા માળે આવેલા મીટિંગ હોલ ખાતે યોજાઈ હતી. જેમા વાપી શહેરના માળખાકીય વિકાસ, પાણી પુરવઠો, સેનિટેશન, માર્ગ વ્યવસ્થા, આવાસ અને મહાનગરપાલિકાના વહીવટી માળખાને વધુ સુદૃઢ બનાવતા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સભામાં ચર્ચા થઈ હતી અને મોટા ભાગના તમામ એજન્ડા મુદ્દાઓને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલી વહીવટી ખર્ચની ગ્રાન્ટ અંતર્ગતના કામોને મંજૂરી આપવામાં આવી હતી. શહેરમાં પાણી પુરવઠા અને સેનિટેશન વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા માટે વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી જરૂરી સરકારી જમીન મહાનગરપાલિકાને ઉપલબ્ધ કરાવવા માટે કલેક્ટરને કરવામાં આવેલી દરખાસ્તને પણ સભાએ સર્વાનુમતે મંજૂરી આપી હતી. આ નિર્ણયથી ભવિષ્યમાં પાણી પુરવઠા તથા સ્વચ્છતા સંબંધિત સુવિધાઓના આયોજન અને વિસ્તરણ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવાનો માર્ગ વધુ સરળ બનશે. બલીઠા ખાતે કાર્યરત નવા અન્ડરપાસથી કસ્ટમ ફ્રન્ટિયર રોડને જોડતા ચલા ચોકી ફળિયા તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૮થી વલસાડ રોડને જોડતા નવા અન્ડરબ્રિજને લાગુ સર્વિસ રોડને પહોળો કરવા માટે જરૂરી રસ્તા સંપાદનની કાર્યવાહી ને બહાલી અપાઈ. આ મુદ્દે સભ્ય ખંડુભાઈ પટેલે રજૂઆત કરી હતી કે, રસ્તા પહોળા કરવાની કામગીરી દરમિયાન કોઈ ગરીબ પરિવારના ઘર કે રહેણાંક મકાનને નુકસાન ન થાય તેની ખાસ કાળજી રાખવામાં આવે. જે અંગે ડેપ્યુટી મેયર મિતેશભાઈએ જણાવ્યું હતું કે નિયમો અને સરકાર દ્વારા નિયત ધારાધોરણો મુજબ જ કરવામાં આવશે તથા સંપાદનની જરૂરી કાર્યવાહી દરમિયાન અસરગ્રસ્તોને નિયમોનુસાર યોગ્ય વળતર ચૂકવવામાં આવશે.

તેમજ વાપી મનપામા સિંગલ ટેન્ડર પ્રથા બંધ થવી જોઈએ તેમજ વર્ષોથી નવો બની રહેલો રેલવે ઓવરબ્રિજને લઈ લોકોને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈ તાત્કાલિક કામગીરી ઝડપી બનાવવાની માંગ કરી હતી.

જે અંગે ડેપ્યુટી મેયર મિતેશભાઈ જણાવ્યું હતું કે આ કામગીરી આરએનબી માં આવે છે અને આ અંગેની રજૂઆત અગાઉ કરી છે જેને લઈ હાલમાં ૭૦ જેટલા કામદારો બ્રિજના કામ કરી રહ્યા છે અને ચોમાસાની સિઝનને લઈ કામગીરી થોડી ધીમી થઈ રહી છે પરંતુ આવનારા દિવસોમાં ઝડપી બનાવી આ બ્રિજની કામગીરી પૂર્ણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. તેમજ વાપી મનપા વિસ્તારમાં સાફ સફાઈની કામગીરી ખૂબ જ નબળી હોવાને લઈ દરેક વોર્ડમાંથી લોકોની બૂમ પડી રહી છે જેને ધ્યાને લઈ દરેક વોર્ડમાં એજન્સીઓ મારફતે નવા કોન્ટ્રાક્ટ આપવામાં આવશે તેમજ વાપીમાં હિન્દુઓને મુસ્લિમોના તહેવાર દરમિયાન જ પાણી બંધ થતું હોવાની રજૂઆત વિરોધ પક્ષના સભ્ય ખંડુભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

વાપી મહાનગરપાલિકા હસ્તકની વર્ગ-૩ની જગ્યાઓ માટે તૈયાર કરવામાં આવેલા ભરતી તથા બઢતીના નિયમોને પણ સામાન્ય સભા દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. સભાના અંતિમ એજન્ડા મુદ્દા તરીકે તા. ૨૧/૦૮/૨૦૨૬ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ અંતર્ગત AHP પ્રોજેક્ટના DPRને બહાલી આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા બાદ પ્રોજેક્ટના DPRને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણયથી વાપી શહેરમાં આવાસની જરૂરિયાત ધરાવતા પાત્ર લાભાર્થીઓ માટે ભવિષ્યમાં વધુ સુવિધાયુક્ત અને આયોજનબદ્ધ આવાસ વ્યવસ્થા ઊભી કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. ગીતાનગર પ્રાથમિક શાળાના નવા મકાન માટે સભ્ય અજય મહેતા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી આ અંગે ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે નવી શાળાના મકાનના નિર્માણ માટે યોગ્ય સ્થળે જરૂરી જમીનની ઉપલબ્ધતા જરૂરી છે.

આ બેઠકમાં સ્થાયી સમિતિના ચેરમેન સતીશભાઈ પટેલ, શાસક પક્ષના નેતા ધર્મેશભાઈ પટેલ, દંડકશ્રીમતી સુનીતાબેન તિવારી, વિરોધ પક્ષના નેતા પીરમહંમદ મકરાણી, કમિશ્નર એન.એફ. ચૌધરી, નાયબ કમિશ્નર કિરણસિંહ રણા, નાયબ કમિશ્નર વિશાલ પટેલ સહિત વિવિધ શાખાના વિભાગીય અધિકારીઓ, અધિકારી-કર્મચારીઓ તથા ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉમરગામથી જપ્ત રૂ. ૨૬ લાખના હિંગના જથ્થાના નમુના રાજકોટ તપાસમાં મોકલાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૧ :** વલસાડ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ઉમરગામ તાલુકાની જીઆઈડીસી ખાતે પ્લોટ નં. ૨૮૩૭માં આવેલી Ever Green Food Mfg. Co., ખાતે રૂબરૂ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આ પેઢી દ્વારા EVEREST Food Products Pvt. Ltd. માટે હિંગનું જોબવર્ક કરવામાં આવે છે, જેથી તપાસ દરમિયાન ઉપલબ્ધ હિંગના જથ્થામાંથી ફૂડ સેફટી ઓફિસર દ્વારા નમૂના લેવામાં આવ્યા હતા. જેને પૃથ્થકરણ અર્થે રૂબરૂ રાજકોટ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં



આવ્યા છે. નમૂનાઓનો પૃથ્થકરણ અહેવાલ પ્રાપ્ત થયા બાદ અહેવાલના આધારે ખાદ્ય સલામતી અને ધોરણો અધિનિયમ, ૨૦૦૬ તથા તે હેઠળના નિયમો/વિનિયમો મુજબ આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તપાસ દરમિયાન Ever Green Food Mfg. Co. ખાતે કુલ ૪,૬૬૮.૮ કિગ્રા હિંગ પાઉડરનો જથ્થો, જેની કુલ કિંમત રૂ. ૨૬,૮૧,૩૪૦/- થાય છે, તે સીઝ કરવામાં આવ્યો છે. જેમાં Yellow Hing Powder (Loose)નો ૧,૧૯૯.૪ કિગ્રા જથ્થો, જેની કિંમત રૂ. ૫,૯૯,૭૦૦/- છે, તેમજ Black Hing Powder (Loose)નો ૩,૪૬૯.૪ કિગ્રા જથ્થો, જેની કિંમત રૂ. ૨૦,૮૧,૬૪૦ થાય છે.આમ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કુલ ૪,૬૬૮.૮ કિગ્રા હિંગ પાઉડરનો જથ્થો સીઝ કરી, તેના Enforcement Samples પૃથ્થકરણ અર્થે રાજકોટ લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યો છે. પૃથ્થકરણ અહેવાલ પ્રાપ્ત થયા બાદ નિયમોનુસાર આગળની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### ખાવડા-બોઈસર હાઈટેન્શન લાઈન સામે ખેડૂતોમાં રોષ

## ધરમપુર-કપરાડાના ખેડૂતોનું યોગ્ય વળતરની માંગ સાથે કલેક્ટરને આવેદન



**૭૬૫ કેવી હાઈટેન્શન લાઈન સામે ખેડૂતોનો વિરોધ, ટાવર બેઝ માટે ૪૦૦ % વળતરની માંગ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા અને નાનાપોંડા વિસ્તારમાંથી પસાર થતી ખાવડા-બોઈસર ૭૬૫ KV હાઈટેન્શન લાઈન તથા ૨૨૦ કેવી જેટકો વીજ લાઇનની કામગીરી સામે સ્થાનિક અસરગ્રસ્ત ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જમીનનું યોગ્ય વળતર ચૂકવ્યા વગર તેમજ જમીન માલિકોને પૂર્વ જાણ કે મંજૂરી લીધા વગર કામગીરી શરૂ કરી દેવાતાં 'અસરગ્રસ્ત ખેડૂત સમન્વય સમિતિ'ના આગેવાનોએ આજરોજ કલેક્ટર કચેરીએ પહોંચી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

ખેડૂતો એ માંગણી કરી કે વીજ લાઇન માટે આશરે ૬૭ મીટર પહોળો કોરિડોર ખેતીની જમીનમાંથી પસાર થાય છે. વીજ લાઈન કે ટાવર ઊભા થયા બાદ જમીનનો ભવિષ્યમાં બિનખેતી કે વાણિજ્યિક ઉપયોગ થઈ શકતો નથી. જેથી જમીનનું મૂલ્યાંકન માત્ર ખેતીની જમીનના દરે નહીં, પરંતુ બિનખેતી (કોમર્શિયલ) દરે કરવામાં આવે તેવી મુખ્ય માંગણી કરવામાં આવી છે.

ટાવર બેઝ માટે ૪૦૦ ટકા અને પાક-વૃક્ષો માટે ૨૦૦ ટકા વળતરની માંગ,ખેડૂત આગેવાનોએ ટાવર બેઝ માટે બિનખેતી બજાર કિંમતના ૪૦૦ ટકા વળતર ચૂકવવાની માંગણી કરી છે. આ ઉપરાંતરાઈટ ઓફ વે ( આર. એ કોરિડોરમાં આવતી જમીન માટે ૪૦૦ ટકા ના ૬૦ ટકા લેખે વળતર ચૂકવવા રજૂઆત કરી છે. વીજ લાઇનની કામગીરી દરમિયાન ફળાઉ કે અન્ય વૃક્ષો તેમજ પાકને નુકસાન થાય તો જમીન સંપાદન કાયદા મુજબ ૧૦૦ ટકા સોલેશિયમ સહિત કુલ ૨૦૦ટકા વળતર આપવા તથા બાંધકામ બાદ લાગુ પડતા તમામ વેરા વીજ કંપની દ્વારા ભરવાની માંગ કરાઈ છે.આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે સરકારી પરિપત્ર મુજબનું વળતર વાસ્તવિક નુકસાનની સરખામણીએ ઘણું ઓછું અને અપૂરતું છે.

કેટલાક સ્થળોએ ટાવર ઊભા થઈ ગયા હોવા છતાં ખેડૂતોને હજુ સુધી ચૂકવણી મળી નથી. વળી, ગામના સરપંચો અને જમીન માલિકો સાથે સંકલન કર્યા વગર મનસ્વી રીતે કામગીરી કરાઈ રહી છે.

ખેડૂતોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જ્યાં સુધી યોગ્ય વળતર નક્કી કરી ચૂકવણી કરવામાં નહીં આવે, ત્યાં સુધી અસરગ્રસ્ત ગામોમાં હાઈટેન્શન લાઈનનું કામ ચાલુ કરવા દેવામાં આવશે નહીં. જો માંગણીઓ સંતોષાશે નહીં તો ધરમપુર અને કપરાડા તાલુકાના તમામ અસરગ્રસ્ત ગામોના ખેડૂતોને એકત્રા કરી ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

## દમણમાં સ્થાનિક સ્વરાજય દિવસની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૧ :** લગભગ ૪૫૦ વર્ષ જૂની દમણ નગરપાલિકાએ સોમવારે સ્થાનિક સ્વરાજ્ય દિવસની ઉજવણી કરી હતી. દમણ નગરપાલિકાનો ઈતિહાસ ૧૫૮૧નો છે. આ પ્રસંગ નિમિત્તે નગરપાલિકા પરિસરમાં એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. માહિતી અનુસાર, મ્યુનિસિપલ અધિકારીઓ અને કર્મચારીઓ માટે સ્થાનિક સ્વરાજ્યપાલ દિવસ ઉજવવાની પરંપરા ૧૮૮૨માં પોર્ટુગીઝ શાસન દરમિયાન શરૂ થઈ હતી. ભારતની સ્વતંત્રતા પછી, ૧૯૯૩ માં એક નિયમન પસાર કરીને આ ઉજવણીને સત્તાવાર રીતે પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન દમણ નગરપાલિકાના પ્રમુખ દીપિકાબેન ટંડેલે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. તેમની સાથે અસ્પી દમણિયા, તમન્ના ખોજા, પ્રવીણા રાણા, પિયુષ પટેલ, સીતારામ અને અન્ય લોકો હાજર રહ્યા હતા. ત્યારબાદ મ્યુનિસિપલ કાઉન્સિલરોએ અધિકારીઓ અને કર્મચારીઓને બોલવાની તક આપી. કર્મચારીઓએ તેમના કાર્ય અનુભવો, જવાબદારીઓ અને મ્યુનિસિપાલિટીમાં થઈ રહેલા કાર્ય વિશે માહિતી શેર કરી.આ પ્રસંગે મ્યુનિસિપલ અધિકારીઓ અને કર્મચારીઓનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કર્મચારીઓને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

૪૫૦ વર્ષથી વધુ જૂના સ્થાનિક સ્વરાજ્યના ઈતિહાસ અને પરંપરા સાથે જોડાયેલી આ ઘટનાએ દમણની ઐતિહાસિક મ્યુનિસિપલ સિસ્ટમની અનોખી ઓળખને આગળ લાવી.

## ડુંગરીના અસરગ્રસ્ત ખેડૂતોને હાઈકોર્ટ તરફથી રાહત

**NH-૪૮ પર NHAIની તોડફોડ પર ૧૬ સપ્ટેમ્બર સુધી રોક લગાવી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** નેશનલ હાઈવે ૪૮ પર આવેલા ડુંગરી ગામના અસરગ્રસ્ત ખેડૂતો અને મિલકતધારકો માટે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ વચગાળાની રાહત આપી છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા હાઈવેના સેન્ટર પોઈન્ટથી ૪૦ મીટરમાં રહેઠાણો અને ૭૦ મીટરમાં હોટેલ-ધાબા જેવા બાંધકામો હટાવવા માટે નોટિસો ફટકારવામાં આવી હતી, જેને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. અરજદારો વતી જાણીતા ધારાશાસ્ત્રી આનંદભાઈ યાજ્ઞિકે ધારદાર રજૂઆત કરી હતી કે અસરગ્રસ્તોની જમીનનું કાયદેસર સંપાદન થયું નથી. તેથી આ જમીન નેશનલ હાઈવેની માલિકીની ન ગણાય અને NHAI દ્વારા આપવામાં આવેલી નોટિસ કાયદાકીય રીતે ટકી શકે નહીં. હાઈકોર્ટે નોંધ્યું હતું કે સુપ્રીમ કોર્ટના નિયમ મુજબ અસરગ્રસ્ત પક્ષકારોને સાંભળવા જરૂરી છે.

કોર્ટના નિર્દેશ મુજબ આગામી ૭મી સપ્ટેમ્બર સુધીમાં અરજદારોની રજૂઆત સાંભળીને ૧૬મી સપ્ટેમ્બર સુધીમાં નોટિસની કાયદેસરતા અંગે નિર્ણય કરવાનો રહેશે. ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ૧૬ સપ્ટેમ્બર સુધી અરજદારોની મિલકતો સામે કોઈ પણ -કારની તોડફોડની કાર્યવાહી કરવામાં આવશે નહીં, જે બાબતનો NHAI ના વકીલે પણ સ્વીકાર કર્યો છે. જોકે, આ રાહત અને મનાઈ હુકમ માત્ર હાઈકોર્ટમાં ગયેલા અરજદારોને જ લાગુ પડશે. જે વ્યક્તિઓ કોર્ટમાં પહોંચ્યા નથી તેમની મિલકતો સામે NHAI ગમે ત્યારે નિયમ મુજબ કાર્યવાહી કરી શકે છે. આ સમગ્ર પ્રક્રિયા અને કાનૂની લડતમાં રૂપેશભાઈએ પણ મહત્વપૂર્ણ જહેમત ઉઠાવી છે. ઉલ્લેખનીય છે કે એડવોકેટ આનંદભાઈ યાજ્ઞિક છેલ્લા ઘણા સમયથી વલસાડ વિભાગ ખેડૂત સમાજ હેઠળ વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે ૧૨૦૦ ખેડૂતો, બુલેટ ટ્રેન ૪૦૦ ખેડૂતો તેમજ પાવરગ્રીડ પ્રોજેક્ટના અસંખ્ય અસરગ્રસ્તોના કાનૂની સહારો બની અસરકારક સેવા આપી રહ્યા છે.

### જોઈએ છે

(૧) વાપી ખાતે છરવાડા ગામે આવેલ શંકર ભગવાન ના મંદિર માટે પુજારીની જરૂર છે જેમને રહેવાની સગવડ પણ આપવામાં આવશે. ઈચ્છુક વ્યક્તિ એ સંપર્ક કરવો

(૨) વાપી છરવાડા ગામ ખાતે આવેલ ઓફિસ માટે લાયઝોનીંગ અને કલાર્કનુ કામ કરી શકે એવા માણસની જરૂર છે જેને લાયઝોનીંગના કામનો ઓછામાં ઓછો પાંચ વર્ષ નો હોવો જોઈએ. ઈચ્છુક વ્યક્તિ એ સંપર્ક કરવો

### વેચવાનું છે

વાપી મહાનગર પાલીકા ના છરવાડા રહેણાંક વિસ્તારમાં NA 2500 Sqf નો પ્લોટ જેમાં લાઈટ, પાણીની તથા રોડની સુવિધા સાથે વેચવાનો છે ઈચ્છુક વ્યક્તિ એ ઉપર સંપર્ક કરવો

**સંપર્ક નં : 8140977999**

## વાપીમાં સૌરાષ્ટ્રવાસી મહિલાઓ દ્વારા બોળચોથે ગાય-વાછરડાની પૂજા કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વાપીમાં વસતા સૌરાષ્ટ્રવાસી મહિલાઓ દ્વારા આજે શ્રાવણ વદ ચોથ એટલે કે બોળચોથના પવિત્ર દિવસે ગાય વાછરડાની પૂજા કરી ભોગ ચડાવી વ્રતની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર પંથક ના વાપી વિસ્તારમાં રહેતા પરિવારો દ્વારા આજે વાપીના દેસાઈવાડ ખાતે સાંજે પાંચ વાગ્યે મોટી સંખ્યામાં મહિલાઓ એકત્રિત થઈ ગાય અને વાછરડાની પૂજા કરી હતી.

બોળચોથના દિવસે સૌરાષ્ટ્ર પંથકની મહિલાઓ પોતાના સંતાનોના દીર્ઘાયુ, સુખ, સમૃદ્ધિ અને પરિવારની સુખાકારી માટે વ્રત અને ઉપવાસ કરે છે. પરંપરા મુજબ મહિલાઓએ ગાય અને વાછરડાને કંકુથી તિલક કરી, ચોખા અને ફૂલોની માળા અર્પણ કરી શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી હતી.

પૂજા બાદ ગાય તથા વાછરડાને બાજરી અને મગનો ભોગ ધરાવી ભોજન કરાવવામાં આવ્યું હતું. મહિલાઓએ પોતાના સંતાનોના સુખ-સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણવાપી દેસાઈવાડ ખાતે બોળચોથની પરંપરાગત ઉજવણીમાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

**Mo. No. 9825190301 /**

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S

## VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10


12th Year Anniversary

SPECIAL OFFERS

% Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

સંત બ્રહ્મલીન પ.પૂ. સાનેદાદાની ૨૪મી પૂણ્યતિથિ નિમિત્તે

## દેવસર નવનાથધામમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૩૧ :** દેવસર નવનાથ ધામના સંત બ્રહ્મલીન પ.પૂ. સાનેદાદાની ૨૪મી પુણ્યતિથિ નિમિત્તે બીલીમોરા સ્મશાનભૂમિ ખાતે આવેલા પવિત્ર આસ્થા વટના દર્શન અને પૂજન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. સાનેદાદાના અગ્નિસંસ્કાર સાથે જોડાયેલું આ પવિત્ર સ્થળ વર્ષોથી તેમના અનુયાયીઓ માટે આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યું છે. શ્રાવણ વદ પાંચમ, તા. ૨૮ ઓગસ્ટ ૨૦૦૨ના રોજ ગુરુદેવ સાનેદાદા બ્રહ્મલીન થયા હતા. બીલીમોરા સ્મશાનભૂમિ ખાતે તેમના અગ્નિસંસ્કાર બાદ આસ્થા વટનું વાવેતર કરવામાં આવ્યું હતું. આજે વિશાળ સ્વરૂપ ધારણ કરેલું આ વટવૃક્ષ સાનેદાદાની સ્મૃતિ, સંસ્કાર અને આધ્યાત્મિક પરંપરાનું પ્રતીક બની રહ્યું છે. નાથપંથની પરંપરાને વ્યક્ત કરતી પંક્તિ વડલો છે એ નાથપંથનો, ઘેઘુર ઘન ગંભીર અહીં જાણે સાકાર થતી અનુભૂતિ કરાવે છે.

નવનાથ ધામના વર્તમાન ગાદીપતિ પ.પૂ. છોટેદાદાએ બીલીમોરા સ્મશાનભૂમિ ખાતે આસ્થા વટના દર્શન કરી પૂજન કર્યું હતું અને બ્રહ્મલીન સાનેદાદાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે નવનાથ ધામ ખાતે ગુરુપાદુકા પૂજન પણ કરવામાં આવ્યું હતું. સાનેદાદાની સેવાભાવનાની પરંપરાને આગળ ધપાવતા પ.પૂ. છોટેદાદાના માર્ગદર્શન હેઠળ કાર્યરત ટ્રસ્ટ દ્વારા પુણ્યતિથિ નિમિત્તે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ યોજાઈ હતી. ગૌશાળામાં ગૌ-ગ્રાસનું દાન કરવામાં આવ્યું હતું. તેમજ છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે ભોજનની વ્યવસ્થા કરાઈ હતી. વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને નોટબુક, પેન્સિલ સહિતની જરૂરી સ્ટેશનરીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

સાનેદાદાએ સમાજને આપેલો બહુજન હિતાય, બહુજન સુખાયનો સંદેશ આજે પણ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા જીવંત રાખવામાં આવી રહ્યો છે. પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલી સેવાપ્રવૃત્તિઓ દ્વારા પરમાર્થ અને સેવાભાવની આ પરંપરાને વધુ વેગ મળ્યો છે. સમગ્ર વર્ષ દરમિયાન બ્રહ્મલીન પ.પૂ. સદગુરુ શ્રી સાનેદાદા મહા સમાધિ વર્ષ તરીકે વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમો યોજવામાં આવશે.

## પ્રગટેશ્વર ધામમાં સત્યનારાયણની કથા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૩૧ :** ખેરગામ તાલુકાના પાછળના મંદિર ફળિયા ખાતે સ્વયંભૂ બિરાજમાન પ્રગટ પ્રગટેશ્વર મહાદેવ- નાગનાગણ દંપતિયુક્ત સ્થાનકે શિવજીના શ્રાવણ માસ દરમિયાન દરરોજ શિવભક્તોનો ધસારો રહે છે.



પવિત્ર ગુરુવાર શ્રાવણ સુદ પૂનમ રક્ષાબંધન નિમિત્તે દમણના પ્રખર શિવભક્ત પ્રકૃતિ-અપ્પુ દંપતિ દ્વારા કથાકાર ભૂદેવ કશ્યપ જાની દ્વારા સત્યનારાયણ ભગવાનની કથા પૂજા અર્ચના અને આરતી પ. પૂ. પરભુદાદા-રમાબાના સાનિધ્યમાં કરવામાં આવી હતી. બાદમાં સૌ ભક્તોને મહાપ્રસાદ વિતરીત કરાયો હતો. પ્રગટેશ્વર દાદા ના ગર્ભ ગૃહ-પ્રાંગણમાં ત્રણ ત્રણ દિવસ સુધી મહારાષ્ટ્રના વિવિધ નવ મંડળ અખંડ શિવ ધૂન વીણા નાદ સાથે ગુનગુણાવી ઉપાસના કરે છે. અંતિમ બે દિવસ ગુજરાતના શિવ ભક્તો અખંડ ધૂનમાં સામેલ થશે. અત્રે કોરોના કાળમાં સાયકલ પર પ્રવાસ ખેડી પ્રગટેશ્વર ધામ થીતા. ૧૦-૩-૨૦થી તામિલનાડુના શ્રીતીર્થ રામેશ્વર મંદિર સુધી સાયકલ યાત્રા કરી પરત ત્યાંથી તા. ૧૯-૬-૨૦ એ અખંડ રામેશ્વરમ્ જ્યોત લાવેલા જેની સ્થાપના અત્રે થયેલી છે. જેના દર્શન માટે પણ શિવભક્તો આવે છે. અખંડ શિવ ધૂન, નાગજોડુ, શ્રાવણી અખંડ દિપ જ્યોતિ ના દર્શન કરી શિવભક્તો ધન્ય બને છે. પૂજ્ય પરભુ દાદાએ ઉપસ્થિત સૌ ભક્તોને શ્રીમન નારાયણ ધૂન સાથે ભક્તિ મહત્વ સમજાવી ધાર્મિક ભાવના પ્રબળ કરાવી હતી.

## સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલનાં અંતિમ દિવસે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટયા

**કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ પણ મુલાકાત લીધી : શુક્ર,શનિ-રવિની રજાઓમાં ગિરિમથક -વાસીઓથી ઉભરાયું,**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૩૧ :** ડાંગનાં ગિરિમથક સાપુતારા ખાતે છેલ્લા ૨૧ દિવસથી ચાલી રહેલા મોન્સ ફેસ્ટિવલના અંતિમ તબક્કામાં શનિ-રવિની રજાઓને પગલે પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. રાજ્યનાં કૃષિ વિભાગનાં કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ પણ પરિવાર સાથે સાપુતારા સહિત ડાંગની મુલાકાત લીધી હતી. ફેસ્ટિવલ દરમિયાન યોજાયેલા વિવિધ સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો તથા અનુકૂળ વરસાદી વાતાવરણને પગલે સાપુતારામાં પ્રવાસનનો માહોલ વધુ જામ્યો હતો. મોન્સૂન ફેસ્ટિવલની રજાઓના માહોલ વચ્ચે શનિવાર અને રવિવારે સાપુતારા પ્રવાસીઓથી ઉભરાઈ ગયુ હતુ. ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ખાનગી વાહનો તેમજ પ્રવાસી બસો મારફતે સાપુતારા પહોંચ્યા હતા. પ્રવાસીઓની વધતી



સંખ્યાને કારણે મુખ્ય પ્રવાસન સ્થળો પર ભારે ભીડ જોવા મળી હતી, જ્યારે પાર્કિંગની વ્યવસ્થા પણ ખોરવાતી જોવા મળી હતી. પ્રવાસન વિભાગ દ્વારા મોન્સૂન ફેસ્ટિવલ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. ખાસ કરીને સ્થાનિક કલાકારોને સ્ટેજ પરફોર્મન્સ માટે પૂરતી તક મળતા સ્થાનિકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ વચ્ચે ધુમ્મસ અને વરસાદી ઝાપટાઓથી સાપુતારાનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું હતુ. રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારામાં હરિયાળી, ધુમ્મસ, વરસાદ અને વિવિધ એડવેન્ચર એક્ટિવિટીઓ પ્રવાસીઓ માટે યાદગાર સંભારણું બની રહી છે. મોન્સૂન ફેસ્ટિવલના અંતિમ દિવસે વિકેન્ડની રજાઓમાં ઉમટેલી પ્રવાસીઓની ભીડને જોતા આ વર્ષે મોન્સૂન ફેસ્ટિવલ પ્રવાસીઓને સાપુતારા તરફ આકર્ષવામાં સફળ રહ્યો હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

## બુટલાવમાં કલેકટરે સ્થાનિક પ્રશ્નો તથા સરકારી સેવાઓ અંગે માહિતી મેળવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૩૧ :** નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ વહેલી સવારે નવસારી તાલુકાના બુટલાવ ગ્રામ પંચાયતની આકસ્મિક મુલાકાત લઈ ગ્રામ્ય વિસ્તારની વાસ્તવિક પરિસ્થિતિનો સીધો તાગ મેળવ્યો હતો. કલેક્ટરએ ગ્રામ પંચાયત ખાતે તલાટી કમ મંત્રી તથા સરપંચ સાથે મુલાકાત કરી ગામમાં ચાલી રહેલી વિવિધ કામગીરી, સ્થાનિક પ્રશ્નો તથા નાગરિકોને મળી રહેલી સરકારી સેવાઓ અંગે માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ ગામના આગેવાનો સાથે સીધો સંવાદ કરી તેમની રજૂઆતો અને પ્રશ્નો સાંભળ્યા હતા. રજૂ કરવામાં આવેલા પ્રશ્નોને ગંભીરતાપૂર્વક સાંભળી કલેક્ટરએ સંબંધિત સ્થળોની મુલાકાત લઈ પરિસ્થિતિનું જાત નિરીક્ષણ કર્યું હતું.

ક્લેક્ટર મનીષ ગુરવાની સમક્ષ રજૂ થયેલા ભૂમિ સીમાંકન લગત પ્રશ્નોના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે કલેક્ટરએ ઉપસ્થિત સંબંધિત અધિકારીઓને જરૂરી સ્થળ તપાસ કરી નિયમોનુસાર સમયબદ્ધ રીતે પ્રશ્નોનો નિકાલ કરવા તેમજ કામગીરીની નિયમિત દેખરેખ રાખવા કડક સૂચનાઓ આપી હતી.

કલેક્ટર મનીષ ગુરવાનીના આ આકસ્મિક મુલાકાતથી ગ્રામજનોમાં પણ પ્રશાસન પ્રત્યે વિશ્વાસની લાગણી વધુ મજબૂત બની હતી. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારના નાગરિકોની સમસ્યાઓને સ્થળ પર જઈ સમજી તેનો ત્વરિત ઉકેલ લાવવાની દિશામાં સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

કલેકટર મનીષ ગુરવાનીના ગ્રામ્ય મુલાકાત દરમિયાન સરપંચ ગીતાબેન ગણેશભાઈ હળપતિ, ઉપસરપંચ ધર્મેશભાઈ ખંડુભાઈ પટેલ, ઈ.ચા. તલાટી જીતુભાઈ ડી રાઠોડ, તાલુકા નાયબ મામલતદાર ગીતાબેન મકાવાના, ઈ.ચા સર્કલ ઓફિસર જીજ્ઞેશ એ. પટેલ હાજર રહ્યા હતાં.

## બીલીમોરા સોમનાથ મંદિરે કાવડિયાઓએ અંબિકા નદીના જળથી જળાભિષેક કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૩૧ :** બીલીમોરા સોમનાથ મંદિરે વીતેલા એક દાયકાથી ઉત્તર ભારતીય સમાજની આગેવાની માં યુવાનો કાવડ માં અંબિકા નદી નું પવિત્ર જળ લઈ આવી જળાભિષેક કરે છે. અહીં શ્રાવણી પૂનમ શુક્રવારે સવારે ૨૦૦ કાવડીયા બમ બમ ભોલેના નાદ સાથે જળાભિષેક કરવા પહોંચ્યા હતા. માર્ગ માં ઠેર ઠેર કાવડીયા શિવભક્તો નું સન્માન કરાયું હતું.



બીલીમોરા આંતલીયા જીઆઇડીસી સ્થિત શિવનાથ ગ્રુપના ૨૦૦થી વધુ યુવાનો શુક્રવારે વહેલી સવારે ભગવા ધારણ કરી ખુલ્લા પગે ગણદેવી તાલુકાના કછોલી ગંગેશ્વર મહાદેવના દર્શને ઉપડયા હતા. જ્યાં ભોલેનાથના દર્શન કરી મંદિરના પૂર્વાભિમુખ વહેતી અંબિકા નદી (ગંગા નદી)નું શુદ્ધ જળ કાવડમાં લઇ બમ બમ ભોલેના નાદ સાથે પગપાળા કાવડયાત્રા શરૂ કરી હતી. તેઓ ૧૫ કિ.મી.નું અંતર કાપી બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિર પહોંચ્યા હતા. માર્ગ મા ઠેર ઠેર કાવડીયા શિવભક્તો નું સન્માન કરાયું હતું. બીલીમોરા સોમનાથ મંદિર એ સદીઓ પૂર્વે સ્વયંભૂ શિવલિંગ પ્રગટ થયું હતું. જેની ઉપર તેમણે બમ બમ ભોલેના નાદ સાથે જળાભિષેક કર્યો હતો. અને દાદાના આશીર્વાદ લીધા હતા. એક દાયકાથી શિવનાથ ગ્રુપ કાવડયાત્રા યોજે છે.

## ખેરગામથી શ્રીજી પ્રતિમાને ધારાસભ્ય અરવિંદભાઈના હસ્તે પ્રસ્થાન કરાવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૩૧ :** દસ દિવસીય ગણેશોત્સવનું ઠેર ઠેર ભવ્ય આયોજન થઈ રહ્યું છે, અટગામના રોજાસામર ફળિયા ખાતે સ્થાપિત થનારી ભવ્ય ગણેશ પ્રતિમાની શોભાયાત્રા બાબાસાહેબ વર્તુળ-ખેરગામથી ૧૭૮-ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના વરદ હસ્તે વલસાડ જિલ્લા પંચાયત સભ્ય હેમલતા - માજી સરપંચ અશોકભાઈ અને પુત્ર રવિ દંપતિ દ્વારા (સાર્વજનિક મંડળ રોજાસામર પ્રમુખ) પૂજા અર્ચના આરતી કરવામાં આવ્યાં બાદ અતિ ભવ્ય રીતે રોકી સ્ટાર બુલેટ ડીજે સાથે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેને જિલ્લા




પંચાયતના માજી પ્રમુખ ભીખુભાઈ, માજી સરપંચ કાર્તિક તાપં સભ્ય ચેતન,જીજ્ઞેશ વિ. આગેવાનોએ પણ વિદાય આપી હતી.

નવા રોડ ખાતે જમા શાળા - સેગવા તરફ જતા એક બાજુનો રસ્તો બંધ કરી બીજી બાજુના રસ્તે અવરજવર ચાલુ રખાવી અટગામ સેગવાના યુવા સેવકો સારી સેવા બજાવી પોલીસતંત્ર વિના સરળ વ્યવસ્થા જાળવી હતી. રોકી સ્ટાર બુલેટનું દક્ષિણ ગુજરાતમાં નામ છે જેને સાંભળવા, પ્રકાશ વ્યવસ્થા જોવા અને ગાનારા સાથે તાલબદ્ધ નાચવા ઝૂમવા માટે સેકડો યુવા હૈયા અથાક અવિરત નૃત્યો કરતા હતા. ખેરગામથી લગભગ છ વાગ્યે પ્રસ્થાન થયેલ ગણેશ આગમન યાત્રા રોજાસામર ખાતે રાતે ૧૧:૩૦ આસપાસ પહોંચી હતી જેને જોવા માટે હજારો લોકો ધસારો કરતા હતા. સેગવા પ્રા. શાળા પાસે સાર્વજનિક યુવક મંડળે વિશેષ ઝગમગતો આગમન પંડાલ બનાવ્યો હતો.

## પીપલખેડ હાઈ.ના વિદ્યાર્થીઓ SGFI જિલ્લા કક્ષાની એથ્લેટિક્સમાં ઝળકયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૩૧ :** પીપલખેડ શ્રમજીવી સંસ્કાર સભા, બલવાડા સંચાલિત શ્રી એલ. આર. કોન્ટ્રાક્ટર વિદ્યાલય પીપલખેડ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ મદ્રેસા હાઈસ્કૂલ, નવસારી ખાતે યોજાયેલી SGFI જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના કુલ ૧૪ વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ -થમ સ્થાન મેળવી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ૭ વિદ્યાર્થીઓએ પ્રથમ, ૪ વિદ્યાર્થીઓએ દ્વિતીય અને ૩ વિદ્યાર્થીઓએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.



રાજ્ય કક્ષાએ ભાગ લેનાર પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ ક્રિષ્ના શાંતિલાલ ગાયકવાડ - ૮૦૦ મીટર દોડ, અન્ડર-૧૯ - પ્રથમ દેવકી ભુપેન્દ્ર ભાવર - ૩૦૦૦ મીટર દોડ, અન્ડર-૧૯ - પ્રથમ દિયા મુકેશ પટેલ - ૩૦૦૦ મીટર ઝલક ચાલ, અન્ડર-૧૯ - પ્રથમ અનંત કલ્પેશ માહલા - ૫૦૦૦ મીટર ઝલક ચાલ, અન્ડર-૧૭ - પ્રથમ ભાર્ગવ હસમુખ ગાયકવાડ - બીગનો દોડ, અન્ડર-૧૭ - પ્રથમ નૈતિક મહેશ ગાવીત - ૪૦૦ મીટર વિઘ્નદોડ, અન્ડર-૧૭ - પ્રથમ અવિનાશ સાયરસ - વિઘ્નદોડ, અન્ડર-૧૯ - પ્રથમ આ તમામ વિદ્યાર્થીઓ હવે રાજ્ય કક્ષાની SGFI એથ્લેટિક્સ સ્પર્ધામાં ભાગ લેશે. દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ દિવ્યાંશી રસિક દળવી - ૩૦૦૦ મીટર દોડ, અન્ડર-૧૭ - દ્વિતીય રાહુલ દિનેશ ચવધરી - હથોડા ફેંક, અન્ડર-૧૯ - દ્વિતીય સલોની કલ્પેશ દીવા - ઊંચી કૂદ, અન્ડર-૧૯ - દ્વિતીય તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ મિહિર નવીન ગાંગોડા - ૫૦૦૦ મીટર ઝલક ચાલ, અન્ડર-૧૭ - તૃતીય હાર્દિક હરિભાઈ - ૫૦૦૦ મીટર દોડ, અન્ડર-૧૯ - તૃતીય સ્મિત રાજેન્દ્ર તુંમડા - હથોડા ફેંક, અન્ડર-૧૭ - તૃતીય શાળાના વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ મંડળના પ્રમુખ ઉત્તમભાઈ, ઉપપ્રમુખ પરષોત્તમભાઈ અને મંત્રી જયંતીભાઈ તેમજ શાળાના આચાર્ય શૈલેષભાઈ દ્વારા તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓને સફળતા અપાવવામાં માર્ગદર્શન અને મહેનત બદલ શાળાના પી.ટી. શિક્ષિકા કલાવતીબેન, સચિનભાઈ અને હિરેનભાઈએ પણ વિદ્યાર્થીઓને અભિનંદન આપી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાંસદાની પ્રતાપ હાઈ.માં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૩૧ : વાંસદા** ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા વાંસદા ખાતે જિલ્લા સ્તરીય સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવ અંતર્ગત પ્રતાપ હાઈસ્કૂલથી એક ભવ્ય ગૌરવ યાત્રાનું આયોજન થયું હતું.

આ યાત્રાનું સંયુક્ત આયોજન શ્રી પ્રતાપ હાઈસ્કૂલ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ તેમજ બી.એડ. કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્કૃત સપ્તાહ મહોત્સવ વિક્રમ સંવત ૨૦૮૨, શ્રાવણ માસ શુક્લ પક્ષ દ્વાદશી અને કૃષ્ણ પક્ષમાં તા.૨૫થી ૩૧ ઓગસ્ટ દરમિયાન યોજાશે.

આ ગૌરવ યાત્રાને પ્રાંત અધિકારી ભાર્ગવ માહલાએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મામલતદાર મીત મોદી, કેળવણી મંડળના પ્રમુખ નટુભાઈ પંચાલ, પ્રતાપ હાઈસ્કૂલના આચાર્ય જયદીપસિંહ પરમાર, તાલુકા પંચાયત પ્રમુખ કૌશિકભાઈ પટેલ, ઉપપ્રમુખ અજય ગામીત, પમ્યુમનસિંહ સોલંકી અને ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓ વિવિધ કૃતિઓ, વેશભૂષા અને બેનરો સાથે જોડાયા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ભગવામય બની ગયું હતું. વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષામાં સ્લોગન બોલીને તેના પ્રચાર-પ્રસાર પર ભાર મૂક્યો હતો. કોલેજ અને હાઈસ્કૂલના શિક્ષકગણ પણ મોટી સંખ્યામાં આ યાત્રામાં સામેલ થયા હતા. આ ગૌરવ યાત્રા વાંસદા નગરના મુખ્ય માર્ગો પર ફરીને પરત શ્રી પ્રતાપ હાઈસ્કૂલ ખાતે સમાપ્ત થઈ હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૧-૦૯-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** શ્રાવણ, ચોથ, **સૂર્યોદય :** ૦૬ : ૨૫ **સૂર્યાસ્ત** ૦૬ :૫૩, **ચંદ્રોદય** - ૦૨:૧૦ **ચંદ્રાસ્ત** - ૧૨:૪૫ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - જ્યેષ્ઠા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** નાણાકીય તકલીફો અને વેપારની જૂની મુશ્કેલીઓનો સામનો કરવાનું સાહસ મળશે. નવા કાર્યોમાં સક્રિયતા વધશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આર્થિક ચિંતાઓથી લાંબા સમય બાદ રાહત મળશે. કોઈ પણ મોટો આર્થિક નિર્ણય લેતા પહેલા વિચાર કરવો, કોઈ છેતરી શકે છે. લેણદેણની બાબતોમાં સાવધાની રાખવી.

**મિથુન (ક, ઘ, ચ) :** આર્થિક કાર્યો સમયસર પૂરા થશે અને વ્યવસાયમાં મોટી સફળતા મળશે.

**કર્ક (ડ, હ) :** વેપારીઓ માટે આ દિવસ અત્યંત ફાયદાકારક અને સફળ સાબિત થશે. આવકના નવા સ્ત્રોત ખુલશે. અટકેલા સરકારી કામો પૂરા થવાથી મોટી રાહત મળશે.

**સિંહ (મ, ટ) :** નવી સંપત્તિ અથવા વાહન ખરીદવાના યોગ બની રહ્યા છે. લાંબા સમયની યોજનાઓ પૂર્ણ થશે. વેપારમાં સુધારો જોવા મળશે.

**કન્યા (પ, ઠ, ણ) :** નવો વ્યવસાય શરૂ કરવાથી ભવિષ્યમાં આવક વધી શકે છે. કોઈની પાસેથી ઉધાર કે લોન લેવાનું ટાળવું.

**તુલા (ર, ત) :** વ્યવસાયિક કરારો કે ડીલ આગળ વધશે. જો મિલકત ખરીદવા કે વેચવાનું વિચારી રહ્યા હોવ, તો આ ઈચ્છા પૂરી થઈ શકે છે. આર્થિક બાબતોમાં ગતિ આવશે.

**વૃશ્ચિક (ન, ય) :** નાણાકીય સ્થિતિ મજબૂત બનશે અને અટકેલા પૈસા પાછા મળી શકે છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આર્થિક દ્રષ્ટિએ આ દિવસ ઘણો જ સારો રહેવાનો છે. નવી યોજનાઓ હિંમત અને ધીરજથી પૂર્ણ કરશો તો મોટો ધનલાભ થઈ શકે છે.

**મકર (ખ, જ) :** કાર્યક્ષેત્રે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. સહકર્મીઓ તમારા કામથી પ્રભાવિત થશે. બિઝનેસ સંબંધિત મુસાફરી ફાયદાકારક સાબિત થશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** રાશિ શનિની સાડાસાતીના અંતિમ તબક્કામાં હોવાથી જૂની સમસ્યાઓ હળવી થશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** વેપારમાં લાભની નવી તકો સામે આવશે. અટકેલા નાણાં પરત મળવાથી આર્થિક સ્થિતિ સુધરશે.

## દમણ રેડિયો

**102.3 FM**

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ  નં.૬૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 2 | 6 | | 4 | 8 | 5 | |
| | | 6 | 1 | | 5 | 7 | | |
| 5 | | | | | | | | 2 |
| 3 | | | | 1 | | | | 5 |
| | | | 9 | | 8 | | | |
| 6 | | | | 4 | | | | 7 |
| 4 | | | | | | | | 6 |
| | | 3 | 2 | | 1 | 4 | | |
| | 8 | 5 | 4 | | 7 | 3 | 9 | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૬૩ નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 7 | 4 | 6 | 9 | 1 | 8 | 3 | 2 |
| 6 | 1 | 2 | 5 | 8 | 3 | 4 | 9 | 7 |
| 8 | 9 | 3 | 7 | 2 | 4 | 1 | 6 | 5 |
| 3 | 2 | 5 | 8 | 6 | 7 | 9 | 4 | 1 |
| 4 | 8 | 9 | 2 | 1 | 5 | 3 | 7 | 6 |
| 7 | 6 | 1 | 3 | 4 | 9 | 2 | 5 | 8 |
| 1 | 5 | 8 | 9 | 3 | 6 | 7 | 2 | 4 |
| 9 | 4 | 6 | 1 | 7 | 2 | 5 | 8 | 3 |
| 2 | 3 | 7 | 4 | 5 | 8 | 6 | 1 | 9 |

## ધોડીપાડામાં 'મન કી બાત' કાર્યક્રમ યોજાયો

### નશામુક્ત ભારતના સંકલ્પ સાથે બ્રહ્મકુમારી સંસ્થાએ શપથ લેવડાવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૩૧ :** ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે 'મન કી બાત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નીરવ શાહ, બ્રહ્મકુમારી સંસ્થાના આગેવાનો, જિલ્લા-તાલુકા પંચાયત સભ્યો, સરપંચો સહિત વિવિધ સમાજના આગેવાનો, યુવાનો તથા મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમનું નિહાળન કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીએ નશામુક્ત ભારતના નિર્માણ માટે સૌ દેશવાસીઓને સહયોગ આપવા અપીલ કરી હતી. આ સંદેશને અનુસંધાને ધોડીપાડા ખાતે બ્રહ્મકુમારી સંસ્થાના આગેવાનો દ્વારા ઉપસ્થિત સૌને નશામુક્તિના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન ઉમરગામ તાલુકા APMCના ઉપપ્રમુખ વિજયભાઈ પાટકર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં નશામુક્ત સમાજ અને સ્વસ્થ યુવા પેઢી માટે સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલમાં નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વાપી સ્થિત સીબીએસસી શાળા સમર્પણ જ્ઞાન સ્કૂલ ખાતે ૨૯ ઓગસ્ટના રોજ નેશનલ સ્પોર્ટ્સ ડે ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ અવસરે બાળકોને પ્રાર્થના સભા દરમિયાનનેશનલ સ્પોર્ટ્સ ડે, રમતગમતનું મહત્વ તેમજ મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદના જીવન અને યોગદાન વિશે માહિતી આપવામાં આવી હતી.આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતગમત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રમતગમતની સાથે ટીમવર્ક, શિસ્ત, આત્મવિશ્વાસઅનેનેતૃત્વનું મહત્વ અનુભવ્યું હતું.

આ પ્રસંગે શાળાના ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલે જણાવ્યું હતું કે, શાળાનો હેતુ વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક ક્ષેત્રે જ નહીં, પરંતુ રમતગમત સહિત દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભા વિકસાવવા માટે યોગ્ય તક અને પ્રોત્સાહન પૂરું પાડવાનો છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વિવિધ રમતગમત પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓએ આનંદ સાથે રમતભાવનાનો અનુભવ કર્યો હતો.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલ આ ઉજવણીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ રમતગમત પ્રવૃત્તિઓથી શાળાનું વાતાવરણ રમતમય બની ગયું હતું. શાળાના શિક્ષકો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે જરૂરી માર્ગદર્શન અને સહયોગ આપવામાં આવ્યો હતો.

## વાપીની શાળા-કોલેજમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** સંસ્કૃત સપ્તાહ ૨૦૨૬ અંતર્ગત શ્રીમતી સી. ડી.જે. રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર.એ કોમર્સ કોલેજ વાપીમાં પ્રિ.ડૉ.હેમાલીબેન દેસાઇના માર્ગદર્શન હેઠળ તા.૨૫/૮/૨૬ના રોજ નિવૃત્ત અધ્યાપક ડૉ. અજયભાઈ પટેલે સંસ્કૃત વ્યાકરણ વિષય ઉપર ટેકનોલોજીના માધ્યમ દ્વારા ખુબ જ સુંદર રીતે સમજ આપી વિદ્યાર્થીઓને વ્યાકરણથી માહિતગાર કર્યા હતાં.તા.૨૭/૮/૨૬ના રોજ સંસ્કૃત સુભાષિત અને ધ્યેયવાક્યોના પોસ્ટર બનાવી રસપૂર્વક ભાગ લીધો હતો.આ બન્ને દિવસ ડૉ.જયાબેન પરમારે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

વાપી તાલુકાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નામધા, વાપીતથા દેસાઈ એન.ડી.એન.હાઈસ્કુલ વાપી. અને માધ્યમિક શાળાચણોદ તથા વિદ્યાનિકેતન શાળા છરવાડા તથા કે.પી.વિદ્યામંદિર વાપીના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત ગૌરવયાત્રાના પ્રસ્થાન અને સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત અનેકવિધ કાર્યક્રમ યોજાયા. જેમાં ગણેશભાઈ પટેલ સ્વાગત -વિધિ, મેયરશ્રી દક્ષાબેન પટેલે આશીર્વચન, ડૉ.ઈન્દિરા પટેલે પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. જેમાં આચાર્યા સ્નેહલબેન કામલી, આચાર્યા ઋચિતા સોલંકી, આચાર્યા સંગીતાબેન, અરુણ સિંગ તેમજ શાળાના શિક્ષકગણ અને લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં સંસ્કૃતના મંત્રોચ્ચાર,ઉદઘોષથી તેમજ સંસ્કૃતના વેદો,વ્યાસ, વાલ્મીકિ જેવી અનેકવિધ વેશભૂષાની ભૂમિકા પ્રસ્તુત કરવામાં આવી હતી.

તા.૨૭/૮/૨૬ ના રોજ વિદ્યાનિકેતન શાળા છરવાડાના ડાયરેક્ટર મિતલબેન શાહની ઉપસ્થિતિમાં સંસ્કૃત ગ્રંથોનું પ્રદર્શન, રંગોળી, ચિત્રસ્પર્ધા, પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.તથા ડૉ.ઈન્દિરા પટેલે સંસ્કૃત સમ્ભાષણ વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યાં હતાં. સર્વ શિક્ષકગણના સહકારથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### અતુલ રુરલ ડેવલપ ફંડ અને આર.એન.સી .આઈ હોસ્પિટલ વલસાડ દ્વારા

## નારગોલ ટાટા વાડિયા હાઈસ્કુલમાં ફ્રી આઈ ચેકઅપ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** મરીન પોલીસ સ્ટેશન ના પી.આઈ. વસાવા મેડમ,માજી સરપંચ જયેશ બારીઆ, માછી સમાજના પ્રમુખ શૈલેષ હોડીવાળા, સામાજિક કાર્યકર અને ભંડારી સમાજ પૂર્વ વિભાગના પ્રમુખ રાકેશ ભંડારી, ગ્રામ પંચાયત સભ્ય પ્રવિણભાઈ, સામાજિક કાર્યકર અશોકભાઈ પ્રિતમનાની, ચેતનભાઈ ગજરે,અતુલ રુરલ ડેવલપમેન્ટ તેમજ આર.એન.સી ના ડોક્ટરો તેમજ ૯૬-૯૭ ના વિધાર્થી ના આગેવાન મનીષભાઈ અને એમની ટીમ દ્વારા કેમ્પ ને દીપ પ્રગટાવી ખુલ્લો મૂક્યો હતો. સમગ્ર કેમ્પ નો ૩૦૦ જેટલા દર્દીઓ એ લાભ લીધો જેમાં ૧૭૭ જેટલાંને વિના મૂલ્યે ચશ્મા તેમજ ૨૭ દર્દીઓને વિના મૂલ્યે મોતિયાનું ઓપરેશન કરી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ રીતે મનીષભાઈ રાઉત એન્ડ ગ્રુપ વર્ષોથી બ્લડ ડોનેશન કેમ્પ નું પણ ભવ્ય આયોજન કરે છે તેના કારણે નારગોલ સહિત સમગ્ર તાલુકાના દર્દીઓને ગુજરાત મહારાષ્ટ્ર સુધી વિના મૂલ્યે રક્ત મળી રહે છે.

માજી સરપંચ જયેશભાઈ બારિયા એ જણાવ્યું કે મનીષભાઈ એ ૧૦ દિવસ પહેલા સર્જરી કરાવી તેમ છતાં પણ લોક સેવા માટે તત્પર રહે છે એ સમગ્ર ગામ માટે લોક સેવાનો ઉત્તમ ઉદાહરણ છે. આવા કેમ્પથી અનેક નાના મોટા વ્યક્તિઓને સેવાનો લાભ મળી રહે છે. જે ખુબજ સહારણીય છે.



વાપી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પર દિવ્યાંગજનો માટે બનાવવામાં આવેલ શૌચાલય છેલ્લા ઘણા સમયથી તાળા બંધ હાલતમાં જોવા મળે છે, જેના કારણે દિવ્યાંગ મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

## વલસાડની શાહ એન.એચ. કોલેજમાં અધ્યાપક સજ્જતા કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજ વલસાડમાં તમામ અધ્યાપકો વર્તમાન શૈક્ષણિક પ્રવાહોથી સતત અપડેટ રહે તે માટે ઇન્ચાર્જ આચાર્ય વિજયભાઈ ચાંપાનેરીના પ્રમુખ પદે અધ્યાપક સજ્જતા કાર્યક્રમનું આયોજન થયું હતું. આ પ્રોગ્રામના રિસોર્સ પર્સન તરીકે આ જ કોલેજના પૂર્વ આચાર્ય ડો. જે. એમ. નાયકે સેવા આપી હતી. ડો. નાયકે સિલેબસથી કરિયર ઘડતર વિષય પર અધ્યાપકોને સંબોધન કર્યું હતું. વર્તમાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ યુગમાં એઆઈ હજી વધુ શક્તિશાળી બનશે પરંતુ અધ્યાપકોનું એ આઈ લઈ શકશે નહીં. પ્રિન્સિપાલ વિજયભાઈ ચાંપાનેરીએ વક્તાને શાબ્દિક આવકાર આપી -સંગિક ઉદબોધન કરી પુસ્તક રૂપી પુષ્પથી સ્વાગત કર્યું હતું. પ્રા. ડો. જરીવાલાએ સભા સંચાલન અને પ્રા. નીલમબેને આભાર વિધિ કરી હતી.

## યુગાન્ડમાં ધરમપુરના આશિષભાઈ વ્યાસની શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૧ :** યુગાન્ડાની રાજધાની કંપાલામાં શ્રી સનાતન ધર્મ મંડળ (SSDM)ના શતાબ્દી મહોત્સવ નિમિત્તે ધરમપુરના જાણીતા કથાકાર આશિષભાઈ વ્યાસના મુખેથી તા. ૧થી ૭ સપ્ટેમ્બર દરમિયાન શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરાયું છે. કથા દરરોજ સાંજે પથી રાત્રે ૮ વાગ્યા સુધી SKLPS Campus, Bukoto ખાતે યોજાશે. પિતા શરદભાઈ વ્યાસ બાદ પુત્ર આશિષભાઈ વ્યાસ પણ દેશ-વિદેશમાં સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો સંદેશ પહોંચાડી રહ્યા છે. કથાનું લાઈવ પ્રસારણ ASHISHBHAI VYAS OFFICIAL YouTube Channel સહિતના માધ્યમો દ્વારા કરાશે. આ આયોજન ધરમપુર માટે ગૌરવની બાબત બની રહ્યું છે.

## વલસાડ જિલ્લાના રમતવીરોએ ખેલ મહાકુંભમાં ભાગ લેવા જોગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ખેલ મહાકુંભ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે. આ ખેલમહાકુંભમાં શાળા/ગ્રામ્ય, તાલુકા/ઝોનકક્ષા, જિલ્લા/મહાનગરપાલિકા કક્ષા, ઝોન કક્ષા (ટીમ રમત) અને રાજયકક્ષાની ભાઈઓ/બહેનો રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં અં-૯, અં-૧૧, અં-૧૪ અને અં-૧૭, ઓપન એજગૃપ, ૪૦ વર્ષની ઉપર અને ૬૦ વર્ષથી ઉપરની વયજૂથોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ખેલ મહાકુંભ ૨૦૨૬નું રજીસ્ટ્રેશન તા.૨૯/૦૮/૨૦૨૬થી શરૂ કરવામાં આવ્યું છે. જે તા.૨૨/૦૯/૨૦૨૬ સાંજે ૬ઃ૦૦ કલાક સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટેની વેબસાઈટ https://khelmahakumbh.gujarat.gov.in પરથી થઈ શકશે. રજીસ્ટ્રેશન અંગે કોઈપણ સમસ્યા બાબતે રાજય સ્તરે ટોલ ફી નંબર-૧૮૦૦ ૨૭૪ ૬૧૫૧ ઉપર સંપર્ક કરવાથી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. વધુ માહિતી માટે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, પિતૃ સદન બંગલો ૩૫-A, રણછોડજી નગર, હીરો શોરૂમના પાછળ, ધરમપુર રોડ, વલસાડ પર સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## વાપી મનપા મેયરનું વોર્ડ કચેરીઓનું નિરીક્ષણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ દ્વારા મહાનગરપાલિકાની મોરાઈ, કુંતા અને વટાર ખાતે આવેલી વિવિધ વોર્ડ કચેરીઓની મુલાકાત લેવામાં આવી હતી.

મુલાકાત દરમિયાન મેયર દ્વારા વિવિધ વિભાગોની કામગીરીનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કચેરીઓમાં ઉપસ્થિત કર્મચારીઓ સાથે સંવાદ કરી તેમને કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી. નાગરિકોને વધુ ઝડપી, અસરકારક અને ગુણવત્તાયુક્ત સેવાઓ મળી રહે, શહેરનો સર્વાંગી વિકાસ થાય અને વહીવટ વધુ સુવ્યવસ્થિત બને તે માટે મહાનગરપાલિકા સતત કાર્યરત અને પ્રતિબદ્ધ હોવાનું મેયરે જણાવ્યું હતું. નાગરિકલક્ષી સેવાઓને વધુ સશક્ત બનાવવા માટે આ પ્રકારની મુલાકાતો સતત ચાલુ રહેશે.

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## વલસાડની કોલેજમાં જિલ્લાકક્ષાનો સંસ્કૃત સાહિત્ય દિવસ ઉજવાયો

**વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યે રસ, જિજ્ઞાસા અને ગૌરવ જગાવતું સાહિત્ય પ્રદર્શન નિહાળી સૌ એ ગૌરવ અનુભવ્યું**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** સંસ્કૃત સપ્તાહ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે વલસાડ શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ ખાતે જિલ્લા કક્ષાનો સંસ્કૃત સાહિત્ય દિવસ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોલેજના સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત ભાષા અને સાહિત્યની સમૃદ્ધ પરંપરાની ઝાંખી કરાવતું વિશેષ સંસ્કૃત સાહિત્ય પ્રદર્શન યોજાયું હતું.

સંસ્કૃત સાહિત્ય પ્રદર્શનનું ઉદ્ઘાટન વલસાડના પ્રાંત અધિકારી વિમલભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનમાં સંસ્કૃત ભાષાના વિવિધ મહાકાવ્યો, પ્રાચીન તથા અર્વાચીન ગ્રંથો, પુસ્તકો, સાહિત્યિક કૃતિઓ, વિવિધ લેખો તેમજ સંસ્કૃત ભાષાના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને ઉજાગર કરતી સામગ્રી રજૂ કરવામાં આવી હતી.

કોલેજના સંસ્કૃત વિભાગના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ સાહિત્યિક કૃતિઓ તથા સંસ્કૃત સાહિત્ય અંગેની માહિતીનું સંકલન કરી પ્રદર્શનને સુંદર અને આકર્ષક સ્વરૂપ આપ્યું હતું. પ્રદર્શન દ્વારા મુલાકાતીઓને સંસ્કૃત ભાષાની સમૃદ્ધ સાહિત્યિક પરંપરા તથા ભારતીય જ્ઞાન અને સંસ્કૃતિમાં તેના મહત્વની જાણકારી મળી હતી.

કોલેજના વિદ્યાર્થીઓ ઉપરાંત વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ પણ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ પુસ્તકો, ગ્રંથો અને સાહિત્યિક કૃતિઓને રસપૂર્વક નિહાળી સંસ્કૃત ભાષા તથા સાહિત્ય વિશે નવી માહિતી મેળવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યે ઉત્સાહ, જિજ્ઞાસા અને ગૌરવની લાગણી જોવા મળી હતી.

સંસ્કૃત સપ્તાહ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમ દ્વારા નવી પેઢીને સંસ્કૃતના સમૃદ્ધ જ્ઞાન, સાહિત્ય અને સાંસ્કૃતિક વારસા સાથે જોડવાનો તથા સંસ્કૃત ભાષા પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિક્ષણ નિરીક્ષક અપેક્ષાબેન પટેલ, સંસ્કૃત સાહિત્ય સપ્તાહના નોડલ તેજલબેન પટેલ, બીઆરસી કો-ઓર્ડિનેટર મિતેશભાઈ પટેલ, મદદનીશ શિક્ષણ નિરીક્ષક તેજસભાઈ પટેલ તથા અક્ષયભાઈ આહિર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચાએ મુખ્યમંત્રીને રક્ષાસૂત્ર બાંધી રક્ષાબંધન ઉજવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** પવિત્ર રક્ષાબંધન પર્વ નિમિત્તે ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી તેમજ વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને ગાંધીનગર માં રાખડી રક્ષાસૂત્ર બાંધી તેમના સુખ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે મંગલ કામના કરી હતી. ગાંધીનગરના રાજભવન હોલ માં આયોજિત વિશેષ કાર્યક્રમમાં વલસાડ જિલ્લાની મહિલા મોરચાની બહેનોએ મુખ્યમંત્રી ને રક્ષાસૂત્ર બાંધી તેમના સુખ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે મંગલ કામના કરી હતી.ગુજરાત ભાજપ પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન ) પણ રક્ષાબંધન પર્વ નિમિત્તે ગુજરાતનો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રક્ષાસૂત્ર બાંધી તેમના સુખ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે મંગલ કામના કરી હતી. તેમજ વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ પ્રવિણાબેન પટેલ, મહામંત્રી મનિષાબેન પ્રીતમનાની, ફાલ્ગુની મહારાજ તેમજ જિલ્લાના વિવિધ મંડલોના મહિલા મોરચાના પ્રમુખો અને મોટી સંખ્યામાં કાર્યકર્તા બહેનો હાજર રહ્યા હતા. મહિલા મોરચાની બહેનો દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી રક્ષાબંધન પૂર્વે ગાંધીનગર જઈ મુખ્યમંત્રીને રાખડી બાંધવાની આ પરંપરા ઉત્સાહપૂર્વક જાળવી રાખવામાં આવી છે. ગાંધીનગર ઉપરાંત વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલયમાં પણ કાર્યકર્તાઓ દ્વારા રક્ષાબંધન પર્વની પારંપરિક ઉજવણી કરવામાં આવી હતી.

## વાપીની વિદ્યાર્થિનીએ CSની પરીક્ષામાં દેશમાં ત્રીજો ક્રમ મેળવ્યો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૩૧ :** વાપી તા.વાપીના ચલા વિસ્તારમાં રહેતી પિયા મર્ચન્ટે કંપની સેક્રેટરીની પરીક્ષામાં દેશભરમાં ડંકો વગાડ્યો છે. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર થયેલા એક્ઝિક્યુટિવ અને પ્રોફેશનલ પ્રોગ્રામના પરિણામમાં પિયાએ ઓલ ઈન્ડિયા રેન્ક-૩ મેળવ્યો છે. ચલા ગોલ્ડ કોઈનમાં રહેતી અને અમદાવાદ ખાતે અભ્યાસ કરતી પિયાએ ૭૦૦ માંથી ૪૨૮ ગુણ મેળવી આ સિદ્ધિ હાંસલ કરી છે. સાથે જ અમદાવાદ ચેપ્ટરમાં પણ તેણે પ્રથમ ક્રમ મેળવ્યો છે. મુશ્કેલ ગણાતી CS ની પરીક્ષામાં વાપીની દીકરીએ રાષ્ટ્રીય સ્તરે સ્થાન મેળવતા પરિવાર અને શહેરમાં ખુશીનો માહોલ છે. પિયાએ જણાવ્યું હતું કે પેપર અઘરા હોવાથી AIR-3 ની આશા નહોતી, પણ પરિણામ સ્વપ્ન સમાન લાગ્યું. સેલ્ફ સ્ટડી, યોગ્ય આયોજન અને સતત મહેનતથી સફળતા મળી શકે છે તેમ તેણે કહ્યું હતું. કોર્પોરેટ લો માં રસ હોવાથી તેણે CS ક્ષેત્ર પસંદ કર્યું હતું. હવે તે LLB કરી કોર્પોરેટ ક્ષેત્રમાં કારકિર્દી મજબૂત કરવા માંગે છે.

## વાપી ટાઉન પોલીસે રૂા. ૧૩.૧૬ લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કર્યો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** ગુજરાત રાજ્યના DGP અને મુખ્ય પોલીસ અધિકારી જે.એસ.મલિક (IPS) દ્વારા પ્રજાલક્ષી અભિગમ અંતર્ગત તેરા તુઝકો અર્પણ અભિયાન અંતર્ગત વાપી ડિવિઝન નાયબ પોલીસ વડા બી.એન.દવેના સુપરવિઝનમાં વાપી ટાઉન પીઆઇ કે.બી.ઝાલાની રાહબરી હેઠળ પોલીસે CEIR પોર્ટલ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ગુમ થયેલા કુલ ૨૩ મોબાઈલ ફોન કિંમત રૂ. ૪,૮૪,૯૮૨/- શોધી કાઢ્યા હતા. આ ઉપરાંત વાપી ટાઉન પોલીસ સ્ટેશનના ગુનામાં ગયેલ સોનાની ચેઈન કિં.રૂ.૩,૧૭,૦૧૦/- તથા અરજદાર પંકજભાઈ અરવિંદભાઈ સોલંકીના ગુમ થયેલા સોના-ચાંદીના દાગીના કિં.રૂ. ૪,૦૫,૦૦૦/- મળી કુલ રૂ. ૮,૨૨,૦૧૦/- ના દાગીના પણ રીકવર કર્યા હતા. આમ કુલ રૂ. ૧૩,૧૬,૯૮૨/- નો મુદ્દામાલ આજરોજ વાપી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલા તેરા તુઝકો અર્પણ કાર્યક્રમમાં મૂળ માલિકોને પરત સોંપી પોલીસ પ્રજાનો મિત્ર છે સૂત્રને સાર્થક કર્યું હતું. આ કામગીરીમાં ASI પ્રદિપસિંહ પ્રતાપસિંહ, અ.હે.કો પ્રતિપાલસિંહ ભરતસિંહ, કુતુરાજસિંહ કિરતસિંહ, સુનીલ મંગાભાઈ તથા પો.કો રાજુભાઈ, અલ્પેશભાઈ અને દીપાલસિંહની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત




## કરીના કપૂર ખાન ક્રાઈમ ઈન્વેસ્ટીગેટરનો રોલ



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૩૧ :** કરીના કપૂર ખાન 'મીસીસ'ના સર્જન માટે લોકપ્રિય બનેલી આરતી કડવ સાથે એક પ્રોસીજ્યુરલ ડ્રામા માટે કોલબરેશન કરી રહી છે. કરીનાએ પટકથાથી પ્રભાવિત થઈને તાત્કાલિક પ્રોજેક્ટ માટે મંજૂરી આપી દીધી હોવાનું માનવામાં આવે છે. હાલ પ્રીપ્રોડક્શન કામ ચાલી રહ્યું છે અને ફિલ્મનું શૂટ સપ્ટેમ્બરમાં શરૂ થવાનીસંભાવના છે. કરીના અગાઉ કમર્શિયલ મનોરંજન ફિલ્મો સાથે પડકારજનક, કેન્ટેન્ટ આધારીત રોલ ધરાવતી ફિલ્મો 'ચમેલી', 'દેવ' અને 'ઓમકારા' કરી ચૂકી છે. આરતી કડવ સાથે કામ કરવાનું નક્કી કરી તેણે ફરી વિશિષ્ટ પટકથા આધારિત ફિલ્મ પર પસંદગી ઉતારી છે. કડવને સાયન્સ ફિક્શન, કાલ્પનિક કથાઓ અને માનવીય સંબંધો પર આધારીત ફિલ્મો માટે વ્યાપક માન્યતા મળી છે. ઉલ્લેખનીય છે કે કરીના આગામી ફિલ્મ 'દાયરા'માં એક પોલીસ અધિકારીની ભૂમિકા ભજવવાની છે.

## 'હનુમાન અંશ'ની કમાણી ૨૭ કરોડને પાર




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૩૧ :** બોક્સ ઓફિસ પર ફિલ્મોનું ગણિત સમજવું થોડું અઘરું છે. રીલીઝ સમયે ફ્લોપ લાગતી ફિલ્મ અચાનક હીટ સાબિત થઈ શકે છે. ગત ૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ કોઈ ખાસ પ્રમોશન કે ચર્ચા વિના રિલીઝ થયેલી 'હનુમાન અંશ' શરૂઆતમાં ફ્લોપ તરફ આગળ વધતી લાગી હતી. ફિલ્મે પહેલા દિવસે માત્ર ૧૦ લાખની કમાણી કરી હતી અને બે અઠવાડિયા બાદ તેની કુલ કમાણી માત્ર ૧.૪૮ કરોડ હતી. જોકે, ત્રીજા અઠવાડિયાથી ફિલ્મની કમાણીમાં અચાનક મોટો ઉછાળો આવ્યો અને હવે તેણે ભારતમાં ૨૭ કરોડથી વધુની કમાણી કરી છે. 'હનુમાન અંશ'ની સૌથી મોટી ખાસિયત તેની બોક્સ ઓફિસ પરની અણધારી વાપસી રહી છે. શરૂઆતના બે અઠવાડિયામાં નબળા પ્રદર્શન બાદ ફિલ્મે ત્રીજા અઠવાડિયામાં જોરદાર કમાણી કરી. અહેવાલ મુજબ, ત્રીજા અઠવાડિયામાં ફિલ્મે ૧૦.૪૦ કરોડની કમાણી કરી હતી. ત્યારબાદ ચોથા અઠવાડિયાના શુક્રવારે ૬.૨૫ કરોડ અને શનિવારે ૯.૨૫ કરોડની કમાણી કરી. આ સાથે ૨૩ દિવસમાં ફિલ્મની ભારતમાં કુલ કમાણી ૨૭.૩૮ કરોડ સુધી પહોંચી ગઈ. અહેવાલો અનુસાર, 'હનુમાન અંશ'નું નિર્માણ માત્ર ૨ કરોડના બજેટમાં કરવામાં આવ્યું છે. તેની સામે ૨૭.૩૮ કરોડની કમાણી ફિલ્મ માટે મોટી સફળતા માનવામાં આવી રહી છે. એટલે કે ફિલ્મે પોતાના બજેટ કરતાં અનેક ગણું વધુ બિઝનેસ કર્યો છે. શરૂઆતમાં થિયેટરોમાં દર્શકોની સંખ્યા ઓછી હોવાથી ફિલ્મને લઈને નિરાશા હતી, પરંતુ બાદમાં દર્શકો તરફથી મળેલા પ્રતિસાદથી ફિલ્મે ફરી વેગ પકડ્યો. ફિલ્મની કમાણીથી નિર્માતાઓ અને કલાકારો પણ ખુશ છે. આ ફિલ્મ નીમ કરોલી બાબાના જીવન અને તેમના આધ્યાત્મિક વ્યક્તિત્વથી પ્રેરિત છે. સપ્ટેમ્બર ૧૯૭૩માં તેમનું અવસાન થયું હતું અને ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં તેમનો આશ્રમ પણ આવેલો છે. તેમના ઉપદેશોથી અનેક જાણીતી હસ્તીઓ પ્રભાવિત થઈ હોવાનું કહેવાય છે. સ્ટીવ જોબ્સ, માર્ક ઝુકરબર્ગ, વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા જેવા નામો પણ તેમના અનુયાયીઓ અથવા તેમના વિચારોમાંથી પ્રેરણા મેળવનારા લોકો તરીકે ચર્ચાય છે. આ આધ્યાત્મિક પૃષ્ઠભૂમિ ફિલ્મ માટે દર્શકોમાં રસનું એક કારણ બની હોવાનું માનવામાં આવે છે. વિશાલ ચતુર્વેદીના દિગ્દર્શનમાં બની ફિલ્મ 'હનુમાન અંશ'નું દિગ્દર્શન વિશાલ ચતુર્વેદીએ કર્યું છે. ફિલ્મમાં શોભિનવ સત્યએ મહારાજ-જીની ભૂમિકા ભજવી છે. તેમની સાથે વિહાન શેજ, ચંદન કે, આનંદ, પૂર્ણિમા તિવારી, અનિલ રસ્તોગી, ગુલશન પાંડે, ભગવાનદાસ પટેલ અને રાજીવ મિશ્રા સહિતના કલાકારો જોવા મળે છે. ફિલ્મના કલાકાર શોભિનવ સત્યાએ સોશિયલ મીડિયા પર દર્શકોનો આભાર વ્યક્ત કર્યો છે. ફિલ્મની અણધારી સફળતાને જોતા ચાહકોમાં હવે તેને 'નીમ કરોલી બાબાનો ચમત્કાર' કહેવાની ચર્ચા પણ શરૂ થઈ છે.

## બટવારા ૧૯૪૭ની ઈવેન્ટમાં પ્રીતિનું જૂનું ગીત વગાડાતાં કાનૂની નોટિસ

### કાર્યક્રમમાં સની દેઉલ અને પ્રીતિ ઝિન્ટા પર 'કલ હો ના હો'માંથી 'પ્રીટી વુમન' ગીત જરૂરી મંજૂરી વિના વગાડવામાં આવ્યું હતું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૩૧ :** 'બટવારા ૧૯૪૭'ના પ્રમોશનલ કાર્યક્રમે એક કોપીરાઈટ વિખવાદ જગાવ્યો છે, જેમાં ફોનોગ્રાફિક પર્ફોમન્સ લિમિટેડ (પીપીએલ)એ આમિર ખાન પ્રોડક્શન, જુનૈદ ખાન અને નિખત ખાન હેગડેને રૂા. એક કરોડની કાનૂની નોટિસ ફટકારી છે. નોટિસમાં આરોપ કરાયો છે કે ૧૨ ઓગસ્ટના રોજ દિલ્હી ખાતે એક કાર્યક્રમમાં સની દેઉલ અને પ્રીતિ ઝિન્ટા પર 'કલ હો ના હો'માંથી 'પ્રીટી વુમન' ગીત જરૂરી મંજૂરી વિના વગાડવામાં આવ્યું હતું. પીપીએલનો દાવો છે કે સંબંધિત મ્યુઝિક કંપની ટ્રેકના માલિકી હક્ક ધરાવે છે જ્યારે તેની પાસે પાંચસોથી વધુ સંગીત કંપનીઓએ સોંપેલા જાહેર પરફોર્મન્સ અધિકાર છે. તેણે લાગુ પડતી લાયસન્સ ફી ઉપરાંત રૂા. એક કરોડ નુકસાની પેટે માગ્યા છે અને સંબંધિત પક્ષોને તેનું પાલન કરવા માટે સાત દિવસનો સમય આપ્યો છે. પીપીએલએ ચેતવણી આપી છે કે આમ કરવામાં નિષ્ફળ જવાથી સંબંધિત પક્ષો સામે સિવિલ કેસ, મનાઈ હુકમ અને કોપીરાઈટ કાયદા હેઠળ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી શકે. જોકે, આમિર ખાન પ્રોડક્શને એમ કહીને હાથ ઊંચા કરી દીધા છે કે તેણે આ કાર્યક્રમનું આયોજન કે સંચાલન કર્યા ન હતાં. સમગ્ર કાર્યક્રમ દિલ્હીની હિન્દુ કોલેજ દ્વારા આયોજિત કરાયો હતો અને તેના પ્રતિનિધિઓ માત્ર મહેમાન તરીકે હાજર રહ્યા હોવાથી વગાડવામાં આવતા સંગીત પર તેમનું કોઈ નિયંત્રણ નહોતું. હવે વિવાદનું કેન્દ્ર બિંદુ છે કે કથિત ગેરકાયદે પરફોર્મન્સ માટે જવાબદારી કોની છે.

## સુભાષ ઘાઈ સાથે બાખડ્યો હતો સલમાન ખાન !

### ઘટના વર્ષ ૨૦૦૮માં આવેલી ફિલ્મ 'યુવરાજ'માં બંને સાથે કામ કરવાના હતા તે પહેલાં બની હતી





**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૩૧ :** બોલિવૂડમાં સેલેબ્સ વચ્ચેના મતભેદો અને ઝઘડા કોઈ નવી વાત નથી, પરંતુ જ્યારે બે દિગ્ગજો વચ્ચેનો વિવાદ માફી અને નવી મિત્રતામાં બદલાઈ જાય ત્યારે તે ઘટના હંમેશા ચર્ચામાં રહે છે. જાણીતા ફિલ્મમેકર સુભાષ ઘાઈએ તાજેતરમાં સુપરસ્ટાર સલમાન ખાન સાથે થયેલા એક મોટા વિવાદ અને ઝઘડા અંગે યાદ કરતાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે એક પાર્ટી દરમિયાન તેમનો અને સલમાન ખાનનો ઝઘડો થઈ ગયો હતો. આ રસપ્રદ ઘટના વર્ષ ૨૦૦૮માં આવેલી ફિલ્મ 'યુવરાજ'માં બંને સાથે કામ કરવાના હતા તે પહેલાં બની હતી. સુભાષ ઘાઈએ ભૂતકાળના તે વિવાદને યાદ કરતા જણાવ્યું કે ફિલ્મ પહેલાં અમારો ઝઘડો થયો હતો. હાથાપાઈ પણ થઈ હતી. તે પછી તેમના પિતાએ તેમને ઠપકો આપ્યો હતો. અમે એક પાર્ટીમાં હતા. સલમાન નશામાં હતો. તે કંઈક ખોટી વાત કરી રહ્યો હતો, તેથી મેં તેને કહ્યું કે આવું ન બોલો. તેને મારાથી કોઈ વાતની નારાજગી હતી. તેણે મને પૂછ્યું કે તમે આવું કે તેવું કેમ કર્યું? મેં કહ્યું કે ડિરેક્ટર તરીકે આ મારો નિર્ણય છે. તે મને ગાળો આપવા લાગ્યો. મેં તેને રોક્યો, પરંતુ ત્યારબાદ ત્યાં અમારો ઝઘડો થઈ ગયો. આ ઉગ્ર બોલાચાલી બાદ સલમાન ખાનના પિતા અને જાણીતા સ્ક્રીનરાઈટર સલીમ ખાને સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. સુભાષ ઘાઈના જણાવ્યા મુજબ, બીજા દિવસે સવારે સલીમ ખાને ઘાઈને ફોન કરીને જણાવ્યું કે સલમાને તેની માતાને રાતની તમામ વાતો કહી દીધી છે. સલીમ ખાને સલમાનને ખૂબ ઠપકો આપ્યો હતો અને તરત જ સુભાષ ઘાઈના ઘરે જઈને માફી માંગવાનો આદેશ આપ્યો હતો. સલમાન ખાન સુભાષ ઘાઈના ઘરે પહોંચ્યો અને અત્યંત નમ્રતા તથા શાલીનતાપૂર્વક માફી માંગી લીધી. ઘાઈએ જણાવ્યું કે સલમાન પોતાના પિતાનું ખૂબ સન્માન કરે છે તે જોઈને તેઓ પ્રભાવિત થયા હતા અને મામલો ત્યાં જ પૂરો કરી દીધો હતો. ત્યારબાદ બંને એકબીજાના ઘરે આવતા-જતા થયા અને સાથે મળીને ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું.

### સમય રૈના નવા વિવાદમાં

## બિહાર અને કાશ્મીર પર મજાક બાદ સોશિયલ મીડિયા પર હંગામો



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૩૧ :** કોમેડિયન સમય રૈનાનો શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ ૨' ફરી એકવાર વિવાદમાં આવ્યો છે. શોના તાજેતરના એપિસોડમાં બિહાર અને કાશ્મીરને લઈને કરવામાં આવેલી ટિપ્પણીઓ બાદ સોશિયલ મીડિયા પર ભારે હોબાળો જોવા મળી રહ્યો છે. આ મામલે કેટલાક રાજકીય નેતાઓએ પણ શોની ટીકા કરી છે. 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની સીઝન એકમાં સ્પર્ધક તરીકે જોવા મળેલી સ્ટેન્ડ-અપ કોમેડિયન શેરોન વર્મા તાજેતરના એપિસોડમાં પેનલિસ્ટ તરીકે સામેલ થઈ હતી. આ દરમિયાન સમય રૈના અને શેરોન વર્મા વચ્ચે બિહાર તથા કાશ્મીરને લઈને મસ્તીભર્યો સંવાદ થયો હતો, જેને લઈને હવે મોટો વિવાદ ઊભો થયો છે. એપિસોડ દરમિયાન સમય રૈનાએ શેરોન વર્માની પૃષ્ઠભૂમિ અંગે મજાક કરતાં બિહાર સાથે જોડાયેલી ટિપ્પણી કરી હતી. રૈનાએ કહ્યું હતું કે શેરોન એટલી બિહારી છે કે તેને 'ઈબોલા'નો અર્થ પણ તેને 'કોઈ બોલ્યું' એવો લાગે છે. આ ટિપ્પણીના જવાબમાં શેરોન વર્માએ સમય રૈનાની કાશ્મીરી પૃષ્ઠભૂમિને લઈને ટિપ્પણી કરી હતી. ત્યારબાદ સમય રૈનાએ ફરી બિહાર અને મુંબઈમાં નોકરીની શોધ સાથે જોડાયેલી મજાક કરી હતી. તેના જવાબમાં શેરોને પોતાના રાજ્ય છોડવા અંગે પણ ટિપ્પણી કરી હતી. આ સંવાદની ક્લિપ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ બંને કમ્યુનિટી અને પ્રદેશોની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે આ પ્રકારની ટિપ્પણીઓને અયોગ્ય ગણાવી છે અને શોના નિર્માતાઓ તથા કોમેડિયનોની ટીકા કરી છે. આ વિવાદમાં હવે રાજકીય નેતાઓની પણ એન્ટ્રી થઈ છે. એએનઆઈના અહેવાલ મુજબ, શિવસેનાના નેતા આનંદ દુબેએ સમય રૈનાની ટિપ્પણી અને શોની ટીકા કરી છે. બિહારના શિક્ષણ મંત્રી મિથિલેશ તિવારીએ પણ નાગરિકો અને સમુદાયો અંગે કરવામાં આવતી અપમાનજનક ટિપ્પણીઓ સામે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે સમય રૈના અને શેરોન વર્મા વચ્ચે થયેલી વાતચીતને અપમાનજનક ગણાવી અને આવા નિવેદનોને સહન કરવામાં નહીં આવે તેવી પ્રતિક્રિયા આપી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. કોંગ્રેસના નેતા હરીશ રાવતે પણ કહ્યું કે મજાક દરમિયાન કોઈ સમુદાય અથવા વિસ્તારનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે કોમેડિયનોએ વધુ સાવધાની રાખવી જોઈએ. શેરોન વર્મા એક સ્ટેન્ડ-અપ કોમેડિયન છે, જેને 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની પ્રથમ સીઝનથી લોકપ્રિયતા મળી હતી. શોમાં તેમણે સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો અને તેમનું પરફોર્મન્સ દર્શકોને પસંદ આવ્યું હતું. ખાસ કરીને તેના 'વીક ઈન્ડિપેનડેન્ટ વુમન' નામના એક્ટને સોશિયલ મીડિયા પર સારો પ્રતિસાદ મળ્યો હતો. બિહાર સાથે જોડાયેલી તેમની પૃષ્ઠભૂમિ, કોમેડી અને પોતાના વ્યક્તિત્વ સાથે જોડાયેલા વીડિયો ક્લિપ્સને કારણે તે ઓનલાઈન પણ ચર્ચામાં આવી હતા. આ અગાઉ સિઝન વનમાં રણવીર અલાહાબાદીયાએ કરેલી ટિપ્પણી અંગે પણ ભારે વિવાદ સર્જાયો હતો અને સમયે સિઝન વનના એપિસોડને હટાવવાની ફરજ પડી હતી. તે સમયે તેમના પણ ઘણી એફઆઈઆર પણ થઈ હતી.

## યશની ટૉક્સિકે ૪ દિવસમાં જ હિન્દીમાં કરી ૧૦૦ કરોડની કમાણી




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૩૧ :** યશની ફિલ્મ ટૉક્સિક ખરાબ વર્ડ ઓફ માઉથ પબ્લિસિટી છતાં ૪ દિવસમાં બોક્સ ઓફિસ પર રેકોર્ડ્સ તોડી રહી છે. હિન્દી કમાણીનો આંકડો ૧૦૦ કરોડને પાર કરી ચૂક્યો છે. આ સાથે જ યશની આ ફિલ્મે એસ.એસ.રાજામૌલીને પણ પાછળ છોડી દીધા છે. એ પણ એવા સમયે જ્યારે ફિલ્મનાં રિવ્યૂ મોટાભાગે ખરાબ મળી રહ્યાં હતા. અમુક લોકો પર મેકર્સે કાયદેસરની કાર્યવાહી પણ કરી, જેની ઘણી ચર્ચા પણ થઈ છે. યશની આ ફિલ્મ ૨૬ ઓગસ્ટે ઓનમના તહેવારે રિલીઝ થઈ હતી. જે બુધવારે રિલીઝ થઈ હતી. જેનો સીધો હેતુ લાંબા વીકેન્ડનો ફાયદો ઉઠાવવાનો હતો. પ્રથમ દિવસે ફિલ્મે ૫૦ કરોડનું નેટ કલેક્શન મેળવ્યું તે પછીથી સતત તેની કમાણીમાં ઘટાડો થયો. રક્ષાબંધનની રજા પર પણ તેની કમાણીમાં કંઈ ખાસ અસર જોવા મળી નહોતી. જોકે, હવે ૪ દિવસ પસાર થયા બાદ ટૉક્સિકે બોક્સ ઓફિસ પર ૪ દિવસમાં હિન્દી વર્ઝનમાં ૧૦૦ કરોડનો આંક પાર કરી લીધો છે. ટૉક્સિકે અત્યારસુધીમાં કૂલ ૧૦૫ કરોડથી વધુની કમાણી કરી લીધી છે. જ્યારે ફિલ્મની કૂલ પેન ઈન્ડિયા કમાણી ૧૭૭.૫૮ કરોડ રહી છે. ચોંકાવનારી વાત એ છે કે, યશની ફિલ્મને જો કોઈ ભાષામાં સૌથી વધુ લોકોએ નિહાળી હોય તો તે કન્નડ છે. ત્યાં ૪૦ ટકા ઓક્યૂપેન્સી નોંધાઈ છે. એસ.એસ.રાજામૌલીની ફિલ્મ ઈઈઈએ ૫ દિવસમાં ૧૦૦ કરોડનો આંક પાર કર્યો હતો. યશે આ ફિલ્મ પ્રોડ્યૂસ કરવાની સાથોસાથ તેની રાઈટિંગમાં પણ યોગદાન આપ્યું છે.

**ટૉક્સિકે અત્યારસુધીમાં કૂલ ૧૦૫ કરોડથી વધુની કમાણી કરી લીધી છે. જ્યારે ફિલ્મની કૂલ પેન ઈન્ડિયા કમાણી ૧૭૭.૫૮ કરોડ રહી છે**

## 'યે જવાની હૈ દીવાની' ફરી ચર્ચામાં

### ઓસ્કાર એકેડેમીએ શેર કર્યો રણબીર-દીપિકાનો યાદગાર




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૩૧ ;** બોલિવૂડની લોકપ્રિય ફિલ્મ 'યે જવાની હૈ દીવાની' ફરી એકવાર ચર્ચામાં આવી છે. આ વખતે ફિલ્મને ઓસ્કાર પાછળની સંસ્થા, એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા પેજ પર યાદ કરી છે. એકેડેમીએ ફિલ્મનું રણબીર કપૂર અને દીપિકા પાદુકોણ દર્શાવતું એક યાદગાર દ્રશ્ય શેર કર્યુ છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને ભારતીય ચાહકો પણ તેના પર પોતાની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. એકેડેમીની આ પોસ્ટને કારણે ૨૦૧૩માં આવેલી આ ફિલ્મ ફરીથી ચર્ચામાં આવી છે. એકેડેમીએ શેર કરેલા વીડિયોમાં રણબીર કપૂરનો બન્ની અને દીપિકા પાદુકોણનો નૈના પાત્ર જોવા મળે છે. આ દ્રશ્યમાં બંને જીવનમાં વર્તમાન ક્ષણનું મહત્વ સમજાવતા જોવા મળે છે. નૈના બન્નીને સમજાવે છે કે જીવનમાં દરેક વસ્તુ એકસાથે મેળવી શકાતી નથી, તેથી જે ક્ષણ સામે છે તેનો આનંદ લેવો જોઈએ. આ દ્રશ્ય ફિલ્મની લાગણીસભર ક્ષણોમાંથી એક છે અને આજે પણ ચાહકોમાં ખૂબ લોકપ્રિય છે. એકેડેમીએ આ સીન સાથે એક અર્થપૂર્ણ સંદેશ પણ આપ્યો છે. આ દ્રશ્ય શેર કરતી વખતે એકેડેમીએ લખ્યું કે નૈના તરફથી મળતી આ યાદ આપણને સામે રહેલી વસ્તુનો આનંદ માણવાની પ્રેરણા આપે છે. એકેડેમીની આ પોસ્ટ બાદ ભારતીય સિનેમાના ચાહકોમાં ઉત્સાહ જોવા મળ્યો. ઘણા યુઝર્સે કોમેન્ટ કરીને રણબીર અને દીપિકાની જોડી તથા ફિલ્મની પ્રશંસા કરી. કેટલાક ચાહકોએ મજાકિયા અંદાજમાં ભારતીય ફિલ્મોને એકેડેમી તરફથી મળતી આ પ્રકારની ઓળખને લઈને પોતાની ખુશી વ્યક્ત કરી. આ પોસ્ટે ફરી એકવાર સાબિત કર્યુ કે 'યે જવાની હૈ દીવાની'નો ક્રેઝ વર્ષો બાદ પણ ઓછો થયો નથી. અયાન મુખર્જીના નિર્દેશનમાં બનેલી 'યે જવાની હૈ દીવાની' વર્ષ ૨૦૧૩માં રિલીઝ થઈ હતી. ફિલ્મમાં રણબીર કપૂર, દીપિકા પાદુકોણ, આદિત્ય રોય કપૂર અને કલ્કી કોચલીન મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મની વાર્તામાં મિત્રતા, પ્રેમ, સપના, કારકિર્દી અને જીવનના મહત્વપૂર્ણ નિર્ણયો જેવા મુદ્દાઓને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા. રિલીઝ સમયે ફિલ્મે બોક્સ ઓફિસ પર સારી સફળતા મેળવી હતી અને સમય જતાં તેની લોકપ્રિયતા વધુ વધી. ફિલ્મના ગીતો, સંવાદો અને પાત્રો આજે પણ દર્શકોને પસંદ છે. એકેડેમીએ અગાઉ પણ શાહરૂખ ખાનની ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'નો એક યાદગાર સીન પોતાના સોશિયલ મીડિયા પેજ પર શેર કર્યો હતો. હવે 'યે જવાની હૈ દીવાની'ના સીનને સ્થાન મળતાં ભારતીય ચાહકોમાં ફરી ઉત્સાહ જોવા મળ્યો છે. ખાસ કરીને રણબીર કપૂર અને દીપિકા પાદુકોણના બન્ની-નૈના પાત્રો આજે પણ લોકોના દિલમાં ખાસ સ્થાન ધરાવે છે.

## અભિનેત્રી ખુશી દુબેએ બ્રાઉન આઉટફિટમાં શેર કર્યો ગ્લેમરસ લુક

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મુંબઈ, તા.૩૧ :** ટીવી અને ઓટીટીની જાણીતી અભિનેત્રી ખુશી દુબે ફરી એકવાર પોતાના સ્ટાઈલિશ લુકને લઈને ચર્ચામાં આવી છે. 'આશિકાના' સીરિઝમાં ચિક્કી ચૌહાણના પાત્રથી લોકપ્રિય બનેલી ખુશી દુબેએ સોશિયલ મીડિયા પર પોતાની કેટલીક નવી તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં તેનો ગ્લેમરસ અને કંઈક અલગ અંદાજ જોવા મળી રહ્યો છે, જેને ચાહકો ખૂબ પસંદ કરી રહ્યા છે. ખુશી દુબેએ પોતાની તસવીરો શેર કરતી વખતે કેપ્શનમાં લખ્યું છે, "મને ખૂબ ગમે છે જ્યારે તમે મને સેનોરિટા કહો છો!" અભિનેત્રીનો આ અંદાજ તેની તસવીરોમાં પણ સ્પષ્ટ જોવા મળે છે. તસવીરોમાં બ્રાઉન અને બ્લૂનું સ્ટાઈલિશ કોમ્બિનેશન ખુશીનો લુક સ્ટાઈલિશની સાથે એકદમ એલિગન્ટ પણ બનાવી રહ્યો છે. નવી તસવીરોમાં ખુશી દુબેએ બ્રાઉન શેડનું સ્ટ્રેપલેસ ટેક્સ્ચર્ડ કોર્સેટ-સ્ટાઈલ ટોપ પહેર્યું છે. તેણે આ ટોપને બ્લૂ ડેનિમ સાથે પેર કર્યું છે. બ્રાઉન અને બ્લૂ રંગનું કોમ્બિનેશન સાદું હોવા છતાં ખૂબ જ સ્ટાઈલિશ લાગી રહ્યું છે. ખુશીના આ લુકની સૌથી ખાસ વાત તેની ઓવરસાઈઝ્ડ બ્રાઉન મેશ હેટ છે. હેટ પર જોવા મળતું જાળીદાર ટેક્સ્ચર તેના સમગ્ર લુકને વધુ અલગ અને આકર્ષક બનાવે છે. આ એક્સેસરીએ તેના આઉટફિટમાં ફેશનનો ખાસ ટચ ઉમેર્યો હતો. ખુશી દુબે પોતાના અલગ પ્રકારના પાત્રો માટે જાણીતી છે. તેને 'આશિકાના' સીરિઝમાં ચિક્કી ચૌહાણની ભૂમિકા માટે ખાસ ઓળખ મળી હતી. આ ઉપરાંત અભિનેત્રી 'જુબિલી ટોકીઝ' અને 'જાદૂ તેરી નજર-ડાયન કા મૌસમ' જેવા પ્રોજેક્ટ્સમાં પણ જોવા મળી ચૂકી છે.

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

આપનું અખબાર : આપનો અવાજ
DGT
# વલસાડ તાલુકા વિશેષ
VAPI PAGE - 5
Tuesday 01, September 2026
પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦
મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com
● વલસાડ
● અતુલ
● ગુંદલાવ
● ડુંગરી

## વલસાડમાં ગણેશોત્સવનો નવો ટ્રેન્ડ

# વિસર્જનની જગ્યાએ આગમન ટાણે જ ધુમધડાકા

### વલસાડમાં ગણેશ વિસર્જનમાં ઉતાવળ કરાવાતી હોવાથી હવે આગમન યાત્રાને જ ભવ્ય બનાવવામાં લાખોનો ધુમાડો : બીજી બાજુ મોંઘા ડીજે, બેન્ડ અને ડેકોરેશન પાછળ લાખોનો ખર્ચ તથા દાનના નાણાં સેવામાં વાપરવા લોક લાગણી



**વલસાડનો પત્ર**
**કમલેશ હરિયાવાલા, વલસાડ**

આગામી ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા ગણેશ મહોત્સવને લઈને વલસાડ શહેર સહિત સમગ્ર ગ્રામ્ય પંથકમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. છેલ્લા બે વર્ષથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારના મોટા ગણેશ મંડળોમાં બાપાની આગમન યાત્રાને લઈને એક નવી જ સ્પર્ધા શરૂ થઈ છે. ૧૦ ફૂટથી વધુ ઊંચી મૂર્તિ પર સરકારના નિયંત્રણો હોવા છતાં, મંડળો દ્વારા એકબીજાની દેખાદેખીમાં મોંઘાદાટ ડીજે, ઢોલ-નગારા, પ્રખ્યાત બેન્ડ પાર્ટી, ઓર્કેસ્ટ્રા અને આકર્ષક ડેકોરેશન પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે.

મોડી રાત સુધી ચાલતી આ યાત્રાઓમાં ટ્રાફિકજામ કે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વલસાડ ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ ખડેપગે રહી મોડી રાત સુધી સેવા બજાવી રહી છે.સ્થાનિક આયોજકો અને ભક્તોના જણાવ્યા મુજબ, અનંત ચતુર્દશીના દિવસે વિસર્જન દરમિયાન વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા યાત્રા ઝડપથી પૂર્ણ કરાવવા દબાણ રહેતું હોય છે. જેના કારણે ભક્તો બાપાની મૂર્તિના દર્શન પૂરતા પ્રમાણમાં કરી શકતા નથી. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને મોટાભાગના મંડળો હવે વિસર્જન કરતાં બાપાની આગમન યાત્રાને અત્યંત ભવ્ય બનાવી મોડી રાત સુધી ધામધૂમથી કાઢવાનો ટ્રેન્ડ અપનાવી રહ્યા છે.

મુખ્ય માર્ગો પર ભક્તોનું મહેરામણ અને પોલીસ બંદોબસ્ત

આગમન યાત્રા દરમિયાન શહેરના આઝાદ ચોક અને મોગરાવાડી જેવા મુખ્ય વિસ્તારોમાં બાપાના દર્શન કરવા માટે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. મોડી રાત સુધી ચાલતી આ યાત્રાઓમાં ટ્રાફિકજામ કે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વલસાડ ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ ખડેપગે રહી મોડી રાત સુધી સેવા બજાવી રહી છે.મંડળો વચ્ચે ચાલી રહેલી લાખોના ખર્ચની સ્પર્ધા સામે પ્રબુદ્ધ નાગરિકોમાં નારાજગી પણ જોવા મળી રહી છે. લોકોમાં એવી ચર્ચા ઊઠી છે કે, ભક્તો દ્વારા શ્રદ્ધાપૂર્વક આપવામાં આવતી દાનની રકમનો માત્ર દેખાડા અને ઘોંઘાટિયા ડીજે પાછળ બગાડ કરવાને બદલે કોઈ સામાજિક, આરોગ્યલક્ષી કે શિક્ષણ ક્ષેત્રના સેવાકાર્યોમાં ઉપયોગ કરવામાં આવે તો ગણેશ ઉત્સવની સાચી સાર્થકતા જળવાઈ રહેશે.

### ત્રણ ખાડા ખોદાયા, બહેનો પાસે બળેવના પવિત્ર દિવસેએ ખાડાઓમાં આસોપાલવના છોડ રોપાવવાના હતા

# 'ઓ રી ચિરૈયા, નન્હી સી ચિડિયા, અંગનામેં ફિર આજા રે'



**હવે આંગણે કોઈ શુભ પ્રસંગ આવશે અને તોરણ બનાવવા આસોપાલવનાં પાન જોઈતા હશે ત્યારે ભલે એ બહેન હયાત હોય કે નહીં પણ એમ કહેવાશે કે, ફલાણી ફઈના આસોપાલવ પરથી પાન તોડી આવો અને જ્યારે બારણે તોરણ ઝૂલતું હશે ત્યારે પાનની સાથે ગૂંથેલા ગલગોટાની જેમ એ બહેનની યાદ મહોરી ઊઠશે**

**આશા વીરેન્દ્ર**
**વલસાડ**

અમારો દક્ષિણ ગુજરાતનો વિસ્તાર હજીય લીલોતરીથી હર્યોભર્યો રહી શક્યો છે. અલબત્ત, વૃક્ષોની વાઢ-કાપ તો અહીં પણ થાય છે છતાંય બીજે બધે જે જોરશોરમાં વૃક્ષછેદન ચાલે છે એનાં પ્રમાણમાં ઓછું. એમાંય વલસાડ અને એની આજુબાજુના ધરમપુર, કપરાડા કે ડાંગ જેવા વિસ્તારોને તો હરિયાળીની જાળવણી માટે થોડા ગ્રેસના માર્ક્સ આપવા જ પડે.

વલસાડમાં પૂર્વજોના સમયથી અનાવિલ (દેસાઈ) જ્ઞાતિ જમીન સાથે જોડાયેલી. અત્યાર સુધી તો લગભગ દરેક અનાવિલ પરિવાર પાસે આંબા, ચીકુની વાડીઓ હતી જ. થોડા સમયથી બુલેટ ટ્રેન આવવાનો ધમધમાટ ચાલુ થયો એમાં કેટલાય પરિવારોએ પોતાની જમીન વેચીને રોકડી કરી લીધી. એ સિવાય મોટા મોટા મલ્ટી સ્ટોરી બિલ્ડિંગો બનાવવા માટે જમીન વેચવામાં પણ ઘણાને મોટો લાભ દેખાયો. તે છતાં જે થોડા પરિવારોના ધરતી સાથેના મૂળિયાં ઊંડે સુધી ઊતરેલાં હતાં તેમણે જે છે એમાં સંતોષ માનીને પોતાને મળેલો વારસો સાચવી રાખ્યો.આજે એવા જ એક કુટુંબની વાત કરવી છે. એક વિશાળ પરિસરમાં પિતરાઈ ભાઈઓના બંગલાઓ અડખે-પડખે આવેલા. આસપાસની જમીનમાં થોડાઘણાં શાકભાજી કે સુંદર મજાનાં ફૂલો ઉગાડેલાં. કુટુંબમાં કોઈ વારો-તારો કે વેરો-વંચો નહીં. કોઈ અજાણ્યું જાય તો કોણ સગા ભાંડરડાં કે કોણ પિતરાઈ એવી ખબર જ ન પડે. ગામમાં કે બહારગામ પરણેલી બહેનો બળેવનો તહેવાર ઉજવવા ક્યારનીય થનગનતી હોય. કુટુંબની છ દીકરીઓ જ્યાં હોય ત્યાંથી ભાઈઓને રાખડી બાંધવા આવે જ આવે. બહેનો અંતરના આશિષ આપીને ભાઈઓને ભાવથી રાખડી બાંધે અને ભાઈઓ એમને અવનવી ભેટ આપીને નવાજે. આ વર્ષે તા.૨૮ ઑગસ્ટે રક્ષાબંધનનો તહેવાર આવવાનો હતો એ પહેલાં ભાઈઓ વચ્ચે બહેનોને શું ભેટ આપવી એની વિચારણા ચાલી. એમાં કોઈક તરફથી બહેનો પાસે વૃક્ષારોપણ કરાવવાનું સૂચન આવ્યું અને સૌએ ખુશ થઈને વાત વધાવી લીધી. બસ, પછી તો શેની રાહ જોવાની? ચાલવાના રસ્તાની આજુબાજુ બંને તરફ ત્રણ ત્રણ ખાડા ખોદાયા. બહેનો પાસે બળેવના પવિત્ર દિવસેએ ખાડાઓમાં આસોપાલવના છોડ રોપાવવાના હતા. બહેનોને ખબર પડી ત્યારે એ બધી તો ભાવાવેશમાં આવી ગઈ. પિયરનાં આંગણાંમાં આ રીતે પોતાની સ્મૃતિ ચીરંજીવ રહેશે એ વિચારીને એમની આંખો ભીની થઈ ગઈ. રક્ષાબંધનના દિવસે શુભ મૂર્હતમાં છએ દીકરીઓના હાથે આસોપાલવ રોપાયાં. એક અનેરો ઉત્સવ ઉજવાયો. બહેનોને ભાઈઓ તરફથી પોતાનાં જીવનની અમૂલ્ય અને સર્વોત્તમ ભેટ મળી. સૌને હૈયે આનંદ છલકાતો હતો. બહેનો અંદરો અંદર આ ઝાડ મારું અને આ મારું એમ મીઠા ઝઘડા કરતી હતી એમને ભાઈઓએ વચન આપ્યું કે, ઝાડ મોટાં થાય ત્યારે એના પર તમારાં નામની તકતી લગાડીશું. વર્ષોનાં વર્ષો પછી પણ હવે આંગણે કોઈ શુભ પ્રસંગ આવશે અને તોરણ બનાવવા આસોપાલવનાં પાન જોઈતા હશે ત્યારે ભલે એ બહેન હયાત હોય કે નહીં પણ એમ કહેવાશે કે, ફલાણી ફઈના આસોપાલવ પરથી પાન તોડી આવો. અને જ્યારે બારણે તોરણ ઝૂલતું હશે ત્યારે પાનની સાથે ગૂંથેલા ગલગોટાની જેમ એ બહેનની યાદ મહોરી ઊઠશે. આ વાત જાણી ત્યારે મને સ્વાનંદ કીરકીરેએ ગાયેલાં ગીતની પંક્તિઓ યાદ આવી -

ઓ રી ચિરૈયા, નન્હી સી ચિડિયા, અંગનામેં
ફિર આજા રે,
કિરનોં કે તીનકે, અંબર સે ચૂન કે, અંગનામેં
ફિર આ જા રે

આવું સાંભળીને પેલી ઊડી ગયેલી ચકલીઓ કલબલ કરતી પિયરને આંગણે આવી જ પહોંચશે એમાં કોઈ શંકા છે.

## ગુંદલાવ ચોકડી પાસે હાઈમસ્ટ લાઈટો બંધ : અકસ્માતનો ભય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧** વલસાડ નજીક આવેલા વ્યસ્ત ગુંદલાવ ચોકડી હાઈવે ઓવરબ્રિજ પાસે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા મુકવામાં આવેલી હાઈમસ્ટ લાઈટો છેલ્લા કેટલાક દિવસોથી બંધ હાલતમાં પડી રહી છે. રાત્રિના સમયે ઓવરબ્રિજ અને સર્વિસ રોડ પર ઘોર અંધારપટ છવાઈ જતાં વલસાડ, ખેરગામ તેમજ આસપાસના વિસ્તારોમાંથી અવરજવર કરતા સેંકડો વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.

અંધકારને કારણે અકસ્માતનું મોટું જોખમ

ગુંદલાવ ચોકડી એ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે તથા ખેરગામ-ધરમપુર તરફ જતા માર્ગોને જોડતો મહત્વનો ટ્રાફિક જંકશન પોઈન્ટ છે. અહીં હાઈમસ્ટ લાઈટો બંધ હોવાથી રાત્રિના સમયે દૂરથી આવતા ભારે વાહનોને ટર્નિંગ કે ક્રોસિંગ સ્પષ્ટ દેખાતું નથી, જેથી ગંભીર અકસ્માતની શક્યતા વધી ગઈ છે. ગુંદલાવ જીઆઈડીસીમાં રાત્રિ પાળીમાં નોકરી કરતા કામદારો અને દ્વિચક્રી વાહનચાલકોને અંધારામાં ખાડા કે રખડતા ઢોરો ન દેખાતા વારંવાર અકસ્માતનો ભોગ બનવું પડે છે.

અંધકારનો લાભ લઈને અસામાજિક તત્વો દ્વારા ચોરી કે લૂંટફાટ જેવી પ્રવૃત્તિઓ થવાની ભીતિ પણ સેવાઈ રહી છે.

સ્થાનિકો અને મુસાફરોની તાત્કાલિક સમારકામની માંગ

સ્થાનિક વાહનચાલકોનું કહેવું છે કે, હાઈવે ઓથોરિટી દ્વારા લાખો રૂપિયાના ખર્ચે લાઈટો લગાવવામાં તો આવી છે પરંતુ તેની યોગ્ય જાળવણીના અભાવે સામાન્ય જનતાને હાલાકી ભોગવવી પડે છે. આ મામલે તંત્ર વહેલી તકે નિંદ્રામાંથી જાગીને બંધ પડેલી હાઈમસ્ટ લાઈટોનું તાત્કાલિક સમારકામ હાથ ધરે અને રાત્રિ પ્રકાશની યોગ્ય વ્યવસ્થા પુન: કાર્યરત કરે તેવી લોકમાગ ઉઠી છે.

### વિવિધ મંડળો દ્વારા શ્રીજીની સ્થાપનાને લઈ તૈયારીઓ શરુ કરી

# વલસાડમાં પંચમુખી ગણેશજીની મૂર્તિ અને ડ્રેગન આકર્ષણનું કેન્દ્ર બન્યા







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧** શહેરમાં દર વર્ષે પોતાના અનોખા અને ભવ્ય આયોજન માટે જાણીતા ન્યુ શાકભાજી મિત્ર મંડળ વલસાડ દ્વારા આ વર્ષે પણ ગણેશોત્સવને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. દર વર્ષે શિવ પરિવારનું જીવંત પાત્ર, અઘોરી વેશભૂષા તેમજ ભગવાન શિવ-પાર્વતીની ઐતિહાસિક જાન જેવા આકર્ષણો રજૂ કરીને લોકોના દિલ જીતી લેનાર આ મંડળ આ વર્ષે પણ કંઈક વિશેષ નજરાણું રજૂ કરવા જઈ રહ્યું છે. આ વર્ષે મંડળ દ્વારા બાપાની દિવ્ય પંચમુખી મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. તેની સાથે પ્રભુ શ્રી રામ, માતા સીતા, લક્ષ્મણજી અને હનુમાનજી નું પાત્ર નાના બાળકોએ ભજવ્યો હતો અને યાત્રામાં ૪૦ ફૂટ લાંબો ડ્રેગન શહેરના માર્ગો પર આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. રાત્રે ૧૨ કલાકે વલસાડના અઝાદ ચોક પર પહોંચેલી યાત્રા દરમિયાન જય શ્રી રામ અને ગણપતિ બાપા કી જય ના નારા બાદ પંચમુખી ગણેશજીની પ્રતિમા મેં ખોલવામાં આવતા લોકો બાપા ની પ્રતિમા ને કેમેરામાં કેદ કરી રહ્યા હતા. પંચમુખી ગણેશજીની મૂર્તિ નું આગમન વાજતે ગાજતે નીકળેલી તેમની યાત્રા જોવા માટે હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મંડળના સંચાલક અને નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રાજુભાઈ મરચાંએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, વલસાડની ધર્મપ્રેમી જનતાને દર વર્ષે નવો ઉત્સાહ અને ભક્તિમય માહોલ પૂરો પાડવો એ મંડળનો મુખ્ય ઉદ્દેશ્ય રહ્યો છે. તો બીજી તરફ વલસાડના મોગરાવાડી વિસ્તારમાં આવેલ છતરીયા કા રાજા ગણપતિ બાપા ની મૂર્તિ નું આગમન વાજતે ગાજતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિસ્તારમાં રહેતા અને નગરપાલિકા ઉપપ્રમુખ આશુતોષ મિશ્રા, પાલિકા સભ્ય જીગ્નેશ પટેલ, સુનિલ યાદવ અને મુકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. છત્રીયાના રાજાનું આગમન માટે મંડળના હોદ્દેદારો સંચાલકોએ ભારે જહેમત ઉઠાવી હતી. જોકે ઓરકેસ્ટ્રા પાર્ટીએ ગણેશ આગમનમાં લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

# ઊંટડીમાં મેગા મેડિકલ કેમ્પમાં ૯૦૦થી વધુ લોકોએ લાભ લીધો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ તાલુકાની ડુંગરી દૂધ ઉત્પાદન મંડળી તથા ઊંટડી ગ્રામજનોના સંયુક્ત ઉપક્રમે લોક વિદ્યાલય, ઊંટડી માં મેગા ફ્રી મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ માં ૯૦૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો. કેમ્પમાં વિવિધ ક્ષેત્રના ૧૫ તબીબોની ટીમ ઉપસ્થિત રહી હતી.આર. એન. સી. માં કુલ ૪૧૯ આંખના દર્દીઓની તપાસ બદ જરૂરિયાત જણાતા ૩૬૯ દર્દીઓને ચશ્માંનું વિતરણ, જ્યારે ૪૩ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે જણાવવામાં આવ્યું હતું. મંડળીમાં નિયમિત દૂધ ભરતા સભાસદોને ૧૫ લાખના અકસ્માત વીમા સુરક્ષા આપવામાં આવી રહી છે.વલસાડ તાલુકાની ડુંગરી દૂધ ઉત્પાદન મંડળી તથા ઊંટડી ગ્રામજનોના સંયુક્ત ઉપક્રમે લોક વિદ્યાલય, ઊંટડી માં મેગા ફ્રી મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં વિવિધ ક્ષેત્રના ૧૫ તબીબોની ટીમ ઉપસ્થિત રહી હતી અને ડુંગરી-ઊંટડી તથા આસપાસના વિસ્તારના ૯૦૦થી વધુ લોકોએ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન ખાસ કરીને આંખોની તપાસ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી.આર. એન. સી. માં કુલ ૪૧૯ આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. તપાસ બાદ જરૂરિયાત જણાતા ૩૬૯ દર્દીઓને ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે ૪૩ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે જણાવવામાં આવ્યું હતું. કેમ્પનું એક મહત્વપૂર્ણ આકર્ષણ ડુંગરી દૂધ ઉત્પાદન મંડળીના પ્રમુખ જીનેશ દેસાઈ દ્વારા દૂધ ભરતા સભાસદોને ૧૫ લાખના અકસ્માત વીમા કવચની સુવિધા આપવાની પહેલ રહી હતી. મંડળીમાં નિયમિત દૂધ ભરતા સભાસદોને આ વીમા સુરક્ષા આપવામાં આવી છે. અકસ્માતની આકસ્મિક પરિસ્થિતિમાં સભાસદો અને તેમના પરિવારને આર્થિક સુરક્ષા મળી રહે તે હેતુથી જીનેશ દેસાઈ દ્વારા આ મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી હતી. આ પ્રસંગે વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી સોનલબેન સોલંકી(જૈન) જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ તથા ધારાસભ્ય ભરતભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, સંગઠનના હોદ્દેદારો તથા સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.મેડિકલ કેમ્પમાં ૯૦૦થી વધુ લોકોની આરોગ્ય તપાસ સાથે આંખના દર્દીઓને ચશ્માંનું વિતરણ અને મોતિયાના દર્દીઓને આગળની સારવાર માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્ય સેવા સાથે દૂધ ભરતા સભાસદોને ૧૫ લાખનું અકસ્માત વીમા કવચ આપીને ડુંગરી દૂધ ઉત્પાદન મંડળીના પ્રમુખ જીનેશ દેસાઈએ સભાસદોના આરોગ્ય અને આર્થિક સુરક્ષા બંનેને પ્રાધાન્ય આપ્યું હતું.

**દમણગંગા ટાઈમ્સ**
પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ
સંપર્ક : કમલેશ હરિયાવાલા - 9327706434

## વલસાડમાં 'સેવાસેતુ કેમ્પ' યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ તાલુકા અને શહેરના નાગરિકોને સરકારી યોજનાઓનો સીધો લાભ મળી રહે તે હેતુથી વલસાડના ધારાસભ્ય ભરતભાઈ કે. પટેલ દ્વારા એક વિશેષ સેવાસેતુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં આયુષ્યમાન કાર્ડ, આધાર કાર્ડ અપડેટ, આંખની તપાસ સાથે મફત ચશ્મા વિતરણ અને એનીમિયા ટેસ્ટ જેવી આરોગ્યલક્ષી સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવાશે.કેમ્પ આગામી તારીખ ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સમય સવારે ૦૯ થી બપોરે ૦૨ વાગ્યા સુધી સ્થળ ધારાસભ્ય ભરતભાઈ કે. પટેલનું કાર્યાલય, મિલેનિયમ સેન્ટ્રલ પાર્ક, ૦૮, વલસાડ પારડી, લીલાપોર રોડ, વલસાડ માં રાખવામાં આવ્યો છે. (૧) રેશનકાર્ડ, (૨) આઈ.ડી. પ્રૂફ, (૩) આવકનો દાખલો. આધાર કાર્ડમાં સુધારા/નામ બદલવા માટે (૧) ચૂંટણી કાર્ડ (પૂરું નામ હોવું જરૂરી), (૨) જાતિનો દાખલો, (૩) જન્મનું પ્રમાણપત્ર સાથે લાવવાનું રહેશે. લાભ લેવા ઈચ્છુક દરેક નાગરિકોને જરૂરી દસ્તાવેજો સાથે નિયત સમયે ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

## ગુંદલાવની લક્ષ્મીબા પ્રા. શાળામાં રક્ષાબંધન પર્વ ઉજવાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ ના ગુંદલાવ વનાંચલ કેળવણી ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મીબા બાલમંદિર અને લક્ષ્મીબા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની હર્ષાઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.જેમાં રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.દરેક વિદ્યાર્થીઓએ રંગબેરંગી રાખડીઓ બનાવી હતી. જેમાં વિદ્યાર્થીઓને નંબર આપવામાં આવ્યા હતા.જેમાં પ્રથમ નંબરે ધોરણ-૫ માં ભણતી વિદ્યાર્થીની ક્રિષ્નાબેન અને બીજા નંબરે ધોરણ - સિનિયર કેજી માં ભણતી વિદ્યાર્થીની ઝીલબેન અને ત્રીજા નંબરે ધોરણ - ૩ માં



ભણતો વિદ્યાર્થી પ્રથમભાઈનો આવ્યો હતો.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શિક્ષિકા હિરલબેન એચ. પટેલ અને જ્યોતિબેન ડી. પટેલ દ્વારા નિર્ણય કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ વિદ્યાર્થીનીઓએ ભાઈઓની કાંડા પર રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.રાખડી બંધતા પેહલા શાળાના ટ્રસ્ટી રમેશચંદ્ર પટેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વાર્તાઓ અને રક્ષાબંધનના પવિત્ર પર્વ વિશે વાતો કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન ને લગતા લોકગીતો ગાવામાં આવ્યા હતા. રાખડી બાંધતી વખતે ભાઈ - બહેનના પ્રેમ, લાગણી અને પરસ્પર રક્ષણના સંકલ્પનો સુંદર દ્રશ્ય જોવા મળ્યું હતું. આ કાર્યક્રમ માં શાળા ના દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# વલસાડ શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળનો મહાદેવજી દર્શન કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડ દ્વારા પ્રતિવર્ષની જેમ પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવજી દર્શન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે નિરાંકેન્દ્ર વલસાડ ખાતેથી ૨૧૬ ભાવિક ભક્તો સાથે ૪ બસનું પ્રસ્થાન સમાજના શુભચિંતક મહાનુભાવો માં હિનાબેન રમેશભાઈ વાઘીયા, શોભનાબેન ગિરિનભાઈ બલસારા, કોકિલાબેન રતિલાલ બાલુભાઈ કેવાડિયા તેમજ અરુણભાઈ લલ્લુભાઈ વજેરીયાના હસ્તે ફુલહાર તેમજ નાળિયેર વધેરી હર હર મહાદેવના નારા સાથે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.



બસ વલસાડ નિરાકેન્દ્રથી નીકળી ધમડાચીમાં આવેલ વેષ્ણોદેવી માં ના દર્શને પહોંચ્યા. માંના દર્શન કરી સૌ ભાવિક ભક્તો અભિભૂત થયા બાદ રાબડામાં વિશ્વંભરીમાં ના દર્શન કરી ભજન કીર્તનના સથવારે ફલધરા જવા માટે રવાના થયા અને જલારામબાપાનાં ચરણોમાં વંદન કરી, બરૂમાળમાં આવેલ સુપ્રસિદ્ધ ભાવભાવેશ્વર મહાદેવનાં દર્શને ઉપડયા હતા. બરૂમાળ પહોંચી મહાદેવજીની પુજા અર્ચના કરી,જળાભિષેક કરી પરમ શાંતિની અનુભૂતિ થઈ. નાંધઈ ખાતે આવેલ ગુપતેશ્વર મહાદેવના દર્શન કરી, સૌ ભાવિક ભકતોએ પોતાના ટિફિનમાં લઈ ગયેલા ભોજનનો આસ્વાદ લઈ તૃપ્ત થયા હતા. ઉનાઈ ખાતે આવેલ, ગરમ પાણીનાં કુંડના પાણીથી પવિત્ર થઈ ઉનાઈમાતાને વંદન કરી, હર હર ભોલેના નાદ સાથે, અનાવલના શુકલેશ્વર મહાદેવ ના દર્શને ઉપડ્યા. મહાદેવની પૂજા અર્ચના કરી એમના પ્રાંગણમાં કાર્યક્રમના મહાનુભાવોનું સંસ્થાના કાર્યકરોના હસ્તે પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત વારિષ્ઠ નાગરિકો માં સુરેશભાઈ કેશવજી કલ્યાણી (અબ્રામા), મા.લલીતાબેન પ્રેમજીભાઈ પટેલ (મોરાભાગડા), મા.ચંચળબેન બાલુભાઈ પરમાર (પંચલાઈ પારડી) ને પુષ્પગુચ્છ અને શાલ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ અવસરે શીલાબેન રણજીતભાઈ પટેલ, મંજુબેન રાકેશભાઈ પટેલ (ગુંદલાવ)તેમજ હસમુખભાઈ બુધીલાલ ઉડવાડિયા (ઉદવાડા) એ કાર્યક્રમ માટે કરેલ અનન્ય સેવાને બિરદાવી પુષ્પગુચ્છ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. માતાજીના ગરબાની રમઝટ સાથે સોળમાં મહાદેવજી દર્શન કાર્યક્રમની પુર્ણાહુતી થઈ હતી. મહાદેવના આશીર્વાદ લઈ ભાવિક ભક્તો વલસાડ જવા માટે રવાના થયા અને આખા દિવસના સુખદ પ્રસંગોને વાગોળતા વાગોળતા રાત્રે વલસાડ પહોંચી હર હર મહાદેવ ના નાદ સાથે સૌ છુટા પડ્યા હતા સમાજના વડીલો માં કનુભાઈ મોરે, મનહરભાઈ સોનાવાલા, રતિલાલ કુવેકર, હસમુખભાઈ સોલંકી, અશ્વિનભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, ધીરુભાઈ વસરકર, જયંતીભાઈ સુરતી, ઉમેશભાઈ ભાગડીયા, ગીરીશભાઈ પટેલ, અશોકભાઈ પટેલની ઉપસ્થિતિએ સૌ કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવનાર કાર્યક્રમ ઈન્ચાર્જ ત્રિપુટી પ્રશાંતભાઈ પટેલ, વિમલભાઈ સોલંકી, હિરેનભાઈ સુરતી, એમને સહયોગ આપનાર સંસ્થાની યુવા ટીમ સિધ્ધિ રાઠોડ, ભૂમિ સુરતી, ધ્યાનવી ભવાની, વિની પટેલ, નિમિત મેહવાલા, ધરતી પટેલ ધ્યાન રાધારી, કાર્યક્રમનું સંચાલન કરનાર મંત્રી બિપીનભાઈ સુરતી, તમામ ભાવિક ભક્તો,દાતાઓ, કાર્યકરોનો સંસ્થાના પ્રમુખ અનુપભાઈ મેહવાલા હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

# અન્ય સમાચારો

Tuesday 01, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 01, September 2026

## કૃષિ સામે વધી રહ્યા છે પડકારો

નેપાળના દૃશ્યો કંપાવી રહ્યાં છે. પર્વતો ભેદીને મોત ધસમસી રહ્યું છે. સ્વાભાવિક રીતે અહીં ચર્ચા ગ્લોબલ વૉમિંગની જ થાય. જે દુર્ઘટના આજે ઘટી છે કે કેદારનાથ વિસ્તારમાં અને આવા ક્ષેત્રોમાં અગાઉ થઈ તેની સરખામણીનો તો પ્રશ્ન જ નથી, પરંતુ કેન્દ્રસ્થ મુદ્દો છે બદલાતું ઋતુચક્ર. હિમશિખરો પીગળવાના બનાવ મહાસંકટ છે. તરત દેખાય છે, પરંતુ જેનો અનુભવ થાય છે, પરંતુ દૃશ્યમાન નથી તે છે આ ક્લાઈમેટ ચેન્જ અને તેની અસર કૃષિક્ષેત્ર ઉપર પડી રહી છે. આ વર્ષે ચોમાસું સંતોષકારક નથી. ખાંડ કે ડુંગળીના વધેલા અને સરકારે નિયંત્રણમાં લીધેલા ભાવના કારણ આંતરરાષ્ટ્રીય પ્રવાહો-બજારો હશે તે ઉપરાંત કુદરતી કારણોની અવગણના પણ થઈ શકે તેમ નથી. ચોમાસાંની પદ્ધતિ બદલાઈ છે, વૈશ્વિક કેલેન્ડર મુજબ જૂનની મધ્યમાં એટલે કે જેઠ-અષાઢમાં વરસાદની શરૂઆત થાય અને તે સપ્ટેમ્બર એટલે કે ભાદરવા સુધી ચાલે, પરંતુ હવે કાં તો વરસાદ બહુ ખેંચાય છે કે પછી થોડા દિવસોમાં આખી ઋતુનો વરસાદ પડી જાય છે. વાવણી-વરસાદ માટેના પરંપરાગત નક્ષત્રો-અંદાજ ખોટા પડી રહ્યા છે. ભીમ અગિયારસ અને આષાઢી બીજ જેવા દિવસોએ શુકન સચવાતાં નથી. વરસાદમાં વિલંબ થાય તો બિયારણ બળી જાય. ૩૦ દિવસમાં પડવો જોઈએ તે વરસાદ ૩ દિવસમાં પડી જતો હોય છે. જૂન-જુલાઈમાં વરસાદ પડે નહીં અને ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં અતિવૃષ્ટિ થાય. કૃષિક્ષેત્ર અને ખેડૂતોની અનિશ્ચિતતા વધી રહી છે. એક ઋતુમાં પાક નિષ્ફળ જાય એટલે ખેડૂતની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ જાય છે. અલબત્ત, હવે સરકારી ધિરાણ, ખેડૂતોને પાક માટે મળતો વીમો સહિતની સુવિધાઓ પણ છે તેનો ઈન્કાર થઈ શકે નહીં, છતાં ખેતી નબળી પડે તો ગ્રામીણ ખરીદશક્તિમાં ઘટાડો આખરે તો અર્થતંત્રના ચક્રની ગતિ ધીમી કરે જ. આ વર્ષે ગુજરાતમાં આમ તો દેશના ઘણા હિસ્સામાં આ સ્થિતિ છે. જુલાઈ પછી વરસાદ ઓછો છે. જળાશયોમાં પર્યાપ્ત જથ્થો નથી. કૃષિક્ષેત્રની આ સમસ્યા ફક્ત આ વર્ષ પૂરતી નથી. હવે તેનો કાયમી ઉકેલ શોધવો જરૂરી છે. સરકાર રાહત પેકેજ, વીમા યોજના કે બિયારણ-ખાતરની ઉપલબ્ધિ માટે પગલાં લે તેની સાથે વિજ્ઞાન આધારિત ઉપાયોની જરૂર પણ છે. અનાવૃષ્ટિ સમયે દુષ્કાળ જાહેર કરવાની પદ્ધતિમાં ફેરફાર કરવા ઉપરાંત કોલ્ડસ્ટોરેજ સહિતની સંગ્રહ વ્યવસ્થામાં વધારો થવો જોઈએ. પાક લણાઈ ગયા પછી યોગ્ય સંગ્રહની વ્યવસ્થા ન હોવાથી ૧૫-૨૦ ટકા અનાજ કે શાકભાજી બગડી જાય છે. હવે ડ્રોન ટેક્નોલોજી, સેન્સર્સ દ્વારા ખેડૂતને જમીનની ભેજ ક્ષમતા, રોગચાળાની માહિતી આગોતરી આપી શકાય છે. ડાંગર, કપાસ જેવા વધારે પાણી માગતા પાકને બદલે જુવાર, રાગી, બાજરીની ખેતીને પ્રાધાન્ય અપાવું જોઈએ. કઠોર હવામાનમાં તે ટકી શકે અને સ્વાસ્થ્ય માટે પણ સારા છે. ખેડૂતો આત્મહત્યા જેવા પગલાં ન ભરે તે માટે પીએમ કિસાન જેવી યોજનાઓની રકમ આફતના વર્ષોમાં વધી જાય તો સધિયારો રહે. આખરે કુદરત તો કુદરત છે, પરંતુ માનવીય ઉપાયો પણ જરૂરી છે. આ વર્ષે વરસાદની જે સ્થિતિ છે તે અગાઉ પણ થઈ છે અને તેનું પ્રમાણ વધશે કે નહીં તે કહી શકાય નહીં. ઋતુચક્ર પરિવર્તનના વિવિધ ઉપાયો, વૈશ્વિક ચિંતાની સાથે સ્થાનિક પગલાં પણ જરૂરી છે.


દમણગંગા ટાઇમ્સ
NEWS
CORPORATE NEWS

## મહિન્દ્રા ટ્રક એન્ડ બસે આજે બ્લેઝોi-TRK લૉંચ કરી

સુરત, તા. ૩૧ : મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા ટ્રક એન્ડ બસે આજે સંપૂર્ણપણે નવા અત્યાધુનિક હેવી કમર્શિયલ ટ્રક બ્લેઝોi-TRK લૉંચ કરવાની જાહેરાત કરી હતી.બ્લેઝોi-TRKને ગ્રાહકો માટે ૧૦૬ ટકા શ્રેષ્ઠ ફ્યુઅલ અસરકારકતા સુધી આપતો ઇંધણની દરેક બૂંદમાંથી મહત્તમ લાભ મેળવવા અનેક અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, જેમાં AI-પાવર્ડ iÍu<અલસ્માર્ટ ઓટો ડ્રાઇવ મોડ, ટર્બો MAXX ટર્બોચાર્જર, ઓપ્ટિફ્યુઅલ એર કમ્પ્રેશરઅને અન્ય વિવિધ હાર્ડવેર સોલ્યુશન અને સોફ્ટવેર ઈનોવેશન શામેલ છે. કુલ બચત પાંચ વર્ષમાં દરેક ટ્રક પર ૧૫ લાખં સુધીનો વધારે નફો આપી શકે છે.પેટન્ટેડ AI-સક્ષમ ફ્ફ્યુઅલસ્માર્ટ ઓટો ડ્રાઇવ મોડ ધરાવતો ભારતનો પ્રથમ સ્માર્ટ ટ્રક, સંપૂર્ણ રેન્જ મહિન્દ્રાનાં અત્યાધુનિક 320hp ૃ પાવર એન્જિન ધરાવે છે, સૌથી ઈન્ટેલિજન્ટ - iMAXX 2.0 અત્યાધુનિક ફલીટ ટેલીમેટિક્સ સોલ્યુશન સાથે ઉપલબ્ધ, જેથી કાફલના માલિકોને રિમોટ ઈગ્નિશન ઈન્હિબિટ અને AC વપરાશ નિયંત્રણ જેવી સુવિધાઓ મળે છે.

### અનુસૂચિત જાતિ વિરોધી ટિપ્પણી કરવા બદલ

## રાહુલ ગાંધી વિરુદ્ધ FIR દાખલ



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૧

ઉત્તરાખંડના હલ્દવાનીમાં રામલીલા મેદાનમાં શુદ્ધિકરણ સમારોહમાં હવે નવો વળાંક આવ્યો છે. શ્રી રામ સેના ચેરિટેબલ સર્વિસ ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ નોંધ્યો છે. ફરિયાદ કરનારાઓમાં વિનોદ આર્ય અને અમિત કુમારનો સમાવેશ થાય છે, જે બંને રામલીલા મેદાનમાં શુદ્ધિકરણ સમારોહ યોજનાર ટ્રસ્ટના સભ્યો હોવાનું કહેવાય છે.શુદ્ધિકરણ કાર્યક્રમનું આયોજન કરનાર શ્રી રામ સેના ચેરિટેબલ સર્વિસ ટ્રસ્ટના સભ્ય વિનોદ આર્યએ જણાવ્યું હતું કે, ''ફરિયાદમાં જણાવાયું છે કે રાહુલ ગાંધી આરોપ લગાવી રહ્યા છે કે અમે એક ચોક્કસ વ્યક્તિ માટે શુદ્ધિકરણ કર્યું છે, પરંતુ તે સાચું નથી. તે ભગવાન રામનો દરબાર છે, અને અમે ફક્ત તેને સાફ કર્યું છે. ફક્ત રાહુલ ગાંધી જ સમજાવી શકે છે કે તેઓ તેને કયા દ્રષ્ટિકોણથી આપી રહ્યા છે.''વિનોદ આર્યએ કહ્યું, ''રાહુલ ગાંધી માંગ કરી રહ્યા છે કે અમારી સામે કેસ દાખલ કરવામાં આવે, ✗ઈ દાખલ કરવામાં આવે. અમે તેમને કહેવા આવ્યા છીએ કે અમે પોતે એક દલિત પરિવારમાંથી છીએ અને કોઈને દુઃખ પહોંચાડવા માટે કંઈ કર્યું નથી.

### મોદી બે દિવસના પ્રવાસે બિશ્કેક પહોંચ્યાં

# મોદીએ આર્મેનિયા અને ઈરાનના નેતાઓ સાથે કરી દ્વિપક્ષીય બેઠક



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૧ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના પ્રવાસે કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેક પહોંચી ગયા છે. અહીં તેઓ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ની ૨૬મી સમિટમાં ભાગ લેશે અને સંગઠનના અનેક સભ્ય દેશોના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. બિશ્કેક એરપોર્ટ પર કિર્ગિસ્તાનના મંત્રી પરિષદના અધ્યક્ષ અદિલબેક કાસિમાલિયેવએ વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન પરંપરાગત કિર્ગિઝ નૃત્યની સુંદર રજૂઆત પણ કરવામાં આવી હતી. કિર્ગિસ્તાન પહોંચ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિશ્કેકમાં મહાત્મા ગાંધી મેમોરિયલ પાર્ક ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે મહાત્મા ગાંધીની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આપને જણાવી દઈએ કે, આ પ્રતિમાનું અનાવરણ વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૧૫માં કિર્ગિસ્તાનની મુલાકાત દરમિયાન કર્યું હતું. મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ વડાપ્રધાન મોદીએ ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરી હતી અને તેમની સાથે વાતચીત કરી હતી. વડાપ્રધાન મોદીએ બિશ્કેકમાં વિવિધ સમુદાયોના લોકો સાથે પણ મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે લોકો સાથે સંવાદ કર્યો હતો અને તેમના અનુભવો વિશે જાણકારી મેળવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આર્મેનિયાના વડાપ્રધાન નિકોલ પશિન્યાન સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. બંને નેતાઓએ ભારત અને આર્મેનિયા વચ્ચેના પરસ્પર સંબંધો તેમજ બંને દેશોના સહિયારા હિતો સાથે જોડાયેલા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયન સાથે પણ દ્વિપક્ષીય બેઠક કરી હતી. બંને નેતાઓએ ભારત અને ઈરાન વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા તેમજ બંને દેશોના સહિયારા હિતો સાથે જોડાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧ સપ્ટેમ્બરે SCOની ૨૬મી સમિટને સંબોધિત કરશે. આ સમિટ દરમિયાન આતંકવાદ સામે લડત, પ્રાદેશિક સ્થિરતા અને સરહદ પારની સુરક્ષા સાથે જોડાયેલા પડકારોનો સામનો કરવા માટે સહયોગ જેવા મુદ્દાઓ પર મુખ્ય ચર્ચા થવાની છે. રાષ્ટ્રાધ્યક્ષોના સત્ર દરમિયાન બિશ્કેક ઘોષણા તેમજ અન્ય દસ્તાવેજોને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તેવી અપેક્ષા છે.

# નેપાળ પૂરમાં મૃત્યુઆંક ૯૦૩ થયો, ૪૨૦૦ થી વધુ ગુમ


(સંપૂર્ણ સમાચાર સેવા)
કાઠમંડુ, તા.૩૧ : નેપાળની ભોટેકોશી અને ત્રિશૂલી નદીમાં આવેલા ભયાનક પૂરના કારણે મૃત્યુઆંક વધીને ૯૦૩ થઈ ગયો છે, જ્યારે ૪૨૪૭ લોકો હજુ પણ ગુમ છે. નેપાળ પોલીસ દ્વારા સોમવારે (૩૧ ઓગસ્ટ) આ માહિતી આપવામાં આવી છે. નેપાળ પોલીસે જણાવ્યું કે સૌથી વધુ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સમાંથી ૯૩૩ લોકોના મૃતદેહ મળી આવ્યા છે.

આ સિવાય ૫૫૨ વિદેશી નાગરિકોના મૃતદેહ મળ્યા છે. સાથે જ વિદેશીઓ સાથે મુસાફરી કરી રહેલા ૧૨૭ નેપાળી નાગરિકોના પણ અત્યાર સુધીમાં મોત થઈ ચૂક્યા છે. એકલા ચિતવનમાંથી ૨૭૨ લોકોના મૃતદેહ મળ્યા છે. નેપાળ પોલીસના જણાવ્યા અનુસાર અત્યારસુધીમાં ૧૦,૪૫૧ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. ૩૦ ઓગસ્ટે હાઈડ્રો પ્રોજેક્ટમાંથી ૧૫ ચીની નાગરિકો અને ૭ ભારતીય નાગરિકોને બચાવી લેવાયા છે. ૨૬૭ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે.

આ દરમિયાન ચિતવનના દેવઘાટ જંગલમાં અજ્ઞાત મૃતદેહોને દફનાવવા માટે સેંકડો કબ્બરો તૈયાર કરવામાં આવી છે. છેલ્લા ૨ દિવસમાં અહીં ૧૯૬ લોકોના મૃતદેહ દફનાવવામાં આવ્યા છે. લાંબા સમય સુધી પાણીમાં રહેવાના કારણે ઘણા મૃતદેહો કોહવાય ગયા છે. દરેક મૃતદેહને એક ઓળખ નંબર આપીને તેનો રેકોર્ડ રાખવામાં આવી રહ્યો છે. આ પછી ẩẩછ ટેસ્ટિંગ દ્વારા મૃતદેહોની ઓળખ કરીને સ્વજનોને સોંપવાનો પ્રયાસ કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે નેપાળ-તિબ્બત સરહદ પાસે ગ્લેશિયર તૂટ્યા બાદ બનેલી લેકનું પાણી કુદરતી વહેણથી બહાર નીકળી ગયું છે. ચીનના જળ સંસાધન મંત્રાલયના જણાવ્યા અનુસાર લેકમાં એકઠું થયેલું પાણી લગભગ સંપૂર્ણપણે બહાર નીકળી ગયું છે. આનાથી ડાઉનસ્ટ્રીમ વિસ્તારોમાં લેક ફાટવાથી અચાનક પૂર આવવાનો ભય હાલ પૂરતો ટળી ગયો છે.

# મોદી-પુતિન વચ્ચે બેઠક યોજાઈ



(સંપૂર્ણ સમાચાર સેવા) બિશ્કેક, તા.૩૧ : કિર્ગિસ્તાનના બિશ્કેક શહેરમાં ૩૧ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન આયોજિત ૧૬મા શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટમાં વિશ્વભરના દિગ્ગજ રાષ્ટ્રપ્રમુખો એકઠા થયા છે. વૈશ્વિક રાજનીતિમાં અત્યંત મહત્વ ધરાવતા આ મંચ પર સોમવારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે એક વિશેષ બેઠક યોજાઈ હતી. આ વાર્ષિક શિખર સંમેલનમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સહિતના અન્ય વૈશ્વિક નેતાઓની ઉપસ્થિતિ પણ નોંધપાત્ર રહી છે.

આ દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન PM નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, યુદ્ધનો દરેક દિવસ માનવતાને પાછળ ધકેલી રહ્યો છે અને તમામ દેશોએ દુશ્મનાવટનો અંત લાવવા માટે સઘન પ્રયાસો કરવા જોઈએ. યુક્રેન કટોકટી અંગે બોલતા તેમણે ઉમેર્યું કે, "આ કટોકટીની શરૂઆતથી જ આપણે સતત સંપર્કમાં છીએ. એક સાચા મિત્રની ભૂમિકા ભજવીને તમે અમને સમયાંતરે તમામ પરિસ્થિતિથી વાકેફ કર્યા છે. આપણો આ પરસ્પર વિશ્વાસ એક મહાન શક્તિ છે." તેમણે શાંતિને જ વિશ્વના કલ્યાણનો સાચો માર્ગ ગણાવ્યો અને આશા વ્યક્ત કરી કે તાજેતરમાં ચાલી રહેલા પ્રયાસો થકી અંતે શાંતિ જ પ્રવર્તશે.

આ મુલાકાતને રશિયન રાષ્ટ્રપતિની આગામી સપ્ટેમ્બરમાં યોજાનારી નવી દિલ્હીની રાજ્ય મુલાકાતની પૂર્વસંધ્યા સમાન ગણાવતા પુતિનના વિદેશ નીતિ સલાહકાર યુરી ઉષાકોવે બંને દેશોના મજબૂત સંબંધો પર ભાર મૂક્યો હતો.

રશિયન રાજદૂત દિમિત્રીવે પણ ભારતને એક ઉત્કૃષ્ટ ભાગીદાર ગણાવ્યું હતું. બંને દેશો વચ્ચે ભવિષ્યમાં ટેકનોલોજી અને ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે વ્યાપક સહયોગની કલ્પના કરવામાં આવી છે.

# પ.એશિયામાં શાંતિ લાવવામાં ભારત મદદ કરી શકે છે : ઈરાનના પ્રમુખ



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૧
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૧ ઓગસ્ટે કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સમિટ દરમિયાન ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં પેઝેશ્કિયાને પીએમ મોદીને જણાવ્યું કે અમેરિકાએ પોતાનું વચન પૂરું ન કર્યું હોવા છતાં ઈરાન આખરી સમજૂતી પર પહોંચવા માટે પ્રતિબદ્ધ છે. પેઝેશ્કિયાને કહ્યું કે આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા મજબૂત કરવામાં ભારત ઘણું મદદરૂપ થઈ શકે છે.સરકારી મીડિયાના અહેવાલ મુજબ, પેઝેશ્કિયાનએ જણાવ્યું કે, અમે હજુ પણ સમજૂતી અને પરસ્પર સમજણ ઊભી કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. અમારું માનવું છે કે યુદ્ધ ચાલુ રાખવાથી ન તો અમારા હિતોને અને ન તો આ ક્ષેત્ર કે માનવતાના હિતોને કોઈ ફાયદો થાય છે.ફાર્સ સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, ઈરાનના રાષ્ટ્રપ્રમુખએ પીએમ મોદી સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે અમેરિકામાં એવા લોકો છે જેઓ ઈચ્છે છે કે આ યુદ્ધ ચાલુ રહે. તેમણે કહ્યું કે અમેરિકાએ પોતાના વચનો પૂરા કર્યા નથી. અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે બેઠક દરમિયાન બંને નેતાઓએ હોર્મુઝની સમુદ્રધૂની (Strait of Hormuz) સાથે સંકળાયેલા દરિયાઈ સહયોગ અને ચાબહાર બંદરમાં સહયોગ પર ચર્ચા કરી હતી.તેમણે જણાવ્યું કે, ચાબહાર પોર્ટ દક્ષિણ-પૂર્વ ઈરાનમાં આવેલું છે, જેના એક ટર્મિનલને તૈયાર કરવામાં ભારતે ઓછામાં ઓછું ૧૨ કરોડ ડોલર (૧૨૦મિલિયન ડોલર)નું રોકાણ કર્યું છે. આ પ્રોજેક્ટ પર લાદવામાં આવેલા પ્રતિબંધોમાં અમેરિકા તરફથી આપવામાં આવેલી છૂટ ૩૦ ઓગસ્ટ-૨૦૨૬ના રોજ સમાપ્ત થઈ ગઈ છે.

બેઠક દરમિયાન બંને પક્ષોએ પરસ્પર સંબંધોની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી અને બંને દેશો માટે મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ઈરાન અને ભારત વચ્ચે પરસ્પર સહયોગ મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે બંને ટોચના નેતાઓ વચ્ચે સતત સંવાદ જળવાઈ રહ્યો છે. જૂનમાં, બંને નેતાઓ વચ્ચે ફોન પર વાતચીત થઈ હતી, જેમાં ઈરાની રાષ્ટ્રપ્રમુખે ભારતીય પીએમને પશ્ચિમ એશિયામાં બની રહેલી ઘટનાઓ અને આગળના રસ્તા અંગે માહિતી આપી હતી.વાતચીત દરમિયાન, સંઘર્ષ સમાપ્ત કરવા માટે બનેલી સહમતીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને કાયમી શાંતિ તથા સ્થિરતા માટે સતત પ્રયાસોની જરૂરિયાતનો પુનરોચ્ચાર કરાયો હતો. બંને નેતાઓએ આ અગાઉ ૨૧ માર્ચે પણ વાતચીત કરી હતી, જેમાં તેમણે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં સુરક્ષા સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

# ભારતે સિંધુ જળ સંધિ પર વર્લ્ડ બેંકની મધ્યસ્થતાવાળી કોર્ટનો ચુકાદો ફગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૧ : ભારતે આજે ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સિંધુ જળ સંધિ પર વર્લ્ડ બેંકની મધ્યસ્થતાવાળી કોર્ટ ઓફ આર્બિટ્રેશન (CoA)ના ચુકાદાને ફગાવી દીધો છે. ભારતે કોર્ટને ગેરકાયદે ગણાવતા કહ્યું કે આ મામલે કોઈ પણ સુનાવણી તેના અધિકાર ક્ષેત્રમાં આવતી નથી. વિદેશ મંત્રાલયે નિવેદન બહાર પાડીને કહ્યું કે CoA દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓનો ભારતની કાર્યવાહી પર કોઈ પ્રભાવ પડશે નહીં. ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત રાખવાના નિર્ણય યથાવત જ રહેશે.

વિદેશ મંત્રાલયે કોર્ટ ઓફ આર્બિટ્રેશનને સંપૂર્ણપણે ગેરકાયદે ગણાવ્યું છે. ભારતનું કહેવું છે કે વર્લ્ડ બેંકે સિંધુ જળ સંધિના નિયમોનું ઉલ્લંઘન કરીને આ કોર્ટની રચના કરી હતી, તેથી ભારત તેના કોઈ પણ ચુકાદા કે આદેશને સ્વીકારતું નથી. સ્ઈછ એ કહ્યું, ભારતે આ કોર્ટના કાયદાકીય અસ્તિત્વને ક્યારેય સ્વીકાર્યું નથી. ભારતનું માનવું છે કે તેનું ગઠન જ સિંધુ જળ સંધિનું મોટું ઉલ્લંઘન છે. આ જ કારણે ભારત ન તો ક્યારેય આ કોર્ટ સમક્ષ રજૂ થયું છે અને ન તો તેના કોઈ ચુકાદા પર ધ્યાન આપ્યું છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે આ કોર્ટ પાસે ભારતના સાર્વભૌમત્વ નિર્ણયો પર બોલવાનો કોઈ અધિકાર નથી. MEA એ કહ્યું, કોર્ટના અત્યારના કે ભવિષ્યના કોઈ પણ ચુકાદાની ભારતની પરિયોજનાઓ પર કોઈ અસર પડશે નહીં. ર્ઝછના કોઈ પણ આદેશની ભારતની જળ પરિયોજનાઓ પર કોઈ અસર નહીં થાય. સિંધુ જળ સંધિને હાલ પૂરતી સ્થગિત રાખવાનો ભારત સરકારનો નિર્ણય સંપૂર્ણપણે લાગુ રહેશે.

મહત્વનું છે કે કોર્ટ ઓફ આર્બિટ્રેશન (CoA) એ પોતાના ચુકાદામાં કહ્યું છે કે સિંધુ જળ સંધિ સંપૂર્ણપણે લાગુ છે અને ભારતે આ હેઠળ પોતાની જવાબદારીઓનું પાલન કરવું પડશે. જેમાં કહેવામાં આવ્યું કે કોર્ટે ભારત દ્વારા સંધિને સ્થગિત કરવાના કારણોની સમીક્ષા કરી અને દાવો કર્યો કે આ આધાર સંધિને નિલંબિત કે સમાપ્ત કરવા માટે યોગ્ય નથી.

ભારતે ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ થયેલા પહલગામ આતંકી હુમલા બાદ સિંધુ જળ સંધિને રોકવાનો નિર્ણય લીધો હતો. આ જ નિર્ણય હેઠળ જમ્મુ-કાશ્મીરમાં સિંધુ નદી પ્રણાલી પર કિશનગંગા અને રતલે હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે.

### કિર્ગિસ્તાનમાં SCO સમિટ શા માટે મહત્વપૂર્ણ છે

# ભારત, રશિયા, ચીન, ઈરાન એક છત નીચે

(જી.એન.એસ) તા. ૩૧
કિર્ગિસ્તાન,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના શી જિનપિંગ, એક ડઝનથી વધુ વિશ્વ નેતાઓ સાથે, શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (જીર્ઝ) ના બે દિવસીય શિખર સંમેલન માટે કિર્ગિસ્તાનની મુલાકાતે છે - એક પ્રાદેશિક બ્લોક જે પોતાને પશ્ચિમના પ્રતિ-પ્રભાવ તરીકે સ્થાપિત કરવા માંગે છે. ગયા વર્ષે, ચીનના તિયાનજિનમાં જૂથની વાર્ષિક બેઠકે વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચ્યું જ્યારે પીએમ મોદીએ શી અને પુતિન સાથે ત્રિ-માર્ગી હાથ મિલાવ્યો, જેના કારણે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું કે વોશિંગ્ટન કદાચ નવી દિલ્હી અને મોસ્કોને બેઈજિંગ સામે "હારી" ગયું છે. આ વર્ષે પણ, બધાની નજર કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં યોજાઈ રહેલી શિખર સંમેલન પર છે, જ્યાં ૧૦-સભ્યોના બ્લોકના નેતાઓ ફરીથી એક મંચ શેર કરવા માટે તૈયાર છે.શિખર સંમેલન દરમિયાન, પુતિન, શી અને પીએમ મોદી, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફ સાથે, કિર્ગિસ્તાનના નેતા સદિર જાપારોવની અધ્યક્ષતામાં પૂર્ણ સત્રમાં ભાગ લેશે.સમિટમાં કોણ ભાગ લઈ રહ્યું છે?આ જૂથ, જે તેની ૨૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે, તેમાં રશિયા, ચીન, ભારત, પાકિસ્તાન, ઈરાન, ચાર મધ્ય એશિયાઈ દેશો અને મોસ્કો-મિત્ર બેલારુસનો સમાવેશ થાય છે. તુર્કીના રેસેપ તૈયપ એર્દોગન પણ હાજરી આપે તેવી અપેક્ષા છે, જોકે તેમનો દેશ ઔપચારિક સભ્ય નથી.આ બેઠકમાં સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં યોજાનારી આગામી ☞ઈંઝજી સમિટ માટે સૂર નક્કી થવાની પણ અપેક્ષા છે. ભારત અને ચીન સાથેના સભ્ય દેશો વચ્ચેના સંબંધો પર પણ ચર્ચા થવાની અપેક્ષા છે, જે જીર્ઝના પોતાના કેટલાક આંતરિક તણાવોને એજન્ડામાં લાવે છે.રવિવારે બિશ્કેક પહોંચીને, શીએ મધ્ય એશિયાઈ કિર્ગિસ્તાન સાથેના સંબંધોમાં "સુવર્ણ યુગ" તરીકે વર્ણવેલ વાતની પ્રશંસા કરી કારણ કે ચીન ઐતિહાસિક રીતે રશિયા-પ્રભુત્વ ધરાવતા ક્ષેત્રમાં પોતાનો પ્રભાવ વધુ ગાઢ બનાવી રહ્યું છે.પુતિન અને શીએ અગાઉ બહુધ્રુવીય વિશ્વના તેમના વિઝનને પ્રોત્સાહન આપવા અને પશ્ચિમ સામે સંયુક્ત મોરચો રજૂ કરવા માટે જીર્ઝ સમિટનો ઉપયોગ કર્યો છે.પીએમ મોદીનું સમયપત્રકપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જીર્ઝ સમિટમાં હાજરી આપવા માટે કિર્ગિસ્તાન પહોંચ્યા છે. આ ઉપરાંત, તેઓ ઈરાનના રાષ્ટ્રપતિ પેઝેશ્કિન, કિર્ગિઝ રાષ્ટ્રપતિ ઝાપારોવ અને રશિયાના પુતિન સહિત જીર્ઝ નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરવાના છે.શનિવારે તેમના પ્રસ્થાન નિવેદનમાં, પીએમ મોદીએ કહ્યું કે તેઓ "સુરક્ષા, જોડાણ અને તક" પર આધારિત આ ક્ષેત્ર માટે ભારતના વિઝનને આગળ વધારવા અને આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદના સંકટથી મુક્ત પ્રદેશ માટે સાથી સભ્યો સાથે કામ કરવા માટે આતુર છે, જે શાંતિ અને સ્થિરતાને જોખમમાં મૂકે છે.

"હું રાષ્ટ્રપતિ ઝાપારોવ અને અન્ય જીર્ઝ નેતાઓને મળવા માટે પણ આતુર છું," તેમણે કહ્યું.

# અમેરિકા-ઈરાનમાં ફરી ભડક્યું યુદ્ધ!

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૩૧
અમેરિકા અને ઈરાન વચ્ચે લગભગ એક મહિના સુધી શાંતિ રહ્યા બાદ ફરી એકવાર સૈન્ય તણાવ ગંભીર બન્યો છે. અમેરિકન સેનાએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં આવેલા ઈરાનના લારક ટાપુ પર એરસ્ટ્રાઈક કરી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ હુમલા બાદ ઈરાને પણ જોર્ડનમાં આવેલા અમેરિકન સૈન્ય મથકોને મિસાઈલ અને ડ્રોનથી નિશાન બનાવ્યા હોવાની માહિતી સામે આવી છે. બંને દેશો વચ્ચેના આ હુમલા-પલટવારથી મધ્યપૂર્વમાં ફરી યુદ્ધનું જોખમ વધી ગયું છે.અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડ અનુસાર, સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જહાજોની સુરક્ષા જાળવવા માટે લારક ટાપુ પર આ સૈન્ય કાર્યવાહી કરવામાં આવી હતી. અમેરિકન અધિકારીઓએ દાવો કર્યો કે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના જવાનો એવા રોકેટ તૈયાર કરી રહ્યા હતા, જે દરિયામાં માઈન્સ એટલે કે બારૂદી સુરંગો નાખવા માટે ઉપયોગમાં લઈ શકાય. અમેરિકન હુમલામાં જાનહાનિ અને ઈજાઓ થઈ હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.અમેરિકન હુમલા બાદ થોડા જ કલાકોમાં ઈરાને વળતો હુમલો કર્યો હોવાના અહેવાલ છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જોર્ડનમાં આવેલા અમેરિકા સંચાલિત કિંગ હુસૈન એરબેઝ અને અલ-અઝરક એરબેઝને મિસાઈલ અને ડ્રોન વડે નિશાન બનાવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઈરાની મીડિયાના જણાવ્યા અનુસાર, હુમલામાં અમેરિકન ટેકનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને યુદ્ધ વિમાનો સાથે જોડાયેલા વિસ્તારોને નુકસાન થયું છે. જોકે, અમેરિકાએ કહ્યું છે કે તેની એર ડિફેન્સ સિસ્ટમ્સે મોટાભાગની મિસાઈલો હવામાં જ અટકાવી દીધી હતી.સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોમાંનું એક છે.

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર :૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૧૦૨/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** શેખ નુરન્નીશા ખુરશીદમીંયા, રહે.૬/૩/૨, દશેરાપાટી, ચાર રસ્તા, આઈટીઆઈ રોડ, માલનપાડા, ધરમપુર, તા. ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને ચીફ ઓફીસરશ્રી ધરમપુર નગરપાલિકા, તા. ધરમપુર, જી.વલસાડ

**વિષય :- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **શેખ નુરન્નીશા ખુરશીદમીંયા** રહે. ૬/૩/૨, દશેરાપાટી, ચાર રસ્તા, આઈટીઆઈ રોડ, માલનપાડા, ધરમપુર, તા. ધરમપુર, જી.વલસાડના પુત્રી **શેખ શબનમ ખુરશીદ**નો જન્મ તા.૨૭/૦૭/૧૯૭૮નાં રોજ ધરમપુર ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**No.MAM/KNVL/RBD-DNH/197/2026/1138 Dated: 17/08/2026.**

**APPLICANT - SHRI KISNA ARJUN NADGE,**
**R/o. Akharmal, Chisda, DNH.**
**Mob.: 9601464392/7203051501**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Mandoni.**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Kisna Arjun Nadge, R/o. Akharmal, Chisda, DNH has submitted an application dated 20/07/2026 seeking registration of date of death of his father namely Arjun Dhakal Nadge, S/o. Patlu Dhakal Nadge, who died on 03/10/1979 at Village Chisda, Akharmal, DNH, as the above said death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Mandoni.

Therefore, the applicant has requested to issue an order to register the death of Arjun Dhakal Nadge, S/o. Patlu Dhakal Nadge.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

---

**No.MAM/KNVL/RBD-DNH/184/2026/1029 Dated: 29/06/2026.**

**APPLICANT - SHRI ANTUN JANYA GORAKHANA,**
**R/o. Vadupada, Parzai, DNH.**
**Mob.: 7990596501/7203041501**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Amboli.**

**NOTICE**

The public to take note that applicant Shri Antun Janya Gorakhana, R/o. Vadupada, Parzai, DNH has applied for registration of the birth of his son namely Shriyan Antun Gorakhana, S/o. Leela Antun Gorakhana, who was born on 16/03/2019 at Primary Health Centre, Amboli, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Amboli.

Therefore, the applicant has requested to issue an order to register birth of his son namely Shriyan Antun Gorakhana, S/o. Leela Antun Gorakhana.

Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector**
**Dadra and Nagar Haveli, Khanvel.**

---

**No.MAM/KNVL/RBD-DNH/152/2026/1153 Dated: 20/08/2026.**

**APPLICANT - LAXMAN LASHIYA GAVIT, R/o.**
**Ambonipada, Khanvel, DNH**
**Mob. 9824283323/7203041501**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Khanvel**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Laxman Lashiya Gavit, r/o. Ambonipada, Khanvel, DNH has submitted an application dated 12/02/2026 seeking registration of dated of death of his father namely Lashiya Kavajya Gavit, S/o. Patuben Kavajya Gavit who died on 12/08/1997 at Ambonipada, Khanvel, DNH as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Khanvel.

Therefore, the applicant has requested to issue an order to register the death of Lashiya Kavajya Gavit.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઇપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
કોઇપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બાન્ડેડ કંપનીઓમાં મેળવો
ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પલેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

# આજે ગુજરાત વિધાનસભા ખાતે વિશેષ પંચાયત સંસ્કરણ કાર્યશાળા યોજાશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૩૧ :** ગુજરાત વિધાનસભા ખાતે ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો દ્વારા વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ૧લી, સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ એક વિશેષ પંચાયત સંસ્કરણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સંસદીય પ્રણાલીઓથી સુસજ્જ કરવાના ઉદ્દેશથી યોજાનાર આ રાજ્યવ્યાપી કાર્યશાળાનો શુભારંભ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળીયા, પંચાયત પરિષદના પ્રમુખના વરદ હસ્તે કરવામાં આવશે. જ્યારે તેનું સમાપન નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, પંચાયત મંત્રી ઋષિકેશ પટેલ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી સંજયસિંહ મહિડા (રા.ક.), ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી તથા સરકારના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લના હસ્તે સંપન્ન થશે.

આ તાલીમ કાર્યશાળામાં સમગ્ર ગુજરાતની તમામ જિલ્લા પંચાયતો તેમજ જિલ્લા મુખ્યમથકની તાલુકા પંચાયતોના પ્રમુખો, ઉપ-પ્રમુખઓ અને કારોબારી સમિતિના ચેરમેનો ઉપસ્થિત રહેશે. ધારાસભ્યો તથા મંત્રીઓ પણ આ કાર્યક્રમમાં જોડાશે. આ વિશેષ આયોજન અંતર્ગત ૧૮૮ પદાધિકારીઓ પ્રત્યક્ષ સહભાગી થશે. વિશેષરૂપે, ગ્રામીણ નેતૃત્વમાં નારી શક્તિના સશક્તિકરણને ઉજાગર કરતા ૭૦ મહિલા પદાધિકારીઓ પણ આ કાર્યશાળામાં સક્રિય ભાગીદારી નોંધાવશે.

સંસદીય લોકશાહીને વધુ અસરકારક, સક્ષમ અને જવાબદાર બનાવવા તેમજ જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, સામાજિક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓમાં સંસદીય કાર્યપ્રણાલી પ્રત્યે જાગૃતિ કેળવવાના ઉદ્દેશથી ગુજરાત વિધાનસભામાં વર્ષ ૧૯૮૨માં લોકસભાના પ્રથમ અધ્યક્ષ દાદાસાહેબ માવળંકરના નામે સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોની સ્થાપના કરવામાં આવી હતી. આ બ્યુરો દ્વારા અત્યાર સુધીમાં ધારાસભ્યો, સ્થાનિક પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ તેમજ વિદેશી વિધાનમંડળોના પ્રતિનિધિઓ માટે પરિસંવાદો, વકતૃત્વ સ્પર્ધાઓ અને મોક પાર્લામેન્ટ જેવા ૧૬૨થી વધુ પ્રશિક્ષણ કાર્યક્રમોનું સફળ આયોજન કરાયું છે.

---

**No.MAM/KNVL/RBD-DNH/196/2026/1139 Dated: 17/07/2026.**

**APPLICANT - SHRI JAYRAM MADHU BHOYA,**
**R/o.Karajgam, Amboli, DNH**
**Mob.: 9601464392/7203041501**
**V/S**
**OPPONENTS Registrar of Birth & Death, Kherdi.**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Jayram Madhu Bhoya, R/o. Karajgam, Amboli has submitted an application dated 01/07/2026 seeking registration of date of death of his father namely Madhu Lakshu Bhoya, S/o. Rupay Lakshu Bhoya, who died on 24/12/2018 at Village Parsipada, Karajgam, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Kherdi.

Therefore, the applicant has requested to issue an order to register the death of Madhu Lakshu Bhoya, S/o. Rupay Lakshu Bhoya.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

---

**No.MAM/KNVL/RBD-DNH/151/2026/1154 Dated: 20/08/2026.**

**APPLICANT - LAXMAN LASHIYA GAVIT,**
**R/o. Ambonipada, Khanvel, DNH**
**Mob. 9824283323/7203041501**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Khanvel**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Laxman Lashiya Gavit, r/o. Ambonipada, Khanvel, DNH has submitted an application dated 12/02/2026 seeking registration of dated of death of his grandfather namely Kavajya Jane Gavit, S/o. Kakdu Jane Gavit who died on 27/11/2005 at Ambonipada, Khanvel, DNH as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Khanvel.

Therefore, the applicant has requested to issue an order to register the death of Kavajya Jane Gavit.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyarams
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

## પાટણના ચાણસ્મામાં દારુ પીવાથી બેનાં મોત

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૩૧ :** રાજ્યમાં ભાવનગરના લઠ્ઠાકાંડની તપાસ હજુ ધમધમી રહી છે અને આરોપીઓની ધરપકડનો સિલસિલો ચાલુ છે ત્યાં જ દારૂ પીવાથી મોતની વધુ એક ઘટનાથી ચકચાર મચી ગઈ છે. પાટણના ચાણસ્મામાં બે શખસોના દારુ પીવાથી મોત થતાં પરિવારજનો શોકાતુર થઈ ગયા છે. ચાણસ્મા તાલુકાના ભાટસર ગામના ૪૦ વર્ષીય યુવક અને ૩૫ વર્ષીય યુવકનું મોત દારૂ પીવાના કારણે નિપજ્યું હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.

બનાવની પ્રાથમિક વિગતો મુજબ ચાણસ્મા તાલુકાના ભાટસર ગામમાં ૪૦ વર્ષીય રમેશભાઈ રાવળનું દારૂ પીવાથી મોત નિપજ્યું હતું. આ બનાવની ગંભીરતા વચ્ચે ઈટોદા ગામના ૩૫ વર્ષીય લાભુજી ઠાકોરનું પણ દારૂ પીવાથી મોત થતાં હાહાકાર મચી ગયો છે. મૃતક યુવકના પરિવારજનોના જણાવ્યા મુજબ, તેણે પહેલીવાર જ દારૂ પીધો હતો અને કેનાલ પર ખુલ્લેઆમ વેચાતા દારૂના કારણે તેનો જીવ ગયો છે. નાની વયે જ પરિવારના મોભી અને ૨ નાના બાળકોના પિતાનું અવસાન થતાં બંને પરિવારો વેરવિખેર થઈ ગયા છે.

**CHANGE OF NAME**

I HAVE DECLARE MY OLD NAME :- NOORMOHMAD GULAM KHALIFA TO MY NEW NAME :- NURMAMOD GULAM CALIFA ADDRESS :- 3/26, KHARAWAD, NANI DAMAN, DAMAN AND DIU, 396210

---

## માનનીય કોર્ટ મેહરબાન જિલ્લા ન્યાયાલય, દાદરા નગર હવેલી મુકામ સિલ્વાસા

**ગાર્ડિયન અને વોર્ડ્સ અંગેની અરજી નંબર ૦૪/૨૦૨૬**

**અરજદાર નં. - ૧ :** શ્રીમતી કાવ્યા નાયડુ Wd/o સ્વ. કન્નન નાયડુ
ઉંમર આશરે ૪૯ વર્ષ ધંધો-વેપાર

**અરજદાર નં. - ૨ :** સગીર વિકાસ કન્નન નાયડુ, ઉંમર આશરે ૧૬ વર્ષની વિદ્યાર્થી મારફત તેમની માતા અને કુદરતી, વાલી શ્રીમતી કાવ્યા નાયડુ Wd/o સ્વ. કન્નન નાયડુ, બંને રહે ફલેટ નં.૦૬, પ્રમુખ દર્શન-૧, માઈક્રો ટાવરની સામે, નરોલી રોડ, સિલવાસા - ૩૯૬૨૩૦ (દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ કેન્દ્ર શાસિત પ્રદેશ)

**વિરુધ્ધ**

**સામેવાળા : સામાન્ય જનતા માઅને**

**જાહેર સૂચના**

આથી તમામ સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે અરજદાર નં.૧ સ્વર્ગસ્થ કન્નન બલરામ નાયડુ (જેમનું અવસાન ૧૧/૦૯/૨૦૨૫ના રોજ સિલવાસા ગામ ખાતે થયું હતું)ના પત્ની છે અને અરજદાર નં.૨ તેમના સગીર પુત્ર છે, ઉક્ત મૃતક વ્યક્તિ નીચેની અનુસૂચિ મુજબની કુલ ૧૪ મિલકત ધરાવતા હતા તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમાંક | મિલકતનું વર્ણન |
|---|---|
| ૦૧ | ફલેટ નંબર ૬, પ્રમુખ દર્શન, (જે B તરીકે ઓળખાય છે)ના પ્રમથ માળે આવેલ ૧૦૫ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતો, સિલવાસા (D&NH) ગામના સર્વે નંબર ૩૩૯/૧/૧ વાળી જમીન પર આવેલ. |
| ૦૨ | ફલેટ નં.૬૦૧ (જેનું ક્ષેત્રફળ ૧૯૬.૩૭ ચોરસ મીટર / ૨૧૧૩.૦૦ ચોરસ ફુટ છે) બિલ્ડિંગ નં. L ના છઠ્ઠા માળે આવેલ 'પ્રમુખ ગાર્ડન્સ' (Pramukh Gardens), દાદરા અને નગર હવેલીના સિલવાસા ગામના સર્વે નંબર ૮૮૨/૧/૧ વાળી જમીન પર આવેલી તરીકે ઓળખાતી. |
| ૦૩ | ફલેટ નંબર ૨૪ (ક્ષેત્રફળ ૬૨.૨૬ ચો.મી.), 'બી-૩ યોગી દર્શન' ઈમારતના બીજા માળે આવેલ સર્વે નંબર ૧૦૦/૧ (કુલ ક્ષેત્રફળ ૮૩૦૦ ચો.મી.) દાદરા અને નગર હવેલીના સિલવાસા ગામના |
| ૦૪ | પ્લોટ નંબર ૨૨ (જેનું ક્ષેત્રફળ ૧૭૪૦ ચોરસ મીટર છે) અહી ઔદ્યોગિક હેતુ માટે ગ્રાઉન્ડ ફલોર પર ૭૮૮.૭૬ ચોરસ મીટર અને પ્રથમ માળ પર ૧૫૦.૭૦ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતા ફેક્ટરી શેડના બાંધકામો સાયલી ગામમાં દાદરા અને નગર હવેલીના આવેલ સર્વે નંબર ૨૬૩/૩/૨(જૂના સર્વે નંબર ૨૬૩/૩/૨૨ની જમીન) પૈકીનો |
| ૦૫ | પ્લોટ નંબર ૨૩ (જેનું ક્ષેત્રફળ ૧૭૪૦ ચોરસ મીટર છે) ઔદ્યોગિક હેતુ માટે અહી ૭૮૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતું ગ્રાઉન્ડ ફલોરનું ફેક્ટરી શેડનું બાંધકામ આવેલું છે. દાદરા અને નગર હવેલી (UT)ના ગામમાં આવેલ સર્વે નંબર ૨૬૩/૩/૨ (જુના સર્વે નંબર ૨૬૩/૩/૨૩) પૈકીનો |
| ૦૬ | પ્લોટ નંબર ૨૪ (જેનું ક્ષેત્રફળ ૧૭૪૦ ચોરસ મીટર છે) ઔદ્યોગિક હેતુ માટે અહી આવેલ ફેક્ટરી શેડનું મકાન, જેમાં ગ્રાઉન્ડ ફલોરનું ક્ષેત્રફળ ૭૮૮.૭૬ ચોરસ મીટર અને પ્રથમ માળનું ક્ષેત્રફળ ૧૫૦.૭૦ ચોરસ મીટર છે. દાદરા અને નગર હવેલી (UT)ના ગામ સાયલી ખાતે આવેલ સર્વે નંબર ૨૬૩/૩/૨ (જૂના સર્વે નંબર ૨૬૩/૩/૨૪ની જમીન) પૈકીનો |
| ૦૭ | પ્લોટ નંબર ૫૧, તથા તેના પર બાંધવામાં અઆવેલ ૧૫૨.૬૫ ચોરસ મીટરનો ફેક્ટરી શેડ, દાદરા અને નગર હવેલીના આમલી ગામના સર્વે નંબર ૧૨૬p (૧૨૬p) હેઠળની જમીન પર આવેલ સિલવાસા ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડનો ૧૨૫૦ ચોરસ મીટરની |
| ૦૮ | પ્લોટ નંબર ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૨ (પ્લોટ નં.૩૭થી ૪૨) તથા સર્વે નં.૧૨૬p હેઠળ આવેલી છે અને આમલી, દાદરા અને નગર હવેલી (D&NH) ખાતે આમલી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ તરીકે ઓળખાતી ઈમારતના ગ્રાઉન્ડ ફલોર પર આવેલા ગાલા નં.૨,૩ અને ૪ (જેમાના દરેક ગાળાનું ક્ષેત્રફળ ૧૪૪૮૯ ચોરસ ફૂટ છે અને કુલ ક્ષેત્રફળ ૪૪૬૭ ચોરસ ફૂટ છે), જે જમીન 'સિલવાસા ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડના |
| ૦૯ | પ્લોટ નંબર ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૨ વાળી જમીન પર સ્થિત 'આમલી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ નામના બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફલોર પર આવેલ ગાળા નં.૫, આમલી, દાદરા અને નગર હવેલી (D&NH) ખાતે આવેલ, સિલવાસા ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડના પ્લોટ નં.૩૭થી ૪૨ અને સર્વે નં.૧૨૬p પૈકીના |
| ૧૦ | ગ્રાઉન્ડ ફલોર પર આવેલ ગાલા નં.૬, આમલી, દાદરા અને નગર હવેલી (D&NH) ખાતે આવેલ જે સિલવાસા ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડના પ્લોટ નં.૩૭થી ૪૨ (સર્વે નં.૧૨૬p) પૈકીના પ્લોટ નં.૩૭,૩૮, ૩૯, ૪૦ અને ૪૨ની જમીન પર સ્થિત છે. આમલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ તરીકે ઓળખાતી ઈમારતના |
| ૧૧ | ગાલા નં.૭, પ્લોટ નં.૩૭ થી ૪૨ (જેમાં પ્લોટ નં.૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૨નો સમાવેશ થાય છે) અને સર્વે નં.૧૨૬p વાળી જમીન પર સ્થિત 'આમલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ' નામના બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફલોર પર આવેલ દાદરા અને નગર હવેલી (D&NH) ખાતે આવેલ. 'સિલવાસા ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ'ના |
| ૧૨ | આમલી, દાદરા અને નગર હવેલી (D&NH) ખાતે આવેલ 'સિલવાસા ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ'ના પ્લોટ નં.૩૭થી ૪૨ (સર્વે નં.૧૨૬p) પૈકીના પ્લોટ નં.૩૭,૩૮,૩૯,૪૦ અને ૪૨ પર સ્થિત 'આમલી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ' નામના બિલ્ડિંગના પ્રથમ માળે આવેલ, ૧૩૭૨ ચોરસ ફૂટ બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતો ગાલા નં.૧૦૪ |
| ૧૩ | આમલી, દાદરા અને નગર હવેલી (D&NH) ખાતે આવેલ 'આમલી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ' નામના બિલ્ડિંગના પ્રથમ માળ પર આવેલ, ૧૩૭૨ ચોરસ ફૂટ બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતો ગાળા નંબર ૧૦૫, જે 'સિલવાસા ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ'ના પ્લોટ નંબર ૩૭ થી ૪૨ (જેમાં પ્લોટ નંબર ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૨નો સમાવેશ થાય છે) અને સર્વે નંબર ૧૨૬p વાળી જમીન પર સ્થિત છે. |
| ૧૪ | આમલી, દાદરા અને નગર હવેલી (D&NH) ખાતે આવેલ 'આમલી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ' નામના બિલ્ડિંગના પ્રથમ માળ પર આવેલ, ૧૩૭૨ ચોરસ ફૂટ બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતો ગાળા નંબર ૧૦૭, જે 'સિલવાસા ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ'ના પ્લોટ નંબર ૩૭ થી ૪૨ (વિશેષ કરીને પ્લોટ નંબર ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૨) અને સર્વે નંબર ૧૨૬p વાળી જમીન પર સ્થિત છે. |

વધુમાં રજૂઆત કરવામાં આવે છે કે અરજદાર નં.૧ના પતિના અવસાન બાદ વારસાઈ નોંધ કરવામાં આવી હતી અને તે મુજબ હાલના અરજદાર નં.૧ (તેમની પુત્રીઓ સાથે) તથા અરજદાર નં.૨ સગીર વિકાસ કન્નન નાયડુને ઉપર જણાવેલ તમામ મિલકતોમાં માલિક તરીકે દાખલ કરવામાં આવ્યા હતાં. ઉક્ત મિલકતનું બજાર મૂલ્ય રૂા.૨,૫૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે કરોડ એકાવન લાખ પૂરા) છે. ઉપરોક્ત મિલકત અગાઉથી જ સ્વર્ગસ્થ કન્નન બલરામ નાયડુ દ્વારા બેંક ઓફ બરોડા સિલવાસા બ્રાન્ચમાં આવેલ ગીરો મુકવામાં આવેલી છે.

વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે, અરજદાર નં.૧ ઉપર જણાવેલ બંને ફલેટ અને ઔદ્યોગિક ગાળા (Industrial Galas) ગીરો (mortgage) મૂકવા માંગે છે. પરંતુ અરજદાર નં.૨ સગીર વયના છે. અરજદાર નં.૧ને એ બાબતની જાણ છે કે, સંભવિત ગીરો-ગ્રાહક (mortgage) ને મિલકતનો નિર્દોષ અને વેચાણ યોગ્ય હક-હિત (marketable title) પૂરો પાડવા માટે, 'હિન્દુ માઈનોરિટી એન્ડ ગાર્ડિયનશિપ એક્ટ, ૧૯૫૬'ની કલમ ૮ અને 'ધ ગાર્ડિયન્સ એન્ડ વોર્ડ્સ એક્ટ'ની કલમ ૨૯ હેઠળના આદેશની જરૂરિયાત છે. અરજદાર નં.૧ એ વિકાસ કન્નન નાયડુના કુદરતીવાળી (natural guardian) છે તે અંગે મોર્ગેજ ચાલુ રાખવા માટે નામદાર કોર્ટમાં અરજ કરેલ છે. તે હેતુ માટે નામદાર કોર્ટના નિર્દેશ મુજબ સામાન્ય જનતાને જાહેર કરવામાં આવેલ છે તે નોંધ લેવી.

જે અંગે જો વાલીપણાની આ નિમણુંક સામે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને કાયદેસરનો વાંધો કે વિરોધ હોય, તો આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસ આગામી તારીખ /૦૯/૨૦૨૬માં નીચેના સરનામે લેખિત પુરાવા સાથે વાંધો રજુ કરવાનો રહેશે. જો મુદત અંદર કોઈ વાંધો નહીં આવે, તો સદરહુ અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

**તારીખ : ૨૮/૦૮/૨૦૨૬**
**સ્થળ : સિલવાસા**

**Sd/-**
**Registrar**
**District & Sessions Court**
**Dadra & Nagar Haveli**
**Silvassa**

---

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૮૪/૨૦૨૬**

**અરજદાર : શ્રી રજનીકાંતભાઈ વાસુભાઈ કોળી**
**ઉ.આ.વ.૬૦, ધંધો - ખેતી, રહે.** મરોલી સ્કૂલ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.સી. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રજનીકાંતભાઈ વાસુભાઈ કોળી,** રહે. મરોલી સ્કુલ ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **સ્વ. વેણીબેન દયારામભાઈ કોળીનું** મરણ તા.૧૩-૦૯-૨૦૦૨ના રોજ મોજે - મરોલી સ્કૂલ ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૮૪/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૩૩/૨૦૨૬**

**અરજદાર : રાધાબેન ઉત્તમભાઈ મીતના**
**ઉ.આ.વ.૭૫, ધંધો - ઘરકામ, રહે.** મુ.પો. ફણસા, મિતનાવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. જે.એમ. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ફણસા**
**ગ્રામ પંચાયત કચેરી, ફણસા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રાધાબેન ઉત્તમભાઈ મીતના** રહે. મુ.પો. ફણસા, મિતનાવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર નામે **ભરતકુમાર ઉત્તમભાઈ મીતનાનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૭૫ના રોજ મોજે - ફણસા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૩૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

INDUSTRIAL SPACE
AVAILABLE FOR RENT
READY TO MOVE
SARIGAM ANANTA INDUSTRIAL PARK
Premium 6000 sq. ft. industrial property available for lease.
6000 SQ. FT. CARPET AREA
95 HP POWER AVAILABLE
SEPARATE WASHROOM
EASY ACCESS FOR TRANSPORT & LOGISTICS
25 ft CLEAR HEIGHT
SUITABLE FOR FACTORY SETUP, WAREHOUSE, MANUFACTURING & INDUSTRIAL USE
CONTACT: 9824728200 (CALL/WHATSAPP)

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
www.damangangatimes.com

Tuesday 01, September 2026

# દમણગંગા ટાઈમ્સ

## વાપીમાં ગણેશ પ્રતિમાઓનું વાજતે ગાજતે આગમન શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** ગણેશોત્સવ શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વાપી પંથકમાં વિવિધ મંડળો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. મંડપો ઊભા કરવાં સાથે કેટલાક મંડળો દ્વારા શ્રી ગણેશજીની કલાત્મક પ્રતિમાઓ વાજતે ગાજતે લાવવામાં આવી રહી છે. રવિવારે રાત્રે વાપી બઝાર રોડ સ્થિત એકતા મિત્રમંડળ દ્વારા નાસિક ઢોલના તાલ સાથે વાજતે ગાજતે શ્રીજીની પ્રતિમા લાવવામાં આવી હતી. આ મંડળની સ્થાપના ૧૯૯૧ માં કરવામાં આવી હતી.




## વાપીની ફેક્ટરીમાંથી રૂા.૧.૬૦ લાખનો કોપરનો સામાન ચોરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વાપી GIDC ના ફર્સ્ટ ફેઝમાં આવેલી એક ફેક્ટરીમાંથી તસ્કરો રૂ. ૧.૬૦ લાખની કિંમતનો કોપરનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. આ અંગે મળતી માહિતી મુજબ ફરિયાદી વિપુલભાઈ ખુશાલભાઈ ઈંગલે ધંધો-વેપાર, રહે. રોયલ કોલેજ પાછળ, સાધના વિલા, છરવાડા, તા.વાપી) વાપી જીઆઈડીસી ફર્સ્ટ ફેઝ, પ્લોટ નં.૬૧ખાતે આશિષ ઈલેક્ટ્રીકલ્સ નામની ફેક્ટરી ચલાવે છે, જ્યાં ટ્રાન્સફોર્મર રિપેરીંગનું કામ થાય છે. ગત તા. ૨૭ ઓગસ્ટના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે તેઓ રાબેતા મુજબ ફેક્ટરી બંધ કરી ઘરે ગયા હતા. બીજા દિવસે તા. ૨૮ ઓગસ્ટ ના રોજ રક્ષાબંધન હોવાથી ફેક્ટરી બંધ રહી હતી. તા. ૨૯ ઓગસ્ટના રોજ બપોરે ૧:૩૦વાગ્યે ફેક્ટરી પર આવતા ત્યાં કામ કરતા ગણેશ ગાયકવાડે જણાવ્યું કે ફેક્ટરીના ઉપરના પતરા તૂટેલા છે અને સામાન વેરવિખેર પડ્યો છે. તપાસ કરતા ફેક્ટરીના પતરા તૂટેલા હતા અને અંદરથી કોપરના પાટા નંગ-૭, એલ.ટી.કોઈલ નંગ-૦,૧ અને કોપર વાયર મળી કુલ ૧૬૦ કિ.ગ્રા. વજનનો મુદ્દામાલ જેની કિંમત આશરે રૂ. ૧.૬૦ લાખ થાય છે તેની ચોરી થયેલી જણાઈ હતી. આ બનાવ સંદર્ભે ફરિયાદી પત્ની મનિષા સાથે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે તા.૨૭ ઓગસ્ટના રોજ ના ૧૭ઃ૨૦ થી તા.૨૯ ઓગસ્ટના ૧૩ વાગ્યા દરમિયાન અજાણ્યા ચોર ઈસમે પતરા તોડી પ્રવેશ કરી ચોરી કર્યાની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સ્વાધ્યાય પરિવારના યુવાનો દ્વારા

## વલસાડ જિલ્લા અને સંઘપ્રદેશમાં જન્માષ્ટમીની અનોખી ઉજવણી







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૧ :** વૈશ્વિક સ્વાધ્યાય કાર્યના પ્રવર્તક પદ્મવિભૂષણ પાંડુરંગશાસ્ત્રી આઠવલેની પ્રેરણાથી સ્વાધ્યાય પરિવારનો યુવા વર્ગ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ દર વર્ષે અનોખી રીતે ઉજવે છે.

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ માત્ર મટકી ફોડીને ન ઉજવતાં તેમના વિચારો સમાજના પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચે તે માટે દાદાજીએ યુવાનોને પથનાટ્યની સંકલ્પના આપી હતી. આજે દાદાજીના સુપુત્રી અને સ્વાધ્યાય કાર્યની ધુરા સંભાળનારા દીદી ના માર્ગદર્શનથી, પથનાટ્યના માધ્યમથી લાખો યુવાનો દેશવિદેશમાં આ વિચાર લઈને પહોંચી રહ્યાં છે. જન્માષ્ટમીની ઉજવણી માટે ભજવાઈ રહેલાં પથનાટ્યનો આ પ્રયોગ છેલ્લાં ૨૪ વર્ષોથી નિરંતર ચાલી રહ્યો છે.

આ વર્ષે દેશભરના ૧૫ રાજ્યોમાં તેમજ વિદેશ માં સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલા યુવાનોની અંદાજે ૧૭,૦૦૦ ટીમો વિવિધ ભાષાઓમાં આ પથનાટ્ય ૨૯ ઓગસ્ટ થી ૬ સપ્ટેમ્બર ૨૦૨૬ ના દરમ્યાન રજૂ કરી રહ્યા છે. જેમાં વલસાડ જિલ્લો અને સંઘપ્રદેશ દાદરા નગર નહવેલી તેમજ દમણમાં સ્વાધ્યાય પરિવારના ૮૦૦ જેટલી યુવાનોની ટીમ માં ૧૦,૦૦૦ થી વધુ યુવાનો પોતાના સૌ ખર્ચે આ શેરી નાટક ના દરેક કાર્ય કરી રહી છે. અને આ કાર્યથી સમાજના લોકોને જીવનરૂપી હાંડીમાં રહેલું સાચું માખણ શું છે? આજે સત્તા, સંપત્તિ, રોટી અથવા હક્ક, કેવળ આના દ્વારા જ સમાજના ઉત્થાનનો પ્રયાસ થઈ રહ્યો છે, પરંતુ આ બધું અપૂર્ણ છે. ભગવાનના દૈવી માર્ગ પર ચાલીને જ, પ્રેમ અને હૃદયસ્થ ઈશ્વર સાથેના સંબંધથી જ સમાજ સાચા અર્થમાં સમૃદ્ધિ તરફ આગળ વધી શકે છે, એવો કંઈક સંદેશ આ પથનાટ્ય આપે છે.

## પાતલિયા ચેકપોસ્ટ પર પોલીસ પર હુમલો કરનાર 3 ને સજા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૧ :** પાતલિયા ચેકપોસ્ટ પર ફરજ પર રહેલા પોલીસકર્મી અને એક્સાઈઝ ગાર્ડ પર હુમલો કરવા, સરકારી કામમાં અવરોધ ઊભો કરવા અને સરકારી મિલકતને નુકસાન પહોંચાડવા બદલ સેશન્સ કોર્ટે નીચલી કોર્ટની સજાને યથાવત રાખી છે.

આ કેસમાં ત્રણ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જ્યારે એકને અગાઉ નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. ગત ૨૮ ઓક્ટોબરના રોજ રાત્રિ દરમ્યાન પટાલિયા ચેકપોસ્ટ પર પોલીસ કોન્સ્ટેબલ વિજય હળપતિ અને એક્સાઈઝ ગાર્ડ અશોક પટેલ અને જગદીશ મિત્તા ચેકપોસ્ટ પર ફરજ પર હતા. ગુજરાત પોલીસ DD-03-H-2705 નંબરની કારનો પીછો કરતી વખતે દમણ વિસ્તારમાં પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ ગુજરાત પોલીસ પરત ફરી હતી. એવો આરોપ છે કે ભદ્રેશ અરવિંદભાઈ પટેલે અન્ય લોકો સાથે મળીને ફરજ પર રહેલા વિજય ઈશ્વર હળપતિ સાથે અપશબ્દો બોલ્યા હતા અને પોલીસના ડંડાથી હુમલો કર્યો હતો. ઘટના દરમિયાન, આરોપીઓએ એક્સાઈઝ ગાર્ડનો પીછો કર્યો હતો અને ચેકપોસ્ટ કેબિનના કાચ તોડીને સરકારી મિલકતને નુકસાન પહોંચાડ્યું હતું. બદમાશો પર ગાળો બોલવાનો, પોલીસના ડંડાથી હુમલો કરવાનો અને સરકારી કામમાં અવરોધ ઉભો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ કેસમાં, ફરિયાદી વિજય ઈશ્વર હળપતિની ફરિયાદના આધારે ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન, ૨૧ જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ટ્રાયલ દરમિયાન, ડૉક્ટરના પ્રમાણપત્ર સહિત અનેક મહત્વપૂર્ણ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. કેસમાં કુલ ૧૦ સાક્ષીઓ, ડૉક્ટરના પ્રમાણપત્ર સાથે, જુબાની આપી હતી. તત્કાલીન તપાસ અધિકારી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસના આધારે કેસ કોર્ટમાં ગયો. નીચલી કોર્ટે ૪ મે, ૨૦૧૯ ના રોજ પોતાનો ચુકાદો આપ્યો હતો, જેમાં ત્રણ આરોપીઓને વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જ્યારે વિશાલને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. નામદાર કોર્ટે વિશાલને કલમ ૧૮૬ હેઠળ ત્રણ મહિનાની કેદ અને ૩,૦૦૦ દંડ, કલમ ૩૪૧ હેઠળ એક મહિનાની કેદ અને કલમ ૩૩૨ હેઠળ બે વર્ષની કેદની સજા ફટકારી હતી. પીડીપી એક્ટ હેઠળ પણ બે મહિનાની સજા ફટકારવામાં આવી હતી. દોષિતોએ નીચલી કોર્ટના ચુકાદા સામે સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. જોકે, કેસના પુરાવા અને રેકોર્ડને ધ્યાનમાં લીધા પછી, સેશન્સ કોર્ટે નીચલી કોર્ટ દ્વારા લાદવામાં આવેલી સજાને સમર્થન આપતા દોષિત ઠેરવ્યો. સરકારી વકીલ હરિઓમ ઉપાધ્યાયે સરકાર વતી મજબૂત દલીલો કરી હતી.

### સીતાવનમાં ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાના બનાવ સામે

## આહવામાં રેલી સાથે કલેક્ટર અને એસપીને આવેદન અપાયું







**સાપુતારા, તા. ૩૧ :** ડાંગ જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તારમાં આવેલા ગારખડી અને ઝરી ગામ નજીક સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાના પ્રકરણથી સમગ્ર ડાંગ જિલ્લામાં ભારે આક્રોશ, રોષ અને તંગદિલીનો માહોલ સર્જાયો છે.

આ ઘટનાના વિરોધમાં અને ગુનેગારો સામે કડક કાર્યવાહીની માંગ સાથે શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે જિલ્લા મથક આહવા ખાતે એક અભૂતપૂર્વ અને વિશાળ જનમેદની સાથેનો વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

સ્થાનિક આગેવાનો અને વિવિધ હિન્દુ સંગઠનોના આહ્વાન પર આશરે ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા લોકો એકત્ર થયા હતા. જિલ્લાના બિરસા મુંડા સર્કલથી એક વિશાળ અને સંગઠિત રેલી નીકળી હતી, જે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી. કલેક્ટર કચેરી ખાતે પહોંચીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ આવેદનપત્ર દ્વારા જિલ્લા કલેક્ટર અને ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક (SP) ને વિનંતી સાથે કડક માગણી કરવામાં આવી હતી કે, ધાર્મિક આસ્થા પર પ્રહાર કરનાર આ અજાણ્યા ઈસમો કે અસામાજિક તત્વોની સત્વરે ઓળખ કરી તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે તથા જિલ્લાના તમામ મહત્વના અને પૌરાણિક ધાર્મિક સ્થળોની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત અને કડક બનાવવાની રજૂઆત પણ કરવામાં આવી હતી.

આ સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાને રાખી ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવે પરિસ્થિતિ અંગે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે, આ બાબતે જાણવા જોગ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે અને સ્થાનિક વિસ્તારના ૧૦૦ થી પણ વધુ લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા છે. આ પ્રસંગે ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલ,ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત, પી.પી. સ્વામીજી, સાધ્વી યશોદા દીદી, હેતલ દીદી સહીત ડાંગ જિલ્લાનાં પાંચ રાજવીઓ અને હિન્દૂ સંગઠનનાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## કેળવણીના ગઢધા ડુંગર પર યુવાને જીવન ટૂંકાવતા ચકચાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૧ :** ધરમપુર તાલુકાના કેળવણી ગામ નજીક આવેલા ગઢધા ડુંગર પર ૪૩ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

મળતી માહિતી મુજબ કેળવણી ગામના બીજુર ફળિયામાં રહેતા ઈશ્વર ભાયલુ બારિયા (ઉં. ૪૩) ડુંગર વિસ્તારમાં ગયા બાદ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં ધરમપુર પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો. આ અંગે મૃતકની પત્ની બિબલાબેન ઈશ્વર બારિયા દ્વારા ધરમપુર પોલીસ મથકે જાણવાજોગ નોંધ કરાવવામાં આવી હતી. ઘટનાને પગલે ધરમપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ચલા વિસ્તારમાં આવતીકાલથી બે ટાઈમ પાણી સપ્લાયનું ટ્રાયલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૩૧ : વાપીના ચલા વિસ્તારના રહીશો માટે રાહતના સમાચાર છે. વાપી મહાનગરપાલિકા દ્વારા આવતીકાલે મંગળવારથી ચલા વિસ્તારમાં બે ટાઈમ - સવારે અને બપોર પછી પાણી સપ્લાયનું ટ્રાયલ શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તાજેતરમાં ડુંગરા સ્થિત નવો ફિલ્ટરેશન પ્લાન્ટ પ્રાયોગિક ધોરણે શરૂ કર્યા બાદ વાપી ટાંકી ફળિયા અને ડુંગરા વિસ્તારમાં અપાતો પાણીનો જથ્થો બંધ કરી તે પાણી ચલા વિસ્તારમાં ૫ ઝોનમાં એક ટાઈમ દોઢ કલાક આપવામાં આવતું હતું. જોકે સ્થાનિક લોકો દ્વારા સવાર-સાંજ બે ટાઈમ પાણી આપવાની માંગ ઉઠી હતી. લોકોની આ માંગને ધ્યાને લઈ વાપી મનપાના પાણી સમિતિના ચેરમેન કૌશિક પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષ પટેલ, મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈએ પાણી ખાતાના ઈજનેર સંજય ઝા સહિત અન્ય ઈજનેરો સાથે બેઠક યોજી હતી. બેઠકમાં ચર્ચા-વિચારણા બાદ મંગળવારથી ચલા વિસ્તારમાં ૨ ટાઈમ પાણી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### સંસ્કૃત સપ્તાહ મહોત્સવમાં ઉત્કૃષ્ટ આયોજન બદલ

## વલસાડ જિલ્લાનું સતત બીજી વાર રાજ્યકક્ષાએ સન્માન

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગને ગૌરવપૂર્ણ સન્માનપત્ર એનાયત કરાયું**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યે રસ તથા ગૌરવની ભાવના કેળવવાના હેતુથી તા. ૨૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત વલસાડ જિલ્લામાં સંસ્કૃત ગૌરવ યાત્રા, સંસ્કૃત સંભાષણ દિવસ, સંસ્કૃત સાહિત્ય દિવસ અને સંસ્કૃત પ્રદર્શન સહિત વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લામાં થયેલા ઉત્કૃષ્ટ આયોજન અને વિવિધ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ કામગીરીને રાજ્યકક્ષાએ બિરદાવવામાં આવી હતી.

વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગને સંસ્કૃત સપ્તાહ મહોત્સવના ઉત્કૃષ્ટ આયોજન બદલ આ વર્ષે સતત બીજી વાર રાજ્યકક્ષાએ સન્માનિત કરવામાં આવ્યો છે. ગત વર્ષે પણ સંસ્કૃત સપ્તાહ મહોત્સવ દરમિયાન વલસાડ જિલ્લામાં કરવામાં આવેલા શ્રેષ્ઠ આયોજન બદલ જિલ્લા શિક્ષણ વિભાગને રાજ્યકક્ષાએ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ વર્ષે પણ આ ગૌરવ જાળવી રાખીને સતત બીજી વાર સન્માન પ્રાપ્ત કરવું વલસાડ જિલ્લાના શિક્ષણ પરિવાર માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ છે.

તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ગાંધીનગર સેક્ટર-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાયેલા રાજ્યસ્તરીય સંસ્કૃત સપ્તાહ મહોત્સવ સમાપન સમારોહમાં વલસાડ જિલ્લાના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી ત્રિકમભાઈ બીજલભાઈ છાંગાના હસ્તે વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગને આ ગૌરવપૂર્ણ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગ તરફથી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલ, જિલ્લા શિક્ષણાધિકારી, તથા ડી.બી. વસાવા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, વલસાડ દ્વારા સન્માનપત્ર સ્વીકારવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરના અધ્યક્ષ હિમાંજય પાલીવાલ, કમિશનર શાળાઓની કચેરીના કમિશનર આનંદભાઈ પટેલ સહિતના મહાનુભાવો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વલસાડ જિલ્લામાં સંસ્કૃત સપ્તાહ દરમિયાન આયોજિત વિવિધ પ્રવૃત્તિઓમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, આચાર્યઓ તથા શિક્ષણ વિભાગના અધિકારી-કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી બની સંસ્કૃત ભાષા પ્રત્યે રસ, જિજ્ઞાસા અને ગૌરવની ભાવના વધુ પ્રબળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## પારડીમાં પોલીસ સાથે ઝપાઝપી પ્રકરણમાં ૬ જેલ ભેગા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૧ :** પારડી તાલુકાના કલસર ગામમાં આવેલી મૂન વિલા હોટલમાં રૂમ ભાડે રાખવા બાબતે થયેલા વિવાદ બાદ પારડી પોલીસ સ્ટેશનમાં બબાલ થઈ હતી. નશામાં ધૂત શખ્સોએ પોલીસ સાથે ઝપાઝપી કરતા એક કોન્સ્ટેબલનો હાથ ભાંગી ગયો હતો. પારડી પોલીસે આ મામલે મહારાષ્ટ્રના ૬ લોકો સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી મળતી વિગત મુજબ પાલઘર મહારાષ્ટ્રના ઈરફાન ઈશાક પઠાણ, અન્ય ત્રણ ઈસમો અને બે મહિલાઓ પારડી તાલુકાના કલસર બે માઈલ પાસે આવેલી મૂન વિલા હોટલમાં રૂમ ભાડે લેવા ગયા હતા. આઈડી કાર્ડ અને મહિલા-પુરુષોના જૂથને રૂમ આપવા બાબતે હોટલ સ્ટાફ સાથે વિવાદ થતાં મામલો પારડી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. પોલીસ સ્ટેશનમાં પૂછપરછ દરમિયાન એક યુવક નશામાં હોવાનું જણાતાં પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. જેથી ઉશ્કેરાયેલા ટોળાએ કોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ માધુભા સાથે બોલાચાલી અને ઝપાઝપી કરી હતી. ધક્કામુક્કી દરમિયાન કોન્સ્ટેબલનો જમણો હાથ લોકઅપ ના સળિયા સાથે અથડાતાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમને તાત્કાલિક કુરેશી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં એક્સ-રેમાં ફ્રેક્ચર હોવાનું નિદાન થયું હતું. પોલીસે તમામ આરોપીઓ સામે ગેરકાયસરદે મંડળી રચવી, સરકારી ફરજમાં રૂકાવટ ઊભી કરવી અને પોલીસ કર્મચારી પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવા બદલ ભારતીય ન્યાય સંહિતા BNS હેઠળ ઈરફાન ઈશાક પઠાણ, વૈભવ પ્રદીપ ભોસલે, હિરન્મય સુભાષિશ સોનગુપ્તા, દિલપ્રિતસિંઘ જગદેવસિંઘ વિર્ક, પ્રેરણા સુરજ અધિકારી, રીચા સુનિતા ખાટુ સામે ગુનો નોંધ્યો હતો. તેઓની ધરપકડ કરી નવસારી સબજેલમાં મોકલી આપ્યા હતા.

**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
www.damangangatimes.com

## ધરમપુરમાં બાઈક ચોરીનો આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૧ :** કપરાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બાઈક ચોરીના બે ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને કપરાડા પોલીસે ઝડપી પાડ્યો છે.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા (IPS) તથા ધરમપુર વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક ડૉ. સંદીપ ટી. (IPS)ની સૂચના અને કપરાડા પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન. વાંઝાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ સુથારપાડા ઓપી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે જ્ઞાનેશ્વર ઉર્ફે તાત્યા સુરેશ હરી શાર્દુલ (ઉં.વ. ૩૧), રહે. નનાસી, તા. ડિંડોરી, જી. નાશિક, મહારાષ્ટ્રને ઝડપી પાડવામાં આવ્યો હતો.

આરોપી સામે કપરાડા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૪માં બાઈક ચોરી સંબંધિત બે ગુના નોંધાયેલા હતા અને બંને ગુનામાં તે છેલ્લા બે વર્ષથી વોન્ટેડ હતો.

આ સમગ્ર કામગીરી કપરાડા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. આરોપીને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ખેરગામની મહિલા પાસેથી રૂા. ૧૧,૫૫૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેતાં ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૩૧ :** ખેરગામ તાલુકાના ચીમનપાડા ગામે એક મહિલાને સીઆરસી કૉ. ઓર્ડીનેટર બોલું છું અને તમારી ચાર માસની સગર્ભા છે કહીને રૂપિયા ૧૧,૫૫૦ ઓનલાઈન મળવાના છે તેવી લોભામણી લાલચ આપી ખોટી ઓળખ આપી ઓનલાઈન રૂ. ૧૧,૫૫૦ ટ્રાન્સફર કરાવી લઈ જે પૈસા ફરીથી ન આપતા ખેરગામ પોલીસ મથકે એક અજાણ્યા મોબાઈલ ધારક અને વાપરનાર સામે સાઈબર એક્ટ મુજબ ફરિયાદ થવા પામી છે. બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ખેરગામ તાલુકાના ચીમનપાડા દાદરી ફળિયા ખાતે રહેતી સવિતાબેન અમુલભાઈ ગાંવીત ઉ.વ. ૩૩ જેને તારીખ ૩. ૮. ૨૬ ના સાંજના સમયે એક અજાણ્યા મોબાઈલ ધારાકે ફોન કરી જણાવેલ કે સી.આર.સી કો. ઓડી નેટર બોલું છું અને તમારી ચાર માસની સગર્ભા છે. તેનું પેમેન્ટ તમોને તમારા ફોન પે માં રૂપિયા ૧૧.૫૫૦ ઓનલાઈન મળવાના છે તેવી લોભામણી લાલચ આપી ખોટી ઓળખ આપી મારા ફોન પે માંથી રૂપિયા ૧૧,૫૫૦ ઓનલાઈન ટ્રાન્સફર કરી મેળવી લઈ જે નાણા પરત નહીં કરી સવિતાબેન સાથે સાઈબર ફ્રોડ થતાં જે બનાવની જાણ ખેરગામ પોલીસને કરાતા પોલીસે એક અજાણ્યા મોબાઈલ ધારક અને ફોન પે વાપરનાર સામે ખેરગામ પોલીસ મથકે સાયબર એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ ખેરગામ પોલીસ મથકના મહિલા પીઆઈ પી.ડી. ચૌધરી કરી રહ્યા છે.

## બીલીમોરામાં ગણપતિ આગમન બાદ ત્રણ પર ચપ્પુથી હુમલો : એક ગંભીર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૩૧ :** ગણપતિના આગમનનો કાર્યક્રમ જોવા આવેલા ત્રણ મિત્રો પર અગાઉના ઝઘડાની અદાવતમાં હુમલો કરાતા એકને ગંભીર ઈજા પહોંચી હતી. આ અંગે બીલીમોરા પોલીસે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ગણદેવી તાલુકાના કછોલી બ્રાહ્મણ ફળિયામાં રહેતા વિનય દિનેશભાઈ હળપતિ (૨૭) તા.૨૯ ઓગસ્ટની મોડી રાત્રે મિત્રો અરુણ હળપતિ અને આર્યન હળપતિ સાથે બીલીમોરામાં મન્નત કા રાજાના આગમનનો કાર્યક્રમ જોવા આવ્યા હતા. તેઓ ગણદેવી રોડ પર દત્ત પેટ્રોલ પંપ પાસે વાહન મૂકી કોલેજ તરફ ગયા હતા.તા.૩૦ ઓગસ્ટના રાત્રે આશરે દોઢ વાગ્યે કાર્યક્રમ જોઈ પરત ફરતા હતા ત્યારે અગાઉના ઝઘડાની અદાવતમાં વિશાલ ઉર્ફે ચપ્પુ (રહે. રહેજ, ગણદેવી), જય અને હર્ષ (બંને રહે. ગણદેવી) સહિત ત્રણ શખ્સોએ તેમને અટકાવી હુમલો કર્યો હતો. વિશાલે વિનયને ગાળો આપી માર માર્યો હતો, જ્યારે જયએ ચપ્પુ વડે પીઠના ભાગે ઈજા કરી હતી. અન્ય આરોપીએ લોખંડના પંચથી માર માર્યો હતો. મિત્રો છોડાવવા વચ્ચે પડતા તેમને પણ માથા તથા પેટના ભાગે માર મારવામાં આવ્યો હતો. લોકો એકત્ર થતાં આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયા હતા. ગંભીર ઈજાગ્રસ્ત વિનયને અન્ય વાહનચાલકની મદદથી મેંગુસી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે વિનય હળપતિની ફરિયાદના આધારે બીલીમોરા પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ એએસઆઈ જિગ્નેશભાઈ કાંતિલાલ કરી રહ્યા છે.

## બગવાડા પાસે પીકઅપમાં દારૂ સાથે ચાલક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૩૧ : પારડી તાલુકાના બગવાડા ગામમાં આવેલ ટોલનાકા પાસે નેશનલ હાઈવે નંબર ૪૮ પર એલસીબી પોલીસે નકલી નંબર પ્લેટ લગાવીને દારૂની હેરાફેરી કરી રહેલા એક પીકઅપ ચાલકની ધરપકડ કરી છે. બાતમીના આધારે પોલીસે પારડીના બગવાડા ખાતે શુભમ રેસીડેન્સી સામે નાકાબંધી ગોઠવી દરમિયાન શંકાસ્પદ બોલેરો પીકઅપને અટકાવીને તપાસ કરતા અને ૫૪ બોક્સમાંથી ૨૦૧૬ નંગ દારૂની બોટલ જેની કી.રૂ. ૩.૨૯ લાખનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે બોલેરો પીકઅપ, મોબાઈલ, દારૂ સહીત કુલ રૂ. ૮.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ચાલક અંકિત રણજીતભાઈ મણીલાલ પટેલ રહે. પારનેરા, વલસાડની અટક કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે વાહન પર GJ-05-BX-1329 નંબરની પ્લેટ લગાવેલી હતી.

તથા વાપી GIDC ખાતેથી અજય નામના ઈસમે તેને દારૂ ભરેલો ટેમ્પો આપ્યો હતો અને પલસાણા પહોંચાડવા માટે એક ટ્રિપના રૂ. ૫,૦૦૦ આપવાનું નક્કી કર્યું હતું.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**